અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
આઈફોન 18ના લોન્ચ ઈવેન્ટમાં તૃપ્તિ ડિમરી પહોંચી....



પેજ-09
ડિફેન્ડિંગ ચેમ્પિયન અલ્કારાઝ US ઓપનમાંથી બહાર....

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુતમ |
| --- | --- | --- |
| અમદાવાદ | 35.00 | 27.00 |
| વડોદરા | 34.00 | 27.00 |
| સુરત | 33.00 | 27.00 |


પેજ 5



ટાટા પાવરના EV ચાર્જિંગના હેડ વિરેન્દ્ર ગોયલનું નિવેદન....

11 SEPTEMBER-2026 FRIDAY

માંડ માંડ બચ્યા યુક્રેનનાં રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કી.....



પેજ 10

**.....સુવિચાર.....**
તમારી કિંમત ત્યાં સુધી જ છે જ્યાં સુધી તમારી પાસે એવું કંઈક છે જે પૈસા થી ખરીદી શકાતું નથી ....!!

વર્ષ-15 । અંક-297 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ વદ અમાસ । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

### અકસ્માતમાં 9 લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે 3 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત

# મહારાષ્ટ્રના નાંદેડમાં ભયાનક અકસ્માત, 9નાં મોત


(એજન્સી) મહારાષ્ટ્ર । તા. 10

મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લામાં ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. નાંદેડ-ભોકર હાઈવે પર વાકદ ગામ નજીક સાંજે 6:30 વાગ્યે ટ્રક અને ટાટા મેજિક વાન વચ્ચે ભયાનક ટક્કર થઈ. આ અકસ્માતમાં 9 લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે 3 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. મહારાષ્ટ્રમાં પણ આવું જ થશે. પછી બીજું એન્જિન પણ નિષ્ફળ જશે. મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લામાં એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. અહીં પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રક અને ટાટા મેજિક પેસેન્જર વાન વચ્ચે થયેલી સામસામેની જોરદાર ટક્કરમાં 9 લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે 3 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. કેટલાક ઘાયલોની હાલત અત્યંત નાજુક હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા સેવાઈ રહી છે.

**ટક્કર એટલી ભયાનક હતી કે વાનના ફુરચેફુરચા ઊડી ગયા...** અહેવાલો અનુસાર, ભોકરથી નાંદેડ તરફ જઈ રહેલા બેફામ ટ્રકે સામેથી આવી રહેલી ટાટા મેજિક વાનને ધડાકાભેર ટક્કર મારી દીધી હતી. અકસ્માત સમયે બંને વાહનોની ગતિ ખૂબ વધારે હોવાથી વાનના ફુરચેફુરચા ઊડી ગયા હતા અને તે ફંગોળાઈને રસ્તાની બાજુમાં ખાબકી હતી.

**3 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત...** અકસ્માતનો ભયાનક અવાજ સાંભળીને આસપાસના ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પોલીસ તેમજ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. સ્થાનિક લોકોની મદદથી 3 ઈજાગ્રસ્તોને તાબડતોબ ભોકર અને નાંદેડની સરકારી હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. ટક્કર બાદ ટ્રકનો આગળનો ભાગ પણ કચ્ચરઘાણ વળી ગયો હતો, જેના કારણે ટ્રક ડ્રાઈવર કેબિનમાં જ ખરાબ રીતે ફસાઈ ગયો હતો. પોલીસ અને બચાવ દળે ભારે જહેમત બાદ તેને કેબિનમાંથી બહાર કાઢ્યો હતો. આ ગોઝારા અકસ્માતમાં કોની ભૂલ હતી તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.



## ભારતમાં ખતરનાક રોગચાળો ફેલાવવાનું મોટું જોખમ!

### ડેન્ગ્યુના વધતા કેસ વચ્ચે WHOની ચેતવણી

(એજન્સી) નવી દિલ્હી | તા.10

વિશ્વ આરોગ્ય સંસ્થાના એક મૂલ્યાંકનમાં ભારતને એવા દેશોની શ્રેણીમાં મૂકવામાં આવ્યું છે જે 'અલ નીનો' ને કારણે સ્વાસ્થ્યના ઊંચા અથવા અત્યંત ઊંચા જોખમનો સામનો કરી રહ્યા છે. દેશના વિવિધ ભાગોમાં ડેન્ગ્યુના કેસો વધી રહ્યા છે. આ દરમિયાન વિશ્વ આરોગ્ય સંસ્થા ના એક મૂલ્યાંકનમાં ભારતને એવા દેશોની શ્રેણીમાં મૂકવામાં આવ્યું છે જે 'અલ નીનો'ને કારણે સ્વાસ્થ્યના ઊંચા અથવા અત્યંત ઊંચા જોખમનો સામનો કરી રહ્યા છે; અલ નીનો દક્ષિણ એશિયામાં હવામાનની પેટર્નમાં ફેરફાર લાવી રહ્યું છે. અલ નીનો એ મધ્ય અને પૂર્વીય ઉષ્ણકટિબંધીય પેસિફિક મહાસાગરમાં સપાટીના પાણીનું સમયાંતરે ગરમ થયું છે; તે વૈશ્વિક હવામાનની પેટર્નને ખોરવી શકે છે અને પેસિફિક ક્ષેત્રની બહાર દૂર સુધી વરસાદ અને તાપમાનને અસર કરી શકે છે. WHOનો 'ગ્લોબલ પબ્લિક હેલ્થ સિચ્યુએશન એનાલિસિસ: અલ નીનો 2026' અહેવાલ 5 સપ્ટેમ્બરના રોજ બહાર પાડવામાં આવ્યો હતો. તે ભારતને ઊંચા અથવા અત્યંત ઊંચા જોખમ ધરાવતા દેશ તરીકે વર્ગીકૃત કરે છે. અહેવાલ મુજબ, ઓગસ્ટ અને ઓક્ટોબર વચ્ચે દક્ષિણ એશિયાના મોટાભાગના વિસ્તારોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ અને સામાન્ય કરતાં વધુ તાપમાન રહેવાની શક્યતા છે. આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે દેશના અમુક ભાગોમાં મચ્છર, કીડા મકોડાથી ફેલાનારા રોગ પહેલેથી જ વધી રહ્યા છે. દિલ્હીમાં ઓગસ્ટ મહિનામાં ડેન્ગ્યુના 90 કેસ નોંધાયા હતા. જે આ વર્ષની સૌથી વધુ માસિક સંખ્યા છે. જેનાથી 29 ઓગસ્ટ સુધીમાં કુલ કેસોની સંખ્યા 311 પર પહોંચી ગઈ છે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, મેલેરિયાના કેસો પણ જુલાઈમાં 17 થી વધીને ઓગસ્ટમાં 53 થયા છે, જેથી વર્ષના કુલ કેસોની સંખ્યા 119 પર પહોંચી છે. આ સંસ્થા વર્તમાન ડેન્ગ્યુ કે મેલેરિયાના કેસોને સીધા અલ નીનો સાથે જોડતી નથી, પરંતુ તેને 'જોખમમાં ફેરફાર કરનાર પરિબળ' (risk modifier) તરીકે જુએ છે, જેની અસર સ્થાનિક હવામાનની સ્થિતિ, જોખમની રૂપરેખા અને આરોગ્યસંભાળ પ્રણાલીની ક્ષમતા પર આધારિત હોય છે.

## GST રજિસ્ટ્રેશન માટે હવે બાયોમેટ્રિક વેરિફિકેશન ફરજિયાત, દિલ્હી હાઈકોર્ટનો મોટો આદેશ

(એજન્સી) નવી દિલ્હી | તા.10

દિલ્હી હાઈકોર્ટે સમગ્ર ભારતમાં GST રજિસ્ટ્રેશન માટે બાયોમેટ્રિક આધાર વેરિફિકેશન ફરજિયાત કરી દીધું છે. જસ્ટિસ અનિલ ક્ષેત્રપાલ અને જસ્ટિસ શૈલ જૈનની ખંડપીઠે 8 સપ્ટેમ્બરના વચગાળાના આદેશમાં સ્પષ્ટ નિર્દેશ આપ્યો કે હવે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાને બાયોમેટ્રિક આધાર ઓથેન્ટિકેશન વિના GST રજિસ્ટ્રેશન આપવામાં આવશે નહીં. અદાલતે ચોરી થયેલા અથવા ફ્રીઝ કરાયેલા PAN અને આધાર કાર્ડનો દુરુપયોગ કરીને ફર્જી GST રજિસ્ટ્રેશન બનાવવાની વધતી સમસ્યા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી. સંસદમાં રજૂ કરાયેલા આંકડા અનુસાર, 2023-24માં 2,800 ફર્જી રજિસ્ટ્રેશન દ્વારા 15,085 કરોડ રૂપિયાની અને 2024-25માં 1,654 કેસમાં 13,109 કરોડ રૂપિયાની કરચોરી થઈ હતી. સરકારે અગાઉ બાયોમેટ્રિક વેરિફિકેશન ફરજિયાત કરવાની ખાતરી આપી હતી, પરંતુ તેનો સંપૂર્ણ અમલ થયો નહોતો. એક અરજદાર નેહાની ફરિયાદ પર સુનાવણી થઈ હતી. તેમના આધાર-PANનો ઉપયોગ કરીને ફર્જી રજિસ્ટ્રેશન બનાવવામાં આવ્યું અને 4.46 કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી. કોર્ટે અધિકારીઓને ગંભીરતાથી કાર્યવાહી કરવા જણાવ્યું અને કોઈ વ્યવહારિક મુશ્કેલી હોય તો તેની જાણ કરવાની મંજૂરી આપી.

## IRCTC હોટેલ ટેન્ડર કેસમાં લાલુ પ્રસાદ યાદવના પરિવારને મોટો ઝટકો

(એજન્સી) નવી દિલ્હી | તા.10

રાઉઝ એવન્યુ કોર્ટે IRCTC મની લોન્ડરિંગ કેસમાં લાલુ પ્રસાદ યાદવ, તેજસ્વી અને રાબડી દેવી સહિત નવ આરોપીઓ સામે આરોપો ઘડ્યા છે. કોર્ટે લાલુ યાદવની ભૂમિકા પર શંકા વ્યક્ત કરી છે.ગુરુવારે, દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે લાલુ યાદવ, તેમના પુત્ર તેજસ્વી યાદવ અને પત્ની રાબડી દેવી સહિત કુલ નવ આરોપીઓ સામે આરોપો ઘડ્યા છે. કોર્ટે આગામી સુનાવણી માટે 3 ઓક્ટોબરની તારીખ નક્કી કરી છે.લાલુ પ્રસાદ યાદવ પરિવાર ઉપરાંત, સરલા ગુપ્તા, લારા પ્રોજેક્ટ્સ અને સુજાતા હોટેલ્સ સહિત અન્ય વ્યક્તિઓ અને સંગઠનોને પણ આ કેસમાં આરોપી તરીકે નામ આપવામાં આવ્યા છે. જોકે, રાઉઝ એવન્યુ કોર્ટે આ કેસમાં સાત આરોપીઓને નિર્દોષ જાહેર પણ કર્યા છે.

### '5 ડે વર્કિંગ'ની માગ સાથે ગુજરાતના 75 હજાર કર્મચારીઓ જોડાશે


## આજે બેંકોની દેશવ્યાપી હડતાળ

(એજન્સી) નવી દિલ્હી | તા.10

11 સપ્ટેમ્બર 2026ના રોજ દેશભરના બેંક કર્મચારીઓ '5 ડે બેંકિંગ' અને અન્ય પડતર પ્રશ્નો માટે દેશવ્યાપી હડતાળ કરશે. ગુજરાતના 75 હજાર કર્મચારીઓ




જોડાશે, જેનાથી 15 હજાર કરોડના વ્યવહારો અટકશે. કેન્દ્રીય લેબર કમિશનર સાથેની વાટાઘાટો નિષ્ફળ રહેતા આ નિર્ણય લેવાયો છે. શુક્રવારની હડતાળ અને શનિ-રવિની રજાને કારણે બેંકો ત્રણ દિવસ બંધ રહેશે. આ પ્રશ્ને કેન્દ્રીય લેબર કમિશનર સાથે બે રાઉન્ડની વાટાઘાટો અને બેઠકો યોજાઈ હોવા છતાં કોઈ સાનુકૂળ ઉકેલ ન આવતા આખરે કર્મચારીઓએ હડતાળ પર જવાનો આખરી નિર્ણય લીધો છે. આમ, શુક્રવારે(11 સપ્ટેમ્બર) બેંકની દેશવ્યાપી હડતાળ છે અને પછી શનિ-રવિની રજા હોવાની બેંક ત્રણ દિવસ બંધ રહેશે. આ દેશવ્યાપી હડતાળમાં ગુજરાતના આશરે 75 હજાર જેટલા બેંક કર્મચારીઓ જોડાશે.

# ગાંધીનગર સ્લેબ દુર્ઘટના, 'આપ' ના નેતાઓએ સિવિલ હોસ્પિટલ પહોંચી ઈજાગ્રસ્તોની મુલાકાત લીધી

અમદાવાદ | ગાંધીનગરમાં કુડાસણ ખાતે ગત રાત્રે નિર્માણાધીન બિલ્ડિંગનો સ્લેબ પડવાની ગોઝારી દુર્ઘટના ઘટી હતી, જેમાં અનેક લોકો ઘાયલ થયા છે. આજે આમ આદમી પાર્ટીની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે ઘાયલોની મુલાકાત લીધી હતી. આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને મુખ્ય પ્રવક્તા ડૉ. કરન બારોટ,પ્રદેશ ઉપાધ્યક્ષ ડૉ. જ્વેલ વસરા, પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કર તેમજ પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈ અને ગાંધીનગરના 'આપ' આગેવાનોએ ઈજાગ્રસ્તોને મળીને સાંત્વના પાઠવી હતી. આ તકે 'આપ'ના પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે જણાવ્યું હતું કે,અત્યારે અમે આમ આદમી પાર્ટીના સાથીઓ સાથે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તમામ પીડિતોની મુલાકાતે આવ્યા છીએ. ગાંધીનગરમાં પણ હવે બિલ્ડિંગો પડવાની શરૂઆત થઈ ગઈ છે. તેના પરથી આપણે અંદાજ લગાવવો પડશે કે ગુજરાતના અન્ય વિસ્તારોમાં શું સ્થિતિ હશે. કોર્પોરેશન, એન્જિનિયર્સ અને કોન્ટ્રાક્ટરોની ફક્ત ગમે તે રીતે પ્લાન પાસ કરાવીને કામ આગળ વધારવાની નીતિ ચાલી રહી છે. અન્ય બાબતોમાં ખરેખર જરૂરી પેરામીટર્સ પર કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. ગુજરાતના અનેક



વિસ્તારોમાં આવી બિલ્ડિંગોમાં થયેલો ભ્રષ્ટાચાર હવે ધીમે ધીમે બહાર આવી રહ્યો છે. જો સમયસર સરકાર નહીં જાગે, તો ભવિષ્યમાં હોસ્પિટલોમાં હજુ પણ હજારો પથારીઓની કેપેસિટી વધારવી પડશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે,આમ આદમી પાર્ટી તરફથી અમારી માંગ છે કે આ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. કોન્ટ્રાક્ટર, એન્જિનિયર, પ્લાન મંજૂર કરનાર અને સુપરવિઝન કરનાર આ તમામની જવાબદારી નક્કી થવી જોઈએ. આ પ્રકારની દુર્ઘટનાથી સેંકડો લોકોના પરિવારને અસર થાય છે, લોકોને પોતાની રોજગારી છોડીને મહિનાઓ સુધી હોસ્પિટલમાં પડી રહેવું પડે છે. ભગવાનનો આભાર કે ઘટના સમયે ઓછા લોકો હાજર હતા, બાકી જો વધારે લોકો કામ કરી રહ્યા હોત તો કેટલી મોટી હોનારત સર્જાઈ હોત! નિર્માણ કાર્યમાં કોઈ પણ સેફ્ટી પ્રોવિઝન કે સિક્યોરિટી પેરામીટર્સ જાળવવામાં આવતા નથી. આવી દુર્ઘટનાઓ પછી મંત્રીઓ માત્ર સાંત્વના આપવા કે ફોટા પડાવવા આવી જાય છે, પરંતુ તેનાથી લોકોના દુઃખનું કોઈ સમાધાન થતું નથી. સરકારને ખાસ વિનંતી છે કે જે લોકો આ ભ્રષ્ટાચારનો ભોગ બન્યા છે તેમને યોગ્ય વળતર ચૂકવવામાં આવે અને કોર્પોરેશન દ્વારા નિષ્પક્ષ તપાસ થાય, જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓનું પુનરાવર્તન ન થાય.

# પાટીદાર અનામત આંદોલનનો જસ્ટિસ કે. એ. પૂંજ કમિશનનો રિપોર્ટ ૨૦૨૦થી દબાવી કેમ રાખ્યો? : ગોપાલ ઈટાલિયા

અમદાવાદ| ગાંધીનગરમાં ચાલી રહેલ વિધાનસભા મોન્સુન સત્ર દરમિયાન થયેલ પ્રશ્નોત્તરી અંગે મીડિયા સાથે વાત કરતા આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, આજે વિધાનસભામાં ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ગૃહ વિભાગને લગતા મારા બે પ્રશ્નો અને ઉદ્યોગ વિભાગને લગતો એક પ્રશ્ન હતો. આમ, કુલ ત્રણ અતિ મહત્વના પ્રશ્નો મેં વિધાનસભામાં રજૂ કર્યા હતા, જેમાંથી અત્યારે મને ચોંકાવનારી માહિતી મળી છે. સૌથી પહેલો મુદ્દો પાટીદાર અનામત આંદોલનનો છે. મને યાદ છે કે અમે પોતે આંદોલનમાં જોડાયેલા હતા અને ૨૫મી તેમજ ૨૬મી ઓગસ્ટ ૨૦૧૫ના રોજ ભયાનક હિંસા થઈ હતી. ભાજપના ગુંડાઓએ પોલીસ સાથે મળીને અનેક જગ્યાએ પાટીદાર સમાજના નિર્દોષ યુવાનો, માતાઓ અને બહેનોને ઢોર માર માર્યો હતો. પોલીસે ગેરકાયદેસર રીતે ગોળીબાર કર્યો અને પાટીદાર યુવાનોને ગોળીઓ મારી, જેમાં ૧૪ જેટલા યુવાનો શહીદ થયા હતા. અનેક જગ્યાએ ભાજપના ગુંડાઓ અને પોલીસ સાથે મળેલા



તોડબાજોએ પોલીસના વાહનોને સળગાવ્યા હતા અને ૨૦૧૫માં અનામત આંદોલન દરમિયાન અનેક પ્રકારની હિંસાત્મક ઘટનાઓ બની હતી. ત્યારબાદ આ ભાજપની સરકારે જસ્ટિસ કે.એ. પૂંજ કમિશનની નિમણૂક કરી હતી. એ વખતે ભાજપના નેતાઓ અને સરકારે એવું કહ્યું હતું કે આંદોલન દરમિયાન જે કંઈ હિંસા થઈ છે તેની વિગતવાર તપાસ નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ કે.એ. પૂંજ કરશે. આ કમિશન સામે હું પોતે પણ એફિડેવિટ ઉપર એક સાક્ષી તરીકે જે-તે વખતે રજૂ થયો હતો અને તપાસમાં મારે જે કંઈ નોંધાવવા જેવું હતું તે મેં લખાવ્યું હતું.ગોપાલ ઈટાલિયાએ વધુમાં ઉમેર્યું હતું કે, જસ્ટિસ કે.એ. પૂંજ કમિશને પાટીદાર અનામત આંદોલન દરમિયાન યુવાનો અને મહિલાઓ ઉપર પોલીસ દ્વારા થયેલા અત્યાચારની તમામ ઘટનાઓની તપાસ કરી એક અહેવાલ ગુજરાત સરકારને ૮-૭-૨૦૨૦ના રોજ આપી દીધો છે. તો પછી સરકારે આ રિપોર્ટ દબાવીને કેમ રાખ્યો છે? જે કમિશને પાટીદાર યુવાનો અને મહિલાઓ ઉપર પોલીસે કરેલા અત્યાચારની તપાસ કરી, તેમાં કયા પોલીસવાળાનો વાંક હતો, કોણે ઓર્ડર આપ્યા, કોના કહેવાથી આપ્યા, કઈ કઈ જગ્યાએ કેવો અત્યાચાર થયો–આ બધું જ લખીને ૨૦૨૦માં સરકારને સોંપવામાં આવ્યું છે. છતાં સરકારે આજ દિવસ સુધી આ રિપોર્ટ દબાવી અને છુપાવી રાખ્યો છે, જેને વિધાનસભા સામે જાહેર કરવો જોઈએ. આજે મેં પૂછ્યું કે આ અહેવાલ મળ્યા પછી સરકારે શું પગલાં લીધા, તો સરકારે મને લેખિતમાં આપ્યું છે કે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. એનો અર્થ એ થયો કે દોષિતોને બચાવવામાં આવ્યા છે અને ભાજપના નેતાઓના ઈશારે ગોળીબાર કરનારા તેમજ મહિલાઓ અને પાટીદાર યુવાનોને મારનારા પોલીસવાળાઓને સરકારે આબાદ રીતે બચાવી લીધા છે. આજે વિધાનસભા ગૃહના પ્રશ્નના માધ્યમથી જે માહિતી સામે આવી છે, તે બદલ હું સમગ્ર ગુજરાતના પાટીદાર સમાજના સર્વે આગેવાનો, વડીલો અને ખાસ કરીને 'પાસ' (PAAS) સાથે જોડાયેલા યુવાનોને વિનંતી કરું છું કે તમે સરકારને કહો કે આ રિપોર્ટ જાહેર કરે અને દોષિત પોલીસવાળાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરે.

# સુરતના ૨૬,૫૦૦ થી વધુ રત્ન કલાકારો આજદિન સુધી સરકારી સહાયથી વંચિત રહ્યા છે : ગોપાલ ઈટાલિયા

અમદાવાદ | ગાંધીનગરમાં ચાલી રહેલ વિધાનસભા સત્ર દરમિયાન થયેલ પ્રશ્નોત્તરી અંગે મીડિયા સાથે વાત કરતા આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, આજે વિધાનસભામાં મારો એક બીજો મહત્વનો પ્રશ્ન હતો કે અત્યારે જેમ દુષ્કાળ જેવી પરિસ્થિતિ અને વરસાદ ન પડવાના કારણે ખેડૂતોને તકલીફ પડી રહી છે, એવી જ રીતે હીરાના ધંધામાં પણ ભારે મંદી આવી છે. આપણો હીરાનો વ્યવસાય સુરત, નવસારી, વાવ, થરાદ, જૂનાગઢ, ગીર સોમનાથ, રાજકોટ, અમરેલી, બોટાદ અને ભાવનગર જેવા અનેક જિલ્લાઓમાં કરોડો લોકોને રોજગારી પૂરી પાડે છે. હીરાના ધંધામાં મંદી આવતા સુરત સહિત અલગ-અલગ વિસ્તારોમાં અનેક રત્ન કલાકારોએ આઘાતમાં આવીને આત્મહત્યા કરી લીધી અને લગભગ ૩૫ જેટલા રત્ન કલાકારોએ જીવ ગુમાવ્યો છે, જ્યારે અનેક કારખાનાઓ બંધ થઈ ગયા છે. એ વખતે આમ આદમી પાર્ટીના નેતૃત્વમાં મેં પોતે રત્ન કલાકારોને સહાય આપવામાં આવે તે માટે સુરતમાં એક યાત્રા કાઢી હતી, જેમાં રત્ન કલાકારોનો ખૂબ સપોર્ટ મળ્યો હતો. ત્યારબાદ ગુજરાતના ગૃહ અને ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીએ 'રત્નદીપ સહાય યોજના' અંતર્ગત તમામ રત્ન કલાકારો અને હીરાના કારખાનેદારોના બાળકોને શિક્ષણ તથા આર્થિક સહાય આપવાની મોટી જાહેરાતો કરી હતી. પરંતુ આજે વિધાનસભામાં ઉદ્યોગ મંત્રીએ મને જે આંકડા આપ્યા છે, તેનાથી ભાજપ સરકારનો ભાંડો ફૂટી ગયો છે.ગોપાલ ઈટાલિયાએ વધુમાં ઉમેર્યું હતું કે, મોટા ભાષણો કરનારા ભાજપવાળાઓનો ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે. મેં પૂછેલા પ્રશ્નના જવાબમાં જાણવા મળ્યું કે સુરતમાં કુલ ૭૪,૨૭૧ રત્ન કલાકારોએ સહાય મેળવવા અરજી કરી હતી, જેમાંથી માત્ર ૪૭,૫૨૫ લોકોને જ સહાય ચૂકવાઈ છે અને ૨૬,૫૦૦ જેટલા રત્ન કલાકારોને આજ સુધી કાંઈ મળ્યું નથી. ઉલટાનું રત્નદીપ યોજનાનો લાભ લેવા માટે આવકનો દાખલો, એફિડેવિટ, ફોર્મ અને ઝેરોક્સ પાછળ બબ્બે હજાર રૂપિયાનો ખર્ચ થઈ ગયો. હર્ષ સંઘવીના ચક્કરમાં રત્ન કલાકારોએ પોતાના પૈસા ગુમાવવાનો વારો આવ્યો છે. જૂનાગઢ જિલ્લામાં ૨,૯૮૨ અરજદારોમાંથી માત્ર ૬૪૦ લોકોને જ સહાય ચૂકવાઈ છે. મારા વિસાવદર-ભેસાણ વિસ્તારમાં ખેતી પછી સૌથી મોટો વર્ગ હીરાના ઉદ્યોગ સાથે જોડાયેલો છે. વિસાવદરમાં ૭૪૨ લોકોએ સહાય માટે અરજી કરી તેમાંથી માત્ર ૩૬ જણાને જ સહાય મળી છે. ભેસાણ તાલુકામાં ૮૯૩ રત્ન કલાકારોની અરજી સામે માત્ર ૨૫૬ લોકોને જ સહાય મળી છે. આમ, જે લાચાર અને પીડિત લોકોને સરકારની જરૂર છે તેમને સરકારે ઠેંગો બતાવ્યો છે. સરકારના દાવા અને નરી હકીકત બંને અલગ છે. તેથી હું ગુજરાતભરના રત્ન કલાકારોને વિનંતી કરું છું કે તમારી સાથે છેતરપિંડી કરનારા ભાજપના લોકોને ઓળખો અને આવનારી ૨૭ ની ચૂંટણીમાં એમને યોગ્ય જવાબ આપો, તો અને તો જ આપણી પીડા ઓછી થશે.

## દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહના બીજા તબક્કામાં ખેડૂત નેતા ઈસુદાન ગઢવીએ દ્વારકાના ગામડાઓની મુલાકાત લીધી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ તથા ખેડૂત નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી દ્વારા દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહનું બીજું ચરણ શરૂ કરવામાં આવ્યું છે. આજે હું આ સત્યાગ્રહ અંતર્ગત દેવભૂમિ દ્વારકાના ગુંદા ગામે આવ્યો છું. આજે આ ગામમાં લોકોને જ્યારે ખબર પડી કે હું દુષ્કાળની ઘોષણાના સત્યાગ્રહ મુદ્દે હું ગામમાં આવી રહ્યો છું તો સેકડો લોકો એકજૂટ થયા હતા અને મારી



મુલાકાતે આવ્યા હતા. આજે મેં અહીંયા જાતે પણ દુષ્કાળ જાહેર કરવા મુદ્દે ખેડૂતોના ફોર્મ ભર્યા છે, ખેડૂતો પણ સ્વયં દુષ્કાળ જાહેર કરવાની માંગ સાથે ફોર્મ ભરી રહ્યા છે. આજથી અમે 158 તાલુકામાં, 158 તાલુકાની 100-100 લોકોની ટીમ બનાવીને ગામડે ગામડે સત્યાગ્રહને લઈ જઈ રહ્યા છીએ. 1 ઓક્ટોબર સુધી આ સત્યાગ્રહ ચાલશે.વધુમાં ખેડૂત નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે બીજી ઓક્ટોબરના રોજ અમે ખેડૂતોની સાથે મળીને ગાંધીનગર પહોંચીશું અને આ તમામ ફોર્મ મુખ્યમંત્રી સમક્ષ રજુ કરીશું અને કહીશું કે આ ખેડૂતોએ ભરેલા ફોર્મ છે, જેથી દુષ્કાળ જાહેર કરવામાં આવે જેથી ખેડૂતોના ખાતામાં રાહત અને સહાય પહોંચે. લગભગ જામનગર, દ્વારકા, પોરબંદર, કચ્છના કેટલાક વિસ્તારમાં અને ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં જે લોકો અસરગ્રસ્ત છે તેમને સરકાર તાત્કાલિક ધોરણે દુષ્કાળ જાહેર કરીને સહાય નથી આપતી ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.

# ગુજરાતમાં ગાડી-બંગલાની જેમ હવે પોલીસ પણ ભાડે મળે છે : ગોપાલ ઈટાલિયા

અમદાવાદ | ગાંધીનગરમાં ચાલી રહેલા વિધાનસભા સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી અંગે મીડિયા સાથે વાત કરતા આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, વિધાનસભામાં મારો એક અત્યંત મહત્વનો પ્રશ્ન હતો કે ગુજરાત સરકાર પોલીસ ભાડે આપે છે. ટેમ્પો, ઘોડો, રિક્ષા, સાઈકલ, ગધેડો, ગાય-ભેંસ, પાણી કે ટ્રેક્ટર ભાડે મળે, પણ ગુજરાતમાં તો પોલીસ પણ ભાડે મળે છે; તે પણ માત્ર પૈસાવાળા લોકોને. મેં ઘણી વખત સરકારને કહ્યું કે મને પણ એસપી ભાડે આપો, જે ભાડું થશે તે હું આપી દઈશ. જો ભાડે જ આપવા હોય તો કંપનીને આપો કે ગોપાલ ઈટાલિયાને, શું ફરક પડે છે? મારે પણ એક એસપી, ડીવાયએસપી અને ચાર કોન્સ્ટેબલ ભાડે જોઈએ છે. ભાજપ સરકારે પોલીસ ભાડે આપવાનો આંકડો જાહેર કર્યો છે, જેમાં કચ્છમાંથી સત્તર કરોડ એકવીસ લાખ સત્યાવીસ હજાર છસો એકવીસ રૂપિયા (૧૭,૨૧,૨૭,૬૨૧) ની કમાણી થઈ છે અને એમાંથી પણ સત્તાવન લાખ રૂપિયા કંપનીઓ પાસેથી લેવાના બાકી છે. ગૃહમંત્રીને પૂછતાં તેમણે સ્વીકાર્યું કે આ નીતિ અમલમાં છે. સુરેન્દ્રનગરમાં સાત કરોડ ચાર લાખ રૂપિયામાં પોલીસ ભાડે આપી, જેમાં હજુ બે કરોડ રૂપિયા વસૂલવાના બાકી છે. બંને જિલ્લા મળીને અંદાજે પચીસ કરોડ રૂપિયાની આવક ભાજપ સરકારે પોલીસ ભાડે આપીને કરી છે.ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યુ હતુ કે યુનિફોર્મ અને સંવિધાનથી મળેલી વર્દીની ઈજ્જત ઉતારીને સરકાર શું સાબિત કરવા માગે છે? જે પીએસઆઈ કે કોન્સ્ટેબલની બેરેટ કેપ પર ચાર સિંહ વાળું રાષ્ટ્રચિહ્ન (અશોક સ્તંભ) હોય, તે માણસ કંપનીઓને ત્યાં ભાડે જઈને 'જી સર, જી સર' કરે છે. વીજળીના થાંભલા દાદાગીરીથી નાખવામાં પણ પોલીસ ભાડે આપવામાં આવે છે. આ ભાડામાંથી કમાયેલા પૈસાથી કમલમ બને છે અને તેનાથી લોકોને ડરાવવામાં આવે છે. આજે ભાજપની આ દુકાન વિધાનસભાના માધ્યમથી ખુલ્લી પડી ગઈ છે. ગુજરાતના નાગરિકોને વિનંતી છે કે આજે પોલીસે ભાડે આપવાનું શરૂ કર્યું છે, કાલે કંપનીઓને મામલતદાર, કલેક્ટર, ડીડીઓ, પ્રાંતાધિકારી કે રેન્જ ફોરેસ્ટ ઓફિસર પણ અઠવાડિયા માટે ભાડે આપવામાં આવશે, જેઓ ગૌચર પોતાના નામે કરાવી લેશે. કાલે કોઈ કંપની બેંક મેનેજરને ભાડે લઈ જઈને પાંચસો કરોડની લોન લઈને મેનેજર પાછો મૂકી જશે તો શું કરવાનું? તેથી પોલીસ જ નહીં, પણ કોઈપણ સરકારી અધિકારી ભાડે ન મળવો જોઈએ. ૨૦૨૭માં ઝાડુનું બટન દબાવીને આ કચરો સાફ કરવાની જરૂર છે.

# અમદાવાદ મંડળે એક દિવસમાં 91 રેક (3847 વેગન) ની અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ લોડિંગ નોંધાવીને બનાવ્યો નવો રેકૉર્ડ

અમદાવાદ : પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે માલ લોડિંગના ક્ષેત્રમાં એક નવો ઈતિહાસ રચતાં 09 સપ્ટેમ્બર 2026 ના રોજ એક જ દિવસમાં રેકૉર્ડ 91 રેક (3,847 વેગન) લોડ કર્યા. આ અમદાવાદ મંડળના પરિચાલન ઈતિહાસમાં એક દિવસમાં કરવામાં આવેલ અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ લોડિંગ છે. આ અગાઉ 05 સપ્ટેમ્બર 2026 ના રોજ મંડળે 85 રેક (3,580 વેગન) લોડ કરવાનો રેકૉર્ડ બનાવ્યો હતો. ફક્ત ચાર દિવસમાં પોતાના જ રેકૉર્ડને પાછળ છોડતાં અમદાવાદ મંડળે માલ લોડિંગના ક્ષેત્રમાં પોતાની કાર્યકુશળતા અને પ્રદર્શનમાં ઉલ્લેખનીય સુધારો નોંધાવ્યો છે.મંડળ રેલવે પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશના નેતૃત્વમાં પ્રાપ્ત કરવામાં આવેલ આ સિદ્ધિ મંડળની સમગ્ર ટીમના શ્રેષ્ઠ સંકલન, કાર્યકુશળતા, સતર્કતા અને સમર્પણનું પરિણામ છે. આ સિદ્ધિની સાથે અમદાવાદ મંડળે માલ લોડિંગની વિવિધ શ્રેણીઓમાં પણ ઉલ્લેખનીય પ્રદર્શન નોંધાવ્યું છે.09 સપ્ટેમ્બર 2026 ના રોજ નોંધાયેલ મુખ્ય સિદ્ધિઓ : 91 રેક/3,847 વેગન: એક જ દિવસમાં અત્યાર સુધીનું



સૌથી વધુ લોડિંગ નોંધાવતા નવો ઑલ-ટાઈમ રેકૉર્ડ બનાવવામાં આવ્યો.28 જમ્બો રેક: એક જ દિવસમાં સૌથી વધુ 28 જમ્બો રેક લોડ કરવામાં આવ્યા, જે મંડળના લોડિંગ પ્રદર્શનમાં એક નવું ઉચ્ચતર સ્તર છે.47 કન્ટેનર રેક: કુલ 47 કન્ટેનર રેક લોડ કરવામાં આવ્યા, જેમાં 23 ડબલ-સ્ટેક કન્ટેનર રેક સામેલ છે. આ સિદ્ધિ માલ લોડિંગ ક્ષમતાના સૌથી વધુ અને કુશળ ઉપયોગને દર્શાવે છે.19 ફર્ટિલાઈઝર રેક: ખેતી ક્ષેત્ર માટે ફર્ટિલાઈઝર્સની સમયસર આપૂર્તિ સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી 19 ફર્ટિલાઈઝર રેકનું સફળતાપૂર્વક લોડિંગ કરવામાં આવ્યું. 8 મીઠા રેક: કુલ 8 મીઠાના રેક લોડ કરીને રવાના કરવામાં આવ્યા, જેનાથી સંબંધિત વિસ્તારોની માંગને પૂર્ણ કરવામાં સહાયતા મળી.અમદાવાદ મંડળ દ્વારા નવા લોડિંગ રેકૉર્ડ સ્થાપિત કરવા એ મંડળની પરિચાલન ક્ષમતા, સંસાધનોનો અસરકારક ઉપયોગ તથા માલ પરિવહન સેવાઓને વધુ કુશળ બનાવવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આ સિદ્ધિ ફક્ત મંડળ માટે ગૌરવનો જ વિષય નથી, પરંતુ માલ લોડિંગ ક્ષેત્રમાં પશ્ચિમ રેલવેના પ્રદર્શનને પણ વધુ સુદ્રઢતા આપે છે.મંડળ રેલવે પ્રબંધક શ્રી વેદ પ્રકાશ એ આ ઉલ્લેખનીય સિદ્ધિ માટે અમદાવાદ મંડળના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને વધામણી આપતાં કહ્યું કે આ સફળતા ટીમના સામૂહિક પ્રયત્નો, ઉત્તમ સંકલન અને સતત શ્રેષ્ઠ પ્રદર્શનનું પરિણામ છે. મંડળ ભવિષ્યમાં પણ આ જ કાર્યકુશળતા અને સમર્પણની સાથે માલ લોડિંગના ક્ષેત્રમાં નવા ધોરણો સ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

### મહિલા અને બાળકીઓ પર દુષ્કર્મના કેસોમાં ગુજરાત સરકારની ઝીરો ટોલરન્સ નીતિ

# ગુજરાતમાં POCSO કેસોમાં ઐતિહાસિક ન્યાય: પાંચ વર્ષમાં ૧,૭૮૫ ચુકાદા, ૯૦૮ને આજીવન કેદ અને ૧૬ને ફાંસીની સજા

(એજન્સી) ગાંધીનગર | તા.10

ગુજરાતમાં દીકરીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને જાતીય ગુનાઓ સામે કડક - ઝડપી ન્યાયિક કાર્યવાહી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અમલમાં છે. આ નીતિના પરિણામે રાજ્યમાં POCSO (પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ) હેઠળના કેસોમાં ન્યાય પ્રક્રિયા અભૂતપૂર્વ ઝડપે આગળ વધી રહી છે. આ પ્રકારના કેસોમાં સાયન્ટિફિક એવિડન્સ કલેક્શન સહિત ગુનાની ટોપ ટુ બોટમ લેવલે સંવેદનાપૂર્વક ઈન્વેસ્ટિગેશનની પોલીસની પધ્ધતિ ગુનેગારોને મજબૂત સજા અપાવવા મહત્વપૂર્ણ સાબિત થઈ છે. તાજેતરમાં ગાંધીનગરના કલોલ ખાતે પોક્સો કોર્ટે ૧૫ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચરનાર આરોપીને પોલીસે ચાર્જશીટ રજૂ કર્યાના માત્ર ૭૨ કલાકમાં કુદરતી આયુષ્યના અંત સુધીની આજીવન કેદ ફટકારીને એક દાખલારૂપ ચુકાદો આપ્યો છે.રાજ્યમાં વર્ષ ૨૦૨૨થી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન પોક્સો અદાલતો દ્વારા કુલ ૧,૭૮૫ ચુકાદા આપવામાં આવ્યા છે. જેમાં ૯૦૮ ગુનેગારોને આજીવન કેદ અને ૧૬ નરાધમોને ફાંસીની સજા ફટકારવામાં આવી છે. અદાલતી ચુકાદાઓની સંખ્યામાં વર્ષ દર વર્ષે નોંધપાત્ર વધારો થયો છે જેમાં વર્ષ ૨૦૨૨માં ૧૯૪ ચુકાદામાં ૧૦૭ આરોપીઓને આજીવન કેદ, વર્ષ ૨૦૨૫માં ૪૯૯ ચુકાદામાં ૩૪૦ આરોપીઓને આજીવન કેદ, વર્ષ ૨૦૨૬ ઓગસ્ટ સુધીમાં એટલે કે ચાલુ વર્ષે આઠ મહિનામાં ૩૪૬ ચુકાદામાં ૨૪૧ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. નોંધનીય છે કે, માત્ર ઓગસ્ટ મહિનાના એક જ મહિનામાં ૪૮ પોક્સો કેસમાં સજાના ચુકાદા આવ્યા છે તે પૈકી ૩૫ને આજીવન કેદની સજા ફટકારાઈ છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે*, "ગુજરાતમાં દીકરીઓ તરફ કુદ્રષ્ટિ કરનારા કોઈપણ નરાધમ માટે કોઈ દયા કે છૂટછાટ હોઈ જ ન શકે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે POCSO કેસો માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ્સ અને સુદ્રઢ કાયદાકીય માળખું ઊભું કર્યું છે, જેના પરિણામે આજે પીડિતા અને તેના પરિવારને મહિનાઓ કે વર્ષો નહીં પરંતુ ગણતરીના દિવસોમાં ઝડપી ન્યાય મળી રહ્યો છે. માત્ર ૭૨ કલાકમાં ચાર્જશીટથી ચુકાદા સુધી પહોંચવું એ ગુજરાત પોલીસની ઉત્કૃષ્ટ અને વૈજ્ઞાનિક તપાસ તેમજ ન્યાયતંત્રના કડક અને પ્રશંસનીય અભિગમનું પરિણામ છે. હું ગુજરાત પોલીસ અને ન્યાયતંત્રને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. અમારો સ્પષ્ટ સંકલ્પ છે કે આવા ગુનેગારોને સમાજમાં દાખલો બેસે તેવી કડકમાં કડક સજા અપાવીને જ જંપીશું."*રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે જણાવ્યું છે કે*, આ પ્રકારના કેસોમાં અત્યંત સંવેદનશીલતાની સાથે સાથે જરૂરી ઝડપ અને કડકાઈ દાખવીને પોલીસ દ્વારા ઈન્વેસ્ટિગેશન કરવામાં આવે છે.

## શ્રાવણ વદ ચૌદશના પવિત્ર દિવસે સોમનાથ મહાદેવને 'કૈલાશ દર્શન' શૃંગાર

નરેન્દ્ર દવે જૂનાગઢ



પવિત્ર શ્રાવણ માસની વદ ચૌદશના પાવન પર્વે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવને વિશેષ 'કૈલાશ દર્શન' શૃંગારથી સુશોભિત કરવામાં આવ્યા હતા. કૈલાશ પર્વત એ દેવાધિદેવ મહાદેવનું પરમ નિવાસસ્થાન છે. આ અલૌકિક શૃંગારમાં કૈલાશ પર્વતની વચ્ચે બિરાજમાન થઈને સોમનાથ મહાદેવ ભક્તોને દર્શન આપી રહ્યા હોય તેવી મનોહર પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી. સોમનાથ મહાદેવના આ દિવ્ય શૃંગારનાં દર્શન કરી શ્રદ્ધાળુઓએ જાણે સ્વયં કૈલાશ ધામમાં દર્શન કર્યા હોય તેવી ધન્યતા અને આધ્યાત્મિક શાંતિનો અનુભવ કર્યો હતો. આ અલૌકિક દર્શનથી સમગ્ર મંદિર પરિસર શિવમય બન્યું હતું.

## શ્રી રાજેશ મથુરિયાએ વડોદરા ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર તરીકેનો ચાર્જ સંભાળ્યો



પશ્ચિમ રેલ્વે | વડોદરા

શ્રી રાજેશ મથુરિયાએ પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનમાં સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર (સિનિયર ડીસીએમ) તરીકેનો ચાર્જ સંભાળ્યો છે.શ્રી રાજેશ મથુરિયાએ તેમની સત્તાવાર કારકિર્દીની શરૂઆત ઈન્દોરના આસિસ્ટન્ટ કોમર્શિયલ મેનેજર (એસીએમ) તરીકે કરી હતી. ત્યારબાદ તેમણે એસીએમ (પીએમ), મુંબઈ સેન્ટ્રલ અને એસીએમ (એફએમ), ચર્ચગેટ તરીકે વિવિધ મહત્વપૂર્ણ હોદ્દાઓ સંભાળ્યા હતા. ત્યારબાદ, તેમને રતલામના ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર (ડીસીએમ) તરીકે બઢતી આપવામાં આવી હતી. શ્રી મથુરિયાને વડોદરા ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર (સિનિયર ડીસીએમ) તરીકે બઢતી આપવામાં આવી હતી, જ્યાં તેમણે 7 સપ્ટેમ્બર, 2026 ના રોજ ચાર્જ સંભાળ્યો હતો. તેમના વિવિધ હોદ્દાઓ દરમિયાન, શ્રી મથુરિયાએ મુસાફરોની સુવિધાઓ, વાણિજ્યિક પ્રવૃત્તિઓ અને રેલ્વે આવક વ્યવસ્થાપનમાં નોંધપાત્ર અનુભવ મેળવ્યો છે.

# પશ્ચિમ રેલ્વે બે ઉત્સવ વિશેષ ટ્રેનો ચલાવશે

પશ્ચિમ રેલ્વે

મુસાફરોની સુવિધા માટે અને પર્યુષણ અને દિવાળીના તહેવારોને કારણે મુસાફરોના વધતા ધસારાને પહોંચી વળવા માટે, પશ્ચિમ રેલ્વે બાંદ્રા ટર્મિનસ અને ભાવનગર ટર્મિનસ અને દાદર અને હઝરત નિઝામુદ્દીન વચ્ચે ખાસ ભાડા પર બે વિશેષ ટ્રેનો ચલાવશે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:1. ટ્રેન નંબર 09023/09024 બાંદ્રા ટર્મિનસ-ભાવનગર ટર્મિનસ વિશેષ [02 ટ્રિપ્સ]: ટ્રેન નંબર 09023 બાંદ્રા ટર્મિનસ-ભાવનગર ટર્મિનસ વિશેષ મંગળવાર, 15 સપ્ટેમ્બર, 2026 ના રોજ બાંદ્રા ટર્મિનસથી 19:25 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે 10:30 વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09024 ભાવનગર ટર્મિનસ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ 16 સપ્ટેમ્બર, 2026, બુધવારના રોજ ભાવનગર ટર્મિનસથી 17:40 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 07:25 વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, વલસાડ, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, બોટાદ, ધોળા, સોનગઢ અને સિહોર સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. 2. ટ્રેન નં. 04001/04002 દાદર-હઝરત નિઝામુદ્દીન સાપ્તાહિક સુપરફાસ્ટ એસી સ્પેશિયલ [14 ટ્રિપ્સ]: ટ્રેન નં. 04001 દાદર-હઝરત નિઝામુદ્દીન સુપરફાસ્ટ સ્પેશિયલ દર ગુરુવારે દાદરથી 00:15 વાગ્યે ઉપડશે અને તે જ દિવસે 21:35 વાગ્યે હઝરત નિઝામુદ્દીન પહોંચશે. આ ટ્રેન 15 ઓક્ટોબરથી 26 નવેમ્બર, 2026 સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નં. 04002 હઝરત નિઝામુદ્દીન-દાદર સુપરફાસ્ટ સ્પેશિયલ દર મંગળવારે હઝરત નિઝામુદ્દીનથી 23:45 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 22:40 વાગ્યે દાદર પહોંચશે. આ ટ્રેન 13 ઓક્ટોબરથી 24 નવેમ્બર, 2026 સુધી ચાલશે. આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, સુરત, વડોદરા, રતલામ, કોટા, ગંગાપુર શહેર, મથુરા અને કોસી કલાન સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી 2-ટાયર અને એસી 3-ટાયર કોચ હશે. ટ્રેન નંબર 09023 અને 09024 માટે બુકિંગ 11 સપ્ટેમ્બર, 2026 થી શરૂ થશે, જ્યારે ટ્રેન નંબર 04001 માટે બુકિંગ 12 સપ્ટેમ્બર, 2026 થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઇટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# નેપાળમાં ગુમ 30 ગુજરાતીઓની ઓળખ માટે ગુજરાત સરકારની કવાયત તેજ; 29નાં પરિવારજનોના DNA સેમ્પલ એકત્રિત

(એજન્સી) ગાંધીનગર | તા.10

નેપાળમાં આવેલા ભયાનક પૂરમાં ગૂમ થયેલા ગુજરાતનાં વતનીઓ અને બિન-નિવાસી ગુજરાતીઓ (NRG)ને શોધવા માટે રાજ્ય સરકારે શરૂ કરેલી ડીએનએ (DNA) સેમ્પલ એકત્રિત કરવાની કામગિરી પુરી થવા આવી છે. લેટેસ્ટ માહિતી પ્રમાણે, કુલ 30 લોકો નેપાળમાં પૂર પછી સંપર્ક વિહોણા છે. આ 30 લોકોમાંથી 29નાં પરિવારજનોના DNA સેમ્પલ એકત્ર કરવાની પ્રક્રિયા ગુજરાત સરકારે પૂર્ણ કરી છે. બાકી રહેલા એક કેસમાં પણ પ્રક્રિયા ચાલી રહી છે. એકત્રિત કરવામાં આવેલા DNA સેમ્પલનું પ્રોફાઈલિંગ કરવામાં આવી રહ્યું છે, જેથી અચાનક આવેલા વિનાશક પૂરમાં મૃત્યુ પામેલા લોકોના મળી આવેલા મૃતદેહો અને માનવ અવશેષોની ઓળખ કરી શકાય. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ નેપાળ પૂરમાં ગુમ થયેલા ગુજરાતનાં વતનીઓ તેમજ વિદેશમાં સ્થાયી થયેલા ગુજરાતીઓની પડખે ઉભી છે અને તેમના પરિવારજનો અને સગાસંબંધીઓને જરૂરી તમામ સહાય અને સહકાર મળી રહે તે સુનિશ્ચિત કર્યું છે. સામાન્ય વહીવટ વિભાગના NRI ડિવિઝન હેઠળ કાર્યરત ગુજરાત સ્ટેટ નોન-રેસિડન્ટ ગુજરાતીઝ ફાઉન્ડેશન (NRGF) દ્વારા DNA સેમ્પલ એકત્ર કરવાની સમગ્ર પ્રક્રિયાનું સંકલન કરવામાં આવી રહ્યું છે. સાથે જ ગુમ થયેલા લોકોની ઓળખ માટે જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવામાં પરિવારોને માર્ગદર્શન અને સહાય આપવામાં આવી રહી છે. ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર, ગુમ થયેલા લોકોના નજીકનાં (પ્રથમ-સ્તરનાં) પરિવારજનોના DNA સેમ્પલ એકત્રિત કરવા અને DNA પ્રોફાઈલિંગ માટે દેશભરમાં નિયુક્ત ફોરેન્સિક લેબોરેટરીઓની ઓળખ કરવામાં આવી છે.

# પશ્ચિમ રેલ્વેએ વિવિધ સ્થળોએ ખાસ ટ્રેન દોડાવવાનો સમય લંબાવ્યો

પશ્ચિમ રેલ્વે

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા અને વધારાના ભીડના કલાકોને સમાયોજિત કરવા માટે વિવિધ ખાસ ટ્રેનોના દોડાવવાનો સમય લંબાવ્યો છે.પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે: ટ્રેન નં. 04828 બાંદ્રા ટર્મિનસ-ભગત કી કોઠી સાપ્તાહિક વિશેષ 4 ઓક્ટોબરથી 1 નવેમ્બર, 2026 સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. 04827 ભગત કી કોઠી-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક વિશેષ 3 ઓક્ટોબરથી 31 ઓક્ટોબર, 2026 સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નં. 04728 વલસાડ-હિસાર સાપ્તાહિક વિશેષ 15 ઓક્ટોબરથી 26 નવેમ્બર, 2026 સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. 04727 હિસાર-વલસાડ સાપ્તાહિક વિશેષ 14 ઓક્ટોબરથી 25 નવેમ્બર, 2026 સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નં. 09045 ઉધના-મધુબની સાપ્તાહિક વિશેષ 27 સપ્ટેમ્બર, 2026 સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેનના દોડ નં. ૦૯૦૪૬ મધુબની-ઉધના સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નં. ૦૯૧૫૧ ઉધના-મધુબની સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૧૫૨ મધુબની-ઉધના સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૨ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નં. ૦૯૦૪૭ ઉધના-ઝાંઝરપુર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૪૮ ઝાંઝરપુર-ઉધના સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નં. ૦૯૦૩૧ ઉધના-હસનપુર રોડ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૩૨ હસનપુર રોડ-ઉધના ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન લંબાવવામાં આવી છે. ટ્રેન નં. ૦૯૪૬૫ અમદાવાદ-દરભંગા સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૨૭ નવેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૪૬૬ દરભંગા-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ન્યૂ વેસ્ટ કેબિન અને પ્રયાગરાજ જંક્શન વચ્ચે કોરિડોર બ્લોક હોવાને કારણે, ટ્રેન નંબર ૦૯૦૩૧/૦૯૦૩૨ અનુક્રમે ૨૦/૦૯/૨૦૨૬ અને ૨૨/૦૯/૨૦૨૬ થી પ્રયાગરાજ જંક્શનને બદલે સુબેદારગંજ સ્ટેશન પર રોકાશે. ટ્રેન નંબર 04828, 04728, 09045, 09151, 09047, 09031 અને 09465 ની વિસ્તૃત ટ્રિપ્સ માટે બુકિંગ 11.09.2026 થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ટ્રેનના સમય, સ્ટોપેજ અને રેક કમ્પોઝિશન અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### :ગણેશોત્સવની ભવ્ય આગમન યાત્રાઓનોમાં હજારોની સંખ્યામાં જન મેદની; ઘરોમાં સ્થાપિત થતા શ્રીજી માટે પણ તડામાર તૈયારીઓ

# ગણેશોત્સવને લઈ ભક્તિ અને ઉત્સાહનો માહોલ

(એજન્સી) વડોદરા | તા. 10

વડોદરા શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશોત્સવને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ચારેય બાજુ 'ગણપતિ બાપ્પા મોરિયા, મંગલમૂર્તિ મોરિયા'ના નાદ સાથે વિઘ્નહરતા ભગવાન શ્રીગણેશની આગમન યાત્રાઓ ધામધૂમથી નીકળી રહી છે. સંસ્કારી નગરી તરીકે જાણીતું વડોદરા ભક્તિના રંગે રંગાઈ ગયું છે અને શહેરના દરેક માર્ગ પર બાપ્પાના સ્વાગતની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે ફૂલબાજે પરિવાર દ્વારા ભવ્ય સુવર્ણજડિત ગણેશ મૂર્તિ સ્થાપિત કરી ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

શહેરમાં અનેક જગ્યાએ સ્થાપના માટે જઈ રહેલી વિશાળ કદની અને આકર્ષક ગણેશજીની મૂર્તિઓ લોકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે. પરંપરાગત વાજતે-ગાજતે, ઢોલ-નગારાના તાલે નીકળતી આ ભવ્ય આગમન યાત્રાઓમાં યુવાનો, મહિલાઓ અને વડીલો સૌકોઈ ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે. આ ભવ્યતા અને દિવ્યતા જોઈને સમગ્ર વાતાવરણ ઉત્સવમય અને ઊર્જાવાન બની જાય છે.

જાહેર પંડાલોની સાથેસાથે વડોદરાવાસીઓ ઘરે-ઘરે શ્રીજીની સ્થાપના કરવાનો અનોખો ઉમંગ જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરના કાલુપુરા જામદાર મહોલ્લા ખાતે ફૂલબાજે પરિવાર દ્વારા શ્રી ગણેશજીના આગમન, સ્થાપના તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ફૂલબાજે પરિવાર દ્વારા વર્ષોથી પરંપરાગત રીતે સુવર્ણજડિત ગણપતિ બાપ્પાની સ્થાપના કરવામાં આવે છે અને આ વર્ષે પણ ભક્તિ તથા ઉત્સાહભેર ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.

દરમ્યાન 17 સપ્ટેમ્બર 2026ના રોજ મહારાષ્ટ્રની પ્રસિદ્ધ અભિનેત્રી ગૌતમી પાટીલ દ્વારા ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવશે. સાથે વિસર્જન યાત્રામાં પુણેનું પ્રસિદ્ધ ઢોલ ગ્રુપ 'નાદબ્રહ્મ' તેમજ મુંબઈનું પ્રસિદ્ધ 'સોનુ મોનુ બીટ્સ' ખાસ ઉપસ્થિત રહેશે.

ગણેશોત્સવ શરૂ થવાના હવે ગણતરીના દિવસો છે ત્યારે દસ દિવસ સુધી ચાલનારા આ મહાપર્વમાં બાપ્પાની આરાધના દ્વારા સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આવે તેવી ભાવના સાથે વડોદરાવાસીઓ આ મહોત્સવની ઉજવણી માટે તત્પર બન્યા છે.




# કતારગામમાં 3 માસની ગર્ભવતી પરિણીતાનો ગળેફાંસો ખાઈ આપઘાત

## 'સાસુ કામ બાબતે કહેતા પતિ મારઝૂડ કરતો', મરાઠીમાં લખેલી સુસાઈડ નોટ મળી

સુરત | સુરતના કતારગામ વિસ્તારમાં સાસરિયાંના ત્રાસથી કંટાળીને 3 મહિનાની ગર્ભવતી પરિણીતાએ પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેવાની ચકચારી ઘટના સામે આવી હતી. મૃતક પાસેથી મરાઠી ભાષામાં લખાયેલી એક સુસાઈડ નોટ પણ મળી આવી હતી, જેમાં સાસુ દ્વારા કામ બાબતે પતિને કહીને શારીરિક-માનસિક ત્રાસ અપાતો હોવાનો ઉલ્લેખ કરાયો છે. આ મામલે મૃતકની માતાની ફરિયાદના આધારે કતારગામ પોલીસે પતિ અને સાસુ વિરુદ્ધ આપઘાત દુષ્પ્રેરણાનો ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

મૂળ મહારાષ્ટ્રના જલગાંવના પાચોરા તાલુકાના આશનખેડાના વતની અને હાલ સુરતના પાંડેસરા કર્મયોગી-2 સોસાયટીમાં રહેતાં 45 વર્ષીય અંજલીબેન નીકમની ફરિયાદ મુજબ, તેમની નાની દીકરી જ્યોત્સનાના લગ્ન 25 મે 2024ના રોજ સામાજિક રીતિ-રિવાજ મુજબ મૂળ વતનમાં પ્રદીપ ભારતભાઈ સોનવણે સાથે થયા હતા. લગ્ન બાદ જ્યોત્સના કતારગામ સ્થિત મગનનગર-2, મહાદેવ કોમ્પ્લેક્ષના ફ્લેટ નં.401માં સાસરીમાં રહેતી હતી.

માતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, દીકરીના સાસુ ઉષાબેન સતત દીકરીના કામ બાબતે જમાઈ પ્રદીપના કાન ભંભેરણી કરતી હતી. જેથી પતિ પ્રદીપ નાની-નાની વાતોમાં શંકા રાખી ઝઘડો કરી મારઝૂડ કરતો હતો. જ્યોત્સના ત્રણ માસથી ગર્ભવતી હતી. 6 સપ્ટેમ્બરના રોજ સવારે જ્યોત્સનાએ તેની માતાને ફોન કરીને રડતાં રડતાં જણાવ્યું હતું કે, 'હું આરામ કરતી હતી જેથી સાસુએ પતિને કહ્યું કે તારી પત્ની સૂઈ રહે છે અને કામમાં મદદ કરતી નથી. આ સાંભળી પતિ પ્રદીપે આવીને જમવાનું કેમ નથી બનાવતી કહી માર માર્યો હતો.'

બનાવના દિવસે (7 સપ્ટેમ્બર) સવારે જ્યોત્સનાની મોટી બહેન રમાઈએ તેને ચાર-પાંચ વખત ફોન કર્યો હતો પરંતુ તેણે ફોન ન ઉપાડતાં પતિ પ્રદીપને જાણ કરી હતી. પ્રદીપે પાડોશીના છોકરાને તપાસ કરવા મોકલતાં ઘરનો બહારનો દરવાજો ખુલ્લો હતો અને બેડરૂમનો દરવાજો અંદરથી બંધ હતો. પ્રદીપે ઘરે આવી સ્ટોર રૂમમાંથી બેડરૂમમાં જોતાં જ્યોત્સના પંખા સાથે દુપટ્ટો બાંધી લટકતી હાલતમાં દેખાઈ હતી. આસપાસના લોકોએ ગેસના બાટલા વડે ફટકા મારી બેડરૂમની કડી તોડી દરવાજો ખોલ્યો હતો અને 108ને જાણ કરી હતી, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.

ઘટનાની જાણ થતા કતારગામ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન રૂમમાંથી એક નોટબુક મળી આવી હતી. જેમાં જ્યોત્સનાએ આપઘાત કરતાં પહેલાં મરાઠીમાં લખ્યું હતું કે, 'કામ બાબતે મારી સાસુ મારા પતિને ચઢાવે છે, જે મને હવે સહન થતું નથી.' આ ઉપરાંત પાડોશીઓએ પણ રાત્રે ઘરમાં ઝઘડો થયો હોવાની વિગતો જણાવી હતી. આ મામલે માતા અંજલીબેન નીકમની ફરિયાદના આધારે કતારગામ પોલીસે પરિણીતાને આપઘાત માટે મજબૂર કરવા બદલ પતિ પ્રદીપ ભારતભાઈ સોનવણે અને સાસુ ઉષાબેન ભારતભાઈ સોનવણે સામે ગુનો દાખલ કર્યો છે.બનાવના દિવસે (૭ સપ્ટેમ્બર) સવારે જ્યોત્સનાની મોટી બહેન રમાઈએ તેને ચાર-પાંચ વખત ફોન કર્યો હતો પરંતુ તેણે ફોન ન ઉપાડતાં પતિ પ્રદીપને જાણ કરી હતી. પ્રદીપે પાડોશીના છોકરાને તપાસ કરવા મોકલતાં ઘરનો બહારનો દરવાજો ખુલ્લો હતો પરંતુ બેડરૂમ અંદરથી બંધ હતો. પ્રદીપે ઘરે આવી સ્ટોર રૂમમાંથી બેડરૂમમાં જોતાં જ્યોત્સના પંખા સાથે દુપટ્ટો બાંધી લટકતી હાલતમાં દેખાઈ હતી. આસપાસના લોકોએ ગેસના બાટલા વડે ફટકા મારી બેડરૂમની કડી તોડી દરવાજો ખોલ્યો હતો અને ૧૦૮ને જાણ કરી હતી, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.

# નેશનલ હાઈવે કોરિડોર્સ પર એક હજાર EV ચાર્જિંગ સ્ટેશન બનાવશે

(એજન્સી) વડોદરા | તા. 10

નેશનલ હાઈવે કોરિડોર્સ પર ઈલેક્ટ્રિક વાહનોના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને દેશભરમાં 1,000 EV ચાર્જિંગ સ્ટેશન સ્થાપિત કરવાની યોજના છે. આ ચાર્જિંગ સ્ટેશનોના કારણે લાંબા અંતરની મુસાફરી કરતા EV વાહનચાલકોને હાઈવે પર સરળતાથી ચાર્જિંગની સુવિધા મળી રહેશે. સાથે જ આ પહેલથી EV ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂતી મળશે અને પેટ્રોલ-ડીઝલ વાહનોના વિકલ્પ તરીકે ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે.

વડોદરાની કંપનીએ ઈન્ટરસિટી ઈલેક્ટ્રિક બસ, ટ્રક અને કમર્શિયલ કાર ફ્લીટ્સ માટે EV ચાર્જિંગના લાંબા ગાળાના એનર્જી કોન્ટ્રાક્ટ્સ મેળવ્યા છે, જેની કિંમત એક અબજ અમેરિકી ડોલરથી વધુ છે. જે અંતર્ગત કંપની દેશના મુખ્ય નેશનલ હાઈવે કોરિડોર્સ પર એક હજાર નવા EV ચાર્જિંગ સ્ટેશનો તૈયાર કરશે. નવા ઈવી ચાર્જિંગ સ્ટેશનો દરરોજ 15 હજારથી વધુ EV વ્હીકલને સપોર્ટ કરશે.

ચાર્જઝોનના ફાઉન્ડર અને સીઈઓ કાર્તિકેય હરિયાણીએ જણાવ્યું હતું કે, ભારતનું ઈવી ચાર્જિંગ માર્કેટ એવા તબક્કામાં પ્રવેશી રહ્યું છે જ્યાં સ્કેલ ફક્ત કેટલા ચાર્જિંગ સ્ટેશન લગાવવામાં આવ્યા છે તેનાથી નહીં, પરંતુ તેમના દ્વારા કેટલી એનર્જી વેચવામાં આવે છે અને આ એસેટ્સનો ઉપયોગ કેટલી સાતત્યપૂર્ણ રીતે થાય છે તેનાથી માપવામાં આવશે. બસ, ટ્રક અને ફ્લીટ્સમાં લાંબા ગાળાની ડિમાન્ડ કોન્ટ્રાક્ટ થવાથી અમે એનર્જી કન્ઝમ્પ્શન સામે નવી કેપેસિટી બનાવી શકીએ છીએ અને ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મોટા પાયે લાંબા ગાળાની મૂડી લાવવા માટે એક મજબૂત પાયો બને છે. ચાર્જઝોનના ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર મનીષ મધોગરિયાએ જણાવ્યું હતું કે, ઈવી ચાર્જિંગ એક મૂડી-સઘન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બિઝનેસ છે. આ લાંબા ગાળાના કોન્ટ્રાક્ટ્સ અમને ભવિષ્યની એનર્જી રેવન્યુમાં વધુ સારી દૃશ્યતા આપે છે. આ વિસ્તરણને સપોર્ટ કરવા માટે, ચાર્જઝોને વધુમાં ભારતીય બેંકો મારફતે અઢી કરોડ અમેરિકી ડોલરનું ડેટ ફાઈનાન્સિંગ મેળવ્યું છે અને 2026-2027 દરમિયાન વધારાના 10 કરોડ અમેરિકી ડોલર એકત્ર કરવાની યોજના ધરાવે છે.

# આત્મહત્યા કરવા વડોદરા આવેલી યુવતીને અભયમે બચાવી લીધી

(એજન્સી) વડોદરા | તા. 10

વડોદરા શહેરના વિશ્વામિત્રી રેલવે સ્ટેશન નજીક રાત્રિના સમયે આત્મહત્યા કરવાના ઈરાદે એકલી બેઠેલી 25 વર્ષીય યુવતીને અભયમની ટીમે બચાવી લીધી હતી. યુવતીને એકલી જોઈ સ્થાનિક લોકોએ અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કરતાં ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી હતી અને યુવતીનું કાઉન્સેલિંગ કરી સમગ્ર હકીકત જાણી હતી.

અભયમની ટીમ સ્થળ પર પહોંચી ત્યારે યુવતી વિશ્વામિત્રી રેલવે સ્ટેશન નજીક આવેલી એક સોસાયટીની બહાર બેઠેલી હતી. કાઉન્સેલિંગ દરમિયાન યુવતી અંકલેશ્વરની રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. યુવતીના જણાવ્યા મુજબ, તે અંકલેશ્વરથી તેના પિતા સાથે કામ અર્થે સુરત ગઈ હતી. ઘરે પરત આવ્યા બાદ માતા-પિતા વચ્ચે થતા અવારનવાર ઝઘડાથી તે માનસિક રીતે પરેશાન હતી. યુવતીએ જણાવ્યું હતું કે, પિતા અવારનવાર અપશબ્દો બોલતા અને તેને ઘરેથી નીકળી જવા કહેતા હતા.

પરિવારમાં સતત થતા ઝઘડા અને માનસિક તણાવથી કંટાળીને યુવતીએ માતા પાસેથી રૂ.200 માંગ્યા હતા અને ટ્રેનમાં બેસીને વડોદરા આવી પહોંચી હતી. રાત્રિના આશરે 12 વાગ્યે યુવતી સોસાયટી પાસે એકલી બેઠેલી જોવા મળતાં સ્થાનિક લોકોએ તેની પૂછપરછ કરી હતી. યુવતીએ આત્મહત્યા કરવા માટે આવી હોવાનું જણાવતાં સ્થાનિકોએ તેને ત્યાં બેસાડી અભયમનો સંપર્ક કર્યો હતો. અભયમની ટીમે અસરકારક કાઉન્સેલિંગ કરતાં યુવતીને ડિપ્રેશનની દવા પણ ચાલુ હોવાનું અને દવા લેવા માટે તે સુરત ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. યુવતીએ હોમ સાયન્સનો કોર્સ પણ કર્યો હોવાનું જણાવ્યું હતું.

અભયમની ટીમે યુવતીને આશ્વાસન આપી ખોટા વિચારો ન કરવા સમજાવ્યું હતું. ટીમે યુવતીના પિતાનો સંપર્ક કરતાં તેમણે "તમે દીકરીને જેલમાં બેસાડી દો" તેમ કહી ફોન કાપી નાખ્યો હતો. ત્યારબાદ ટીમે યુવતીની મોટી બહેનનો સંપર્ક કરતાં તેઓ હાલ પંજાબમાં હોવાનું અને વડોદરા પહોંચવામાં સમય લાગશે તેમ જણાવ્યું હતું. બહેને અભયમ ટીમનો આભાર માની યુવતીને પોતાની સાથે લઈ જવાની ખાતરી આપી હતી. રાત્રિનો સમય હોવાથી અભયમની ટીમે યુવતીને સુરક્ષિત આશ્રય માટે સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય અપાવ્યો હતો.

# યુવકોના આપઘાતનું રહસ્ય અકબંધ:વડોદરા શહેરમાં આપઘાતના બે અલગ-અલગ બનાવો: વારસીયા અને વાડી વિસ્તારમાં બે યુવકોએ ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યા

(એજન્સી) વડોદરા | તા. 10

વડોદરા શહેરમાં ગઈકાલે બે અલગ અલગ પોલીસ મથક હદ વિસ્તારમાં બે યુવકોએ ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધા હોવાની ઘટનાઓ સામે આવી છે. કુંભારવાડા અને વાડી પોલીસ સ્ટેશનની હદમાં બનેલા આ બંને બનાવોને પગલે સ્થાનિક વિસ્તારમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ છે અને પોલીસે આ અંગે અકસ્માતે મોતના ગુના નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

પ્રથમ બનાવની વિગતો મુજબ, વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં આવેલા ખારી તલાવીડી, વીમા દવાખાના પાસે અને ભાથુજી મંદિર પાછળ રહેતા 38 વર્ષીય રાજુભાઈ સનાભાઈ રાઠોડે ગત સાંજે પોતાના ઝુંપડામાં લાકડાની વળી સાથે ખાટલાની પાટી બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ બનાવની જાણ થતાં જ કુંભારવાડા પોલીસ મથકનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહને કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે કોલ્ડરૂમમાં ખસેડવાની તજવીજ હાથ ધરી હતી અને મોતનું કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, વડોદરા શહેરના જ વાડી વિસ્તારમાં આવેલા હુસેની ચોક, બદરી મોહલ્લામાં રહેતા 34 વર્ષીય મુસ્તફા ફિરોઝભાઈ ટીનવાલા નામના યુવકે પણ ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હોવાનો બીજો બનાવ પ્રકાશમાં આવ્યો છે. વાડી પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પોહચી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. હાલમાં બંને બનાવમાં પોલીસે અકસ્માતે મોત અંગેનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બંને બનાવોમાં મૃતક યુવકો પાસેથી કોઈ શંકાસ્પદ વસ્તુઓ મળી આવી નથી.

### મહેસાણાથી ખરીદી કરવા આવ્યાને રિક્ષામાં ભૂલી ગયા, CCTVમાં તપાસ કરી રિક્ષાને શોધી; પોલીસનો વેપારીએ આભાર માન્યો

# વરાછા પોલીસે વેપારીનું 1.87 લાખ રોકડા ભરેલું બેગ પરત અપાવ્યું




(એજન્સી) સુરત | તા. 10

સુરતમાં ખરીદી કરવા આવતા વેપારીઓ માટે સુરત પોલીસ ફરી એકવાર દેવદૂત સાબિત થઈ છે. બહારગામથી સાડીઓની ખરીદી કરવા સુરત પહોંચેલા એક વેપારીની રોકડા 1,87,000 ભરેલી બેગ ઓટોરિક્ષામાં ભૂલાઈ જતાં વેપારીના જીવ અધ્ધર થઈ ગયા હતો. જો કે, વરાછા પોલીસે સમય સૂચકતા વાપરી અલગ-અલગ CCTV કેમેરા ચેક કરી ગણતરીના કલાકોમાં જ રિક્ષાચાલકને શોધી કાઢી સમગ્ર રકમ વેપારીને હેમખેમ પરત અપાવી છે. ખાખી વર્દીની ત્વરિત કામગીરી અને રિક્ષાચાલકની ઈમાનદારી જોઈ વેપારી ભાવવિભોર થઈ ગયા હતા.

મૂળ રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના ગોગુંદા થાણા વિસ્તારના વતની અને હાલ મહેસાણામાં શિવશક્તિ પેલેસના નામે સાડીનો વ્યવસાય કરતા પુરણસિંગ મનોહરસિંગ સિસોદીયા 7 સપ્ટેમ્બરના રોજ સુરતમાં સાડીનો માલ ખરીદવા આવ્યા હતા. તેઓ સરદાર માર્કેટથી ઓટોરિક્ષા ભાડે કરી બોમ્બે માર્કેટ ગેટ નં-4 પાસે ઉતર્યા હતા. ઉતાવળમાં તેઓ પોતાની બેગ રિક્ષામાં જ ભૂલી ગયા હતા. આ બેગમાં હિસાબ-કિતાબની ચોપડી, કપડાં અને રોકડા 1,87,000 રાખેલા હતા. રિક્ષા ગયા બાદ ધ્યાને આવતાં વેપારીના હોશ ઊડી ગયા હતા. મહેનતની કમાણી અને ખરીદી માટે લાવેલી મોટી રોકડ રકમ ગુમાવી બેસવાની ચિંતામાં તેઓ બપોરે પોણા એક વાગ્યાની આસપાસ સીધા વરાછા પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. વરાછા PI એ.આર.વાળાને સમક્ષ વેપારીએ સમગ્ર આપવીતી રજૂ કરતાં પોલીસે તાત્કાલિક મામલાની ગંભીરતા સમજી સર્વેલન્સ ટીમને કામે લગાડી હતી. સર્વેલન્સ સ્ટાફના PSI વી.ડી.માળી સહિતની ટીમે વેપારીને સાથે રાખી બોમ્બે માર્કેટ ગેટ નં-4 આસપાસના તેમજ રસ્તાના અલગ-અલગ સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા. ટેકનિકલ અને હ્યુમન સર્વેલન્સની મદદથી પોલીસે ગણતરીના સમયમાં ઓટોરિક્ષાની ઓળખ કરી લીધી હતી. પોલીસે રિક્ષાચાલક સુનિલ શ્રીપાલ બગેલનો સંપર્ક કરી તેને પોલીસ મથકે બોલાવ્યો હતો. રિક્ષાચાલક સુનિલે જણાવ્યું હતું કે, બોમ્બે માર્કેટનું પેસેન્જર ઉતાર્યા બાદ તેઓ અન્ય પેસેન્જરનું ભાડું લઈને ડુમસ પહોંચ્યા હતા. ડુમસ પહોંચ્યા પછી પાછળ નજર કરતાં કોઈ મુસાફરની બેગ રહી ગઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી તેમણે બેગ સહી-સલામત પોતાની પાસે જ રાખી મૂકી હતી. પોલીસ સ્ટેશનમાં રિક્ષાચાલકે વેપારીની 1,87,000ની રોકડ રકમ તેમજ અન્ય સામાન ભરેલી બેગ સુપરત કરી હતી. પોતાની મહેનતની પૂરેપૂરી રકમ સુરક્ષિત પરત મળતાં વેપારી પુરણસિંગની આંખો હર્ષથી છલકાઈ ગઈ હતી અને તેમણે વરાછા પોલીસ સ્ટાફ તેમજ રિક્ષાચાલક સુનિલની પ્રામાણિકતાની પ્રશંસા કરી.

### સુરતમાં 2 વર્ષ પહેલા થયેલા કુદરતી મોતના કેસમાં નવો વળાંક, DNA રિપોર્ટમાં આરોપીનો ભાંડો ફૂટ્યો

# સગીરાનું મોત થયું તે પહેલા સાવકા બાપે દુષ્કર્મ આચર્યાનો ઘટસ્ફોટ

(એજન્સી) સુરત | તા. 10

સુરતના અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જૂન, 2024માં 13 વર્ષીય સગીરાના બીમારીના કારણે થયેલા મોત કેસમાં બે વર્ષે ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. ફોરેન્સિક પીએમના રિપોર્ટમાં સગીરાના મોત પહેલા દુષ્કર્મ આચર્યાના ખુલાસો થયો, પોલીસે પુરાવાના આધારે વધુ તપાસ કરી તો આ કુકર્મ મૃતકના સાવકા બાપે જ કર્યાનું સામે આવતા તેની ધરપકડ કરી લેવામાં આવી છે.

8 જૂન, 2024ના દિવસે મૃતક સગીરાના ભાઈએ સુરતની અઠવાલાઈન્સ પોલીસ સમક્ષ જાહેરાત આપી હતી કે, તેની બહેનને અચાનક ઉલ્ટીઓ થયા બાદ મોઢામાંથી ફીણ નીકળવા માંડ્યા હતા. 108માં હોસ્પિટલ ખસેડી તો ડોકટરોએ મૃત જાહેર કરી. જે તે સમયે અકસ્માત મોત દાખલ કરી નવી સિવિલમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું અને મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતકના વિસેરા અને અન્ય નમૂનાઓ લઈ FSLમાં મોકલી દેવાયા હતા.

બનાવના 2 વર્ષ બાદ સુરતની નવી સિવિલ હોસ્પિટલના ફોરેન્સિક વિભાગ તરફથી પોલીસને ફાઈનલ 'કોઝ ઓફ ડેથ' સર્ટિફઈકેટ સોંપવામાં આવ્યું. રિપોર્ટ જોતા પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા. રિપોર્ટમાં સ્પષ્ટ નોંધ હતી કે, બાળકીનું મોત ફેફસાની બીમારીથી થયું છે, પરંતુ સાથે જ શરીર પર સામાન્ય ઈજાના નિશાન અને ગુપ્ત ભાગે બળજબરીપૂર્વકના શારીરિક અત્યાચાર તેમજ સીમેનના અવશેષ મળ્યા હતા. બીમારીથી ઝઝૂમતી લાચાર સગીરા સાથે મોતના થોડા સમય પહેલાં જ જઘન્ય કૃત્ય આચરાયું હોવાનું સાબિત થતાં પોલીસે અજાણ્યા શખ્સ સામે પોક્સો અને બળાત્કારનો ગુનો નોંધ્યો.

તપાસ દરમિયાન મૂળ ફરિયાદ આપનાર મૃતકનો ભાઈ નેપાળ જતો રહ્યો હતો અને સંપર્કવિહોણો બન્યો હતો. અઠવાલાઈન્સ પોલીસે બાળકીની શાળા, ચોટા બજારની દુકાનો જ્યાં તેણીએ કામ કર્યું હતું અને પરિવારે 2024થી અત્યાર સુધી બદલેલા તમામ મકાનોની મુલાકાત લીધી. આસપાસના સાહેદોની પૂછપરછમાં સામે આવ્યું કે, સગીરાનો 45 વર્ષીય સાવકો પિતા અવારનવાર તેની સાથે મારઝૂડ કરતો અને પરિવારમાં નશાની લતના કારણે રોજ ઝઘડા થતા. આ શંકાના આધારે પોલીસે સાવકા પિતાને અટકાયતમાં લઈ તેના DNA સેમ્પલ લીધા હતા. FSLતપાસમાં બાળકીના ગુપ્ત ભાગમાંથી મળેલા નમૂના સાથે સાવકા પિતાનું DNA 100 ટકા મેચ થઈ જતાં પોલીસે ધરપકડ કરી લીધી.

સુરત શહેર ડીસીપી નિધિ ઠાકુરે જણાવ્યું હતું કે, 'અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશન વિસ્તારમાં 2024માં 8 જૂનના રોજ એક અકસ્માત મોત દાખલ થઈ હતી, જેમાં 13 વર્ષ 6 માસની છોકરીનું મોત ફેફસાની બીમારીના કારણે પોસ્ટમોર્ટમમાં આવેલ હતું. આ પોસ્ટમોર્ટમ બે વર્ષ પછી અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં રિપોર્ટ આવ્યો અને આ રિપોર્ટમાં મોતના કારણ સિવાય પ્રાઈવેટ અંગોમાં સીમેનની હાજરી પણ સામે આવી હતી.

અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં બાપ-દીકરીના સંબંધોને કલંકિત કરતો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં સાવકા પિતાએ પોતાની જ 17 વર્ષીય સગીર દીકરી સાથે છેલ્લા બે મહિનાથી સતત દુષ્કર્મ આચર્યું હોવાની હકીકત સામે આવી છે. સગીરાની માતા વ્યવસાયે શિક્ષિકા હોવાથી સવારે નોકરી પર જતી રહેતી હતી, જેનો ફાયદો ઉઠાવીને આરોપી પિતા ઘરમાં રહેતી એકલી સગીર દીકરી પર સતત 2 મહિનાથી કુકર્મ કરતો હતો. આ ઘટનાની ખબર પડતા શિક્ષિકા માતાએ ઘરમાં છૂપી રીતે મોબાઈલ વીડિયો રેકોર્ડિંગ ચાલુ રાખીને પુરાવા એકત્ર કર્યા અને ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં આરોપી પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી.

**સાવલીની કંપનીમાં 95.65 લાખની નાણાકીય ઉચાપત**

# પૂર્વ આસિસ્ટન્ટ મેનેજરે બેંક ખાતાઓમાંથી પત્નીના અને અન્ય બે એકાઉન્ટમાં રકમ ટ્રાન્સફર કરી કૌભાંડ આચર્યું

(એજન્સી) વડોદરા | તા. 10

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના વડદલા ગામમાં મીના સર્કિટ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં નાણાકીય ગેરરીતિનો મામલો સામે આવ્યો છે. જ્યાં કંપનીના જ પૂર્વ આસિસ્ટન્ટ મેનેજરે રૂપિયા 95.65 લાખની ઉચાપત કરી હોવાની વિગતો બહાર આવી છે. આ મામલે સાવલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



સાવલીના વડદલા ગામમાં મીના સર્કિટ પ્રા. લિ. કંપનીમાં અગાઉ આસિસ્ટન્ટ મેનેજર-એકાઉન્ટ્સ તરીકે ફરજ બજાવતા અલ્પેશકુમાર ચંદ્રકાન્ત પટેલ નામના વ્યક્તિએ આ કૌભાંડ આચર્યું છે. આ આરોપીએ કંપનીમાં વર્ષ 2024થી વર્ષ 2026ના સમયગાળા દરમિયાન વિશ્વાસઘાત કર્યો હતો. આ સમયગાળા દરમિયાન આરોપીએ કંપનીના બેંક એકાઉન્ટમાંથી પોતાના તેમજ તેની પત્ની બિના અલ્પેશભાઈ પટેલ તથા અન્ય બે એકાઉન્ટમાં 89,17,826 ટ્રાન્સફર કર્યાં હતા. આ ઉપરાંત, ટ્રાવેલિંગ એક્સપેન્સીસ પેટે 1,54,559 તેમજ ખોટા વાઉચરો બનાવી રોકડા 7,43,451 પણ મેળવ્યા હતા. આ રીતે કુલ 98,15,8836 રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી. તેમાંથી તેણે 2,50,000ની રકમ કંપનીના યસ બેંકના એકાઉન્ટમાં જમા કરાવી હતી. એ સાથે જ 95,65,836ની રકમની આખરી ઉચાપત થયાનું નોંધાયું છે. કંપનીના એકાઉન્ટન્ટ તરીકેની ફરજ દરમિયાન આરોપીને સોંપવામાં આવેલી જવાબદારીનો ભંગ કરવામાં આવ્યો છે. તેણે ઉપરોક્ત રકમના નાણા પોતાના તથા અન્ય બીજા ખાતાઓમાં ટ્રાન્સફર કરી અંગત ફાયદા માટે ઉપયોગમાં લીધા હતા.

**પત્નીના જન્મદિવસે જ રત્નકલાકારે ઝેર ગટગટાવ્યું**

# કારખાનેથી વહેલા ઘરે આવી આર્થિક તંગીમાં અંતિમ પગલું ભર્યું, સ્મીમેરમાં ટૂંકી સારવાર બાદ મોત થયું

(એજન્સી) સુરત | તા. 10

સુરત શહેરમાં આપઘાત કરવાના કિસ્સાઓ સતત ચિંતાજનક રીતે વધી રહ્યા છે. કાપોદ્રા વિસ્તારમાં આવેલા ઠાકોર દ્વાર નજીક ભગવતી કૃપા સોસાયટીમાં રહેતા 26 વર્ષીય યુવાન રત્નકલાકારે પત્નીના જન્મદિવસે જ ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું હતું. ખુશીના દિવસે જ સર્જાયેલી આ કરુણાંતિકાથી પરિવારમાં ભારે માતમ છવાઈ ગયો છે.

મૂળ ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના નાનાસુરકા ગામના વતની મેહુલ દેવરાજભાઈ વઘાસિયા (ઉં.વ. 26) કાપોદ્રા ખાતે પરિવાર સાથે રહી હીરાના કારખાનામાં કામ કરતા હતા. તેમની પત્ની ઘરે બેઠા બ્યુટી પાર્લર ચલાવી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતી હતી. ગતરોજ પત્નીનો જન્મદિવસ હોવાથી મેહુલ બપોરે જ કારખાનેથી વહેલા ઘરે આવી ગયો હતો. જોકે, તે સમયે પત્ની તેની માતાના ઘરે ગઈ હોવાથી ઘરમાં કોઈ હાજર નહોતું. ઘરમાં એકલતા જોઈ મેહુલે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી.

ઝેરી દવા પીધા બાદ મેહુલની તબિયત લથડતાં તેણે બૂમાબૂમ શરૂ કરી હતી. અવાજ સાંભળીને દોડી આવેલા પાડોશીઓએ તાત્કાલિક પરિવારજનોને જાણ કરી હતી. ગંભીર હાલતમાં મેહુલને 108 મારફતે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

ઘટનાની જાણ થતાં કાપોદ્રા પોલીસનો કાફલો હોસ્પિટલ પહોંચ્યો હતો અને અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. મેહુલ છેલ્લા કેટલાક સમયથી આર્થિક સંકડામણમાંથી પસાર થઈ રહ્યો હોવાથી આ પગલું ભર્યું હોવાની આશંકા સેવવામાં આવી રહી છે. પરિવારે આધારસ્તંભ પુત્ર ગુમાવતા સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

**વૃષભ : બ. વ. ઉ.**

જૂના મિત્ર સાથે પુનર્મિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારા પરિવાર માટે કોઈક સારા તથા અર્થપૂર્ણ કાર્યમાં જોખમ લો.

**મિથુન : ક. છ. ઘ.**

રમુજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્દલ તમે નસીબદાર છો. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે.

**કર્ક : ડ. હ.**

દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં ઓછા સમયમાં પાર પાડી શકશો. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલુ ધન આજે પાછું આવી શકે છે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે.

**સિંહ : મ. ટ.**

તમારા મગજમાં હકારાત્મક વિચારો લાવો. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે.

**કન્યા : પ. ઠ. ણ.**

હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. કેટલાક લોકો તમારા મગજ પર સવાર થઈ શકે છે એમની બસ અવગણના જ કરો. પ્રિયપાત્ર સાથે બહાર જવાનો પ્રૉગ્રામ નિષ્ફળ જવાની શક્યતા છે.

**તુલા : ર. ત.**

તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો. એ સાથે જ યાદ રાખો કે ગુસ્સો એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે.

**વૃશ્ચિક : ન. ય.**

મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો.

**મકર : ખ. જ.**

વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો. તમારા પ્રિયપાત્રથી દૂર રહેવું.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમે તમારી લાંબા ગાળાની બીમારી સામે લડી રહ્યા હો ત્યારે એ વાત સમજો કે પોતાની જાત પર વિશ્વાસ વીરત્વનો સાર છે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે.

# રોકાણમાં AIનો પ્રવેશ: શું હવે Artificial Intelligence તમને જણાવશે કે તમારા પૈસા ક્યાં રોકવા?

Artificial Intelligence (AI) રોકાણના ક્ષેત્રમાં સૌથી વધુ ચર્ચામાં રહેલા વિષયોમાંનું એક બની ગયું છે. પરંતુ વાસ્તવિક પ્રશ્ન એ નથી કે AI તમને ક્યાં રોકાણ કરવું તે જણાવશે કે નહીં. વાસ્તવિક પ્રશ્ન એ છે કે AI ખરેખર ક્યાં મૂલ્ય ઉમેરે છે અને ક્યાં માનવીય નિર્ણયક્ષમતા હજુ પણ મહત્વપૂર્ણ છે.AI વિશાળ પ્રમાણમાં માહિતીનું વિશ્લેષણ કરવામાં અસાધારણ રીતે સક્ષમ છે, જે કોઈપણ માનવીય ટીમ માટે એટલી ઝડપ અને વ્યાપકતા સાથે કરવું મુશ્કેલ છે. તે કંપનીના ફાઇલિંગ્સ, અર્નિંગ્સ કૉલ્સ, બજારના ડેટા, મેક્રોઇકોનોમિક સૂચકાંકો અને ન્યૂઝ ફ્લોને રિયલ ટાઇમમાં વિશ્લેષિત કરી શકે છે અને એવા પેટર્ન ઓળખી શકે છે જે અન્યથા ધ્યાનમાં આવી શક્યા ન હોત. એટલું જ મહત્વપૂર્ણ એ છે કે મશીન આધારિત પ્રક્રિયા રોકાણમાં લાગણીઓના પ્રભાવને ઘટાડવામાં મદદ કરી શકે છે, જે ઘણીવાર રોકાણકારોને બજારની ટોચના સ્તરે ખરીદી કરવા અથવા ગભરાટના સમયગાળા દરમિયાન વેચાણ કરવા તરફ દોરી જાય છે.આમ છતાં, AI કોઈ ક્રિસ્ટલ બોલ નથી. બજારો સતત બદલાતા રહે છે અને ઐતિહાસિક ડેટા પર પ્રશિક્ષિત મોડલ્સ માટે જ્યારે વિશ્વમાં અણધાર્યા ફેરફારો થાય ત્યારે યોગ્ય રીતે કાર્ય કરવું મુશ્કેલ બની શકે છે. તેથી સારા રોકાણ માટે માત્ર અલ્ગોરિધમ્સ પૂરતા નથી.મજબૂત જોખમ વ્યવસ્થાપન, સતત શીખવાની પ્રક્રિયા અને જ્યારે જરૂરી હોય ત્યારે મોડલ્સને અનુકૂળ બનાવવાની શિસ્ત પણ જરૂરી છે.અહીં AI અને



પરંપરાગત ક્વોન્ટિટેટિવ ઇન્વેસ્ટિંગ વચ્ચેનો તફાવત સમજવો પણ મહત્વપૂર્ણ છે. ક્વોન્ટિટેટિવ ઇન્વેસ્ટિંગ ઘણા દાયકાઓથી ડેટા અને સિસ્ટમેટિક મોડલ્સનો ઉપયોગ કરે છે. AI આ પ્રક્રિયાનું આગલું પગથિયું છે, જે રોકાણ વ્યવસ્થાપકોને વધુ સમૃદ્ધ અને વિવિધ પ્રકારના ડેટાસેટ્સનું વિશ્લેષણ કરવા, વધુ જટિલ સંબંધો શોધવા તથા સંશોધન, પોર્ટફોલિયો કન્સ્ટ્રક્શન અને જોખમ વ્યવસ્થાપનમાં સુધારો કરવા સક્ષમ બનાવે છે. તે સિસ્ટમેટિક ઇન્વેસ્ટિંગનું સ્થાન લેતું નથી, પરંતુ તેને વધુ અસરકારક બનાવવામાં સહાય કરે છે.AlphaGrep* ખાતે, સિસ્ટમેટિક ઇન્વેસ્ટિંગ છેલ્લા 16 વર્ષથી અમારી કામગીરીના મૂળમાં રહ્યું છે. આજે અમે રોકાણ પ્રક્રિયાના વિવિધ તબક્કાઓમાં AIનો ઉપયોગ કરીએ છીએ.માત્ર રોકાણની તકો ઓળખવા માટે જ નહીં, પરંતુ સંશોધનને મજબૂત બનાવવા, પોર્ટફોલિયોની દેખરેખ રાખવા અને જોખમ વ્યવસ્થાપનને વધુ અસરકારક બનાવવા માટે પણ. અમારું માનવું છે કે AI એક શક્તિશાળી સાધન છે, જે શિસ્તબદ્ધ રોકાણ પ્રક્રિયાઓને વધુ સારી બનાવે છે,' તે અનુભવ અથવા માનવીય નિર્ણયક્ષમતાનો વિકલ્પ નથી.રોકાણનું ભવિષ્ય કદાચ માનવી અને AI વચ્ચેની સ્પર્ધાનું નહીં હોય. પરંતુ તે એવા રોકાણ વ્યવસ્થાપકોનું હશે, જેઓ મશીનોની ઝડપ અને વિશાળ પ્રમાણમાં માહિતીનું વિશ્લેષણ કરવાની ક્ષમતાને માનવીય નિર્ણયક્ષમતા, અનુભવ અને જવાબદારી સાથે અસરકારક રીતે જોડવાનું જાણે છે.જે સફળ રોકાણ માટે હંમેશાં મહત્વપૂર્ણ રહ્યા છે."

AlphaGrepનો અર્થ AlphaGrep Securities Private Limited છે, જે AlphaGrep Investment Management Private Limitedના Sponsor છે અને AlphaGrep Mutual Fund માટે Investment Manager તરીકે કાર્ય કરે છે. Disclaimer: અહીં વ્યક્ત કરવામાં આવેલા મંતવ્યોમાં જાણીતા તેમજ અજાણ્યા જોખમો અને અનિશ્ચિતતાઓ સામેલ છે, જેના કારણે વાસ્તવિક પરિણામો, કામગીરી અથવા ઘટનાઓ વ્યક્ત કરવામાં આવેલા અથવા સૂચિત પરિણામોથી નોંધપાત્ર રીતે અલગ હોઈ શકે છે.આ સંચાર માત્ર માહિતીના હેતુસર છે અને તેને રોકાણ અંગેની સલાહ અથવા કોઈપણ સ્કીમ કે પ્રોડક્ટમાં રોકાણ કરવાની ભલામણ તરીકે ગણવો નહીં.રોકાણકારોને કોઈપણ વળતર, મૂડીની સુરક્ષા અથવા મૂડીની ગેરંટી મળશે તેની કોઈ ખાતરી આપવામાં આવતી નથી.આ સંચારમાં અલ્ગોરિધમિક અને ડેટા આધારિત રોકાણ અભિગમોનો ઉલ્લેખ હોઈ શકે છે. આવા મોડલ્સ ઐતિહાસિક ડેટા અને પૂર્વનિર્ધારિત પદ્ધતિઓ પર આધારિત હોય છે અને તેમની પોતાની મર્યાદાઓ હોય છે. તેઓ કામગીરીની કોઈ ગેરંટી આપતા નથી કે બજારના જોખમોને દૂર કરતા નથી. બજારની પરિસ્થિતિઓ અનુસાર પરિણામોમાં ફેરફાર થઈ શકે છે. આવી માહિતીની ચોકસાઈ અથવા તેના કોઈપણ ઉપયોગ કે તેના પર કરવામાં આવતા ભરોસા અંગે AlphaGrep Investment Management Private Limited / AlphaGrep Mutual Fundની કોઈ જવાબદારી રહેશે નહીં.મ્યુચ્યુઅલ ફંડ રોકાણ બજારના જોખમોને આધીન છે. તમામ સ્કીમ સંબંધિત દસ્તાવેજો ધ્યાનપૂર્વક વાંચો.

## સંખેડા પોલીસ સ્ટેશનમાંથી ફિંગરપ્રિન્ટની કામગીરી વખતે ગંભીર ગુનાનો આરોપી ફરાર: પોલીસ બેડામાં મચી દોડધામ

રિપોર્ટર .કમલેશ પટેલ | સંખેડા

સંખેડા પોલીસ સ્ટેશનમાંથી આજે સાંજે 7 વાગ્યાની આસપાસ એક ગંભીર ગુનાનો આરોપી ફરાર થઈ ગયો હતો. ફિંગરપ્રિન્ટની કામગીરી માટે તેને બીજા માળે લઈ જવામાં આવી રહ્યો હતો, ત્યારે તેણે તકનો લાભ લઈ ભાગી



છૂટ્યો હતો. આ ઘટનાને પગલે પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ છે.ફરાર થયેલો આરોપી હંસાપુરા ગામનો રહેવાસી છે. તેના વિરુદ્ધ સંખેડા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. 11195000225125/25 હેઠળ BNS કલમ 115(2), 118(2), 125(A), 80(4), 333, 352(2)(3) તથા જી.પી. એક્ટ 135 મુજબ ગુનો નોંધાયેલ છે.આરોપીને બોડેલી કોર્ટમાં રજૂ કરાયો હતો. જોકે, ફિંગરપ્રિન્ટની પ્રક્રિયા બાકી હોવાથી તેને સંખેડા પોલીસ સ્ટેશન પાછો લાવવામાં આવ્યો હતો. પોલીસ સ્ટેશનના બીજા માળે ફિંગરપ્રિન્ટની પ્રક્રિયા માટે લઈ જતી વખતે તે ભાગી ગયો હતો.ઘટનાની જાણ થતાં જ સંખેડા PI સહિતનો સમગ્ર સ્ટાફ સક્રિય થયો હતો. આરોપીને પકડી પાડવા માટે સંખેડા પોલીસ ઉપરાંત બોડેલી અને નસવાડી પોલીસને પણ શોધખોળ માટે બોલાવાઈ છે. રાત્રીનો સમય હોવાથી પોલીસ દ્વારા આસપાસના નદીના કોતર વિસ્તારમાં બેટરીના પ્રકાશમાં નાકાબંધી કરીને સઘન શોધખોળ શરૂ કરાઈ છે.

## ડૉ. સુભાષ મહિલા કોલેજ ખાતે 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ' નિમિત્તે પરિસંવાદ યોજાય ગયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

ડો.સુભાષ મહિલા આર્ટસ, કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, જૂનાગઢના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા ૧૦ સપ્ટેમ્બર એટલે કે 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ' નિમિત્તે 'આત્મહત્યા નિવારણ : ચેતવણીરૂપ સંકેતો, કારણો અને નિવારણના ઉપાયો' વિષય પર વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સંસ્થાના આદ્યસ્થાપક પૂજ્ય બાપુજીની સ્મરણાંજલિ તથા મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. આ પ્રસંગે અધ્યક્ષીય ઉદ્બોધનમાં કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ.બલરામ ચાવડા એ જણાવ્યું હતું કે, જીવનમાં આવતા તણાવ અને નિષ્ફળતાના ડર સામે મનોબળ મજબૂત રાખી સકારાત્મક અભિગમ અપનાવવો અનિવાર્ય છે. પરિસંવાદના પ્રથમ ચરણમાં સિવિલ હોસ્પિટલ, જૂનાગઢના મનોવૈજ્ઞાનિકશ્રી સુમિત વડસરિયા દ્વારા આત્મહત્યા તરફ દોરી જતા વિવિધ માનસિક-સામાજિક કારણો તેમજ વ્યક્તિના વ્યવહારમાં જોવા મળતા ગંભીર ચેતવણીરૂપ સંકેતો (Warning Signs) પર ઊંડાણપૂર્વક છણાવટ કરવામાં આવી હતી.



તેમણે જણાવ્યું કે અચાનક એકલવાયા રહેવું, નકારાત્મક વાતો કરવી કે વર્તનમાં મોટો ફેરફાર થવો એ આંતરિક સંઘર્ષના સંકેતો હોઈ શકે છે, જેને સમયસર ઓળખવા ખૂબ જરૂરી છે. ત્યારબાદ સિવિલ હોસ્પિટલના મનોચિકિત્સક ડૉ.સોહમ બુચ દ્વારા આત્મહત્યા નિવારણના તબીબી અને ક્લિનિકલ ઉપાયો વિશે સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તેમણે ડિપ્રેશન, એન્ઝાઈટી જેવા માનસિક રોગોની સમયસર ઓળખ, યોગ્ય તબીબી સારવાર, વ્યાવસાયિક કાઉન્સેલિંગ તેમજ સંકટના સમયે હેલ્પલાઈન અને તબીબી સેવાઓ મેળવવાના ઉપાયો સરળ શૈલીમાં સમજાવ્યા હતા. કાર્યક્રમનું સમગ્ર અને ગરિમાપૂર્ણ સૂત્રસંચાલન મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ.અશોક કંટારીયાએ કર્યું હતું, જ્યારે અંતમાં પ્રા.શાંતીબેન કામ્બરીયાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમના અંતે બંને તજજ્ઞ મહાનુભાવોને સંસ્થા તરફથી આભાર દર્શક પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ જાગૃતિ કાર્યક્રમમાં કોલેજનો સમગ્ર શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી. આ પ્રકારના સમજોપયોગી કાર્યક્રમો યોજવા બદલ સંસ્થાના ટ્રસ્ટીશ્રી જવાહરભાઈ ચાવડા તથા મીતાબેન ચાવડાએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## ઓપન જુનાગઢ માટીના ગણપતી દાદા બનાવવા માટેના વર્કશોપનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રી સંહિતા મહિલા મંડળ, જૂનાગઢ દ્વારા સ્વ.શ્રીમતી વીણાબેન પંડ્યા ની યાદમાં તેમના માનીતા કાર્યક્રમ ઓપન જુનાગઢ માટીના ગણપતી દાદા બનાવવા માટેના વર્કશોપનું આયોજન તા.૧૨-૦૯-૨૦૨૬ને શનિવારના રોજ સાંજે 4 થી 6 લોઢીયા વાડી પાસે, કૃષ્ણનગર, સંસ્કૃતિ ફ્લેટ સામે કોમન પ્લોટમાં કરવામાં આવ્યું છે, તેમાં શ્રી રીટાબેન દવે સૌને માટીના ગણપતિ દાદા બનાવતા શીખવાડશે તો માટીના ગણપતિ દાદા શીખવા માટે શ્રીમતી ચેતનાબેન પંડ્યા મોં.નં. 8733822221 ઉપર સંપર્ક કરી નામ લખાવવું ફરજીયાત છે આ વર્કશોપ ફ્રી માં રાખવામા આવેલ છે. તેમાં માટી સંસ્થા તરફથી આપવામાં આવશે પરંતુ માટી ચાળવા માટે ચારણી, પાટલો, ચાકુ, દોરો, ખાલી મોટા વાસણ પોતાના ઘરેથી લઈને આવવાનું રહેશે તેમ એક યાદીમાં જણાવ્યું છે.

## નખત્રાણાના સોની સમાજના યુવાનોની શિવભક્તિ : 5 કિ.મી. સુધી કાવડ લઈને મહાકાલેશ્વર ધામ સુધી યાત્રા

હર્ષિદ નવીનભાઈ સોની અને વંશ નિતિનભાઈ સોની દ્વારા કાવડ યાત્રા પ્રસ્થાન સમયે સમાજના અગ્રણીઓ અને વેપારીઓ રહા ઉપસ્થિત



મહેશ એલ. સોની, નખત્રાણા

નખત્રાણા : શ્રાવણ માસના પવિત્ર અવસરે નખત્રાણાના સોની સમાજના બે યુવાનોમાં અનેરી શિવભક્તિ જોવા મળી હતી. સોની સમાજના યુવાનો હર્ષિદ નવીનભાઈ સોની અને વંશ નિતિનભાઈ સોનીએ નખત્રાણાથી અંદાજિત 5 કિલોમીટર સુધી કાવડ લઈને કુદરતના સાનિધ્યમાં આવેલા શ્રી મહાકાલેશ્વર મંદિર સુધી ભવ્ય કાવડ યાત્રા કરી હતી.આ યાત્રાનો પ્રારંભ નખત્રાણાના મેઈન બજારથી કરવામાં આવ્યો હતો. સોની સમાજના અગ્રણીઓ તેમજ નખત્રાણા વેપારી અગ્રણીઓ તેમજ શેરી વિસ્તારના લોકોએ બન્ને યુવાનોની શિવ ભક્તિને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી.મેઈન બજારથી ' નમ: શિવાય, હર હર મહાદેવ' ના ગગનભેદી નાદ સાથે યાત્રા શરૂ થઈ હતી. યુવાનો ખભા પર સજાવેલી કાવડ લઈને, ભગવા વસ્ત્રોમાં સજ્જ થઈને ઉત્સાહભેર પગપાળા નખત્રાણાથી પાંચેક કિમી દુર બૈરૂ રોડ પર થોડા વર્ષ પહેલાં જ નવનિર્માણ પામેલા શ્રી મહાકાલેશ્વર મહાદેવના સાનિધ્યમાં પહોંચ્યા હતા અને ત્યાં ગંગાજળથી મહાદેવનો જલાભિષેક કરીને ધન્યતા અનુભવી હતી. મંદિર પરિસરમાં ભક્તોએ શિવજીની પૂજા-અર્ચના કરી હતી.આ કાવડ યાત્રામાં સોની સમાજના યુવાનોએ જે શિસ્ત અને ભક્તિભાવ દાખવ્યો તે પ્રશંસનીય હતો. નખત્રાણા શહેરમાં આ યાત્રાને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને લોકોએ ઠેર ઠેર યાત્રાનું સ્વાગત કર્યું હતું.અત્રે ઉલ્લેખનીય છેકે કુદરતના ખોળામાં આવેલ આ મંદિરમાં શ્રાવણ માસ સિવાય પણ ભક્તોની ખૂબ જ ભીડ રહેતી હોય છે.

# સંખેડાની કાપડિયા કોલેજમાં સાયબર ક્રાઈમ અને AI વિશે નિબંધ સ્પર્ધા યોજાઈ: વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડાની કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં સાયબર ક્રાઈમ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) વિશે નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. વિદ્યાર્થીઓને આ બંને વિષયો પ્રત્યે જાગૃત કરવા અને મોબાઈલનો સભાનતાપૂર્વક ઉપયોગ કરવાના હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરાયું હતું.આ સ્પર્ધામાં કોલેજના 10 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વર્તમાન સમયમાં મોબાઈલ અને ઈન્ટરનેટ દરેકના જીવનનો અભિન્ન અંગ બની ગયા છે. તેની સાથે જ લોકોને ડરાવીને પૈસા પડાવવાના



કિસ્સાઓ પણ અવારનવાર સામે આવતા રહે છે. આ ઉપરાંત, કૃત્રિમ બુદ્ધિમત્તા પણ આપણા જીવનમાં દરેક પગલે ઉપયોગી બની રહી છે.આ નિબંધ સ્પર્ધાનું આયોજન ગુજરાતી વિષયના પ્રોફેસર રાજેશ્રી જોશી દ્વારા



કરવામાં આવ્યું હતું. કોલેજમાં કાર્યરત સાયબર સિક્યુરિટી સેલના કો-ઓર્ડિનેટર ડૉ. રાકેશ વણકરસાધુ પણ



આ સ્પર્ધામાં સક્રિય રીતે જોડાયા હતા. સ્પર્ધા દરમિયાન કોલેજના સિનિયર અધ્યાપક પરેશભાઈ પુરાણી અને વિજયભાઈ ગામીત હાજર રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને આ બાબતે સાવચેત રહેવા સૂચનો આપ્યા હતા. નિબંધ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. રાકેશભાઈ વણકરસાધુ અને ડૉ. કનુભાઈ પરમારે સેવા આપી હતી.

# સંખેડાની ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલમાં શિક્ષક દિનની અનોખી ઉજવણી: ૧૯૦થી વધુ વિદ્યાર્થીઓએ સંભાળ્યો શિક્ષણ કાર્યનો કારભાર

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન શિક્ષણવિદ્ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે ઉજવાતા શિક્ષક દિનના અવસરે ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ, સંખેડામાં એક અનોખો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે બાલવાટિકાથી ધોરણ-12 સુધીના 190થી વધુ વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી સમગ્ર શાળાના શિક્ષણ કાર્યનો કારભાર સંભાળ્યો હતો.આ વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોના પાઠ ભણાવ્યા હતા. આનાથી તેમને શિક્ષકના કાર્યના મહત્વનો અનુભવ થયો. તેમણે પોતાના ગુરુજનો પ્રત્યે આદર, સન્માન અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી. એક દિવસ માટે શિક્ષક બનવાનો આ અનુભવ તેમના માટે જીવનભર યાદગાર બની રહ્યો.કાર્યક્રમની



શરૂઆત પ્રાર્થના સભાથી થઈ હતી. વિદ્યાર્થીઓએ શિક્ષકના જીવનમાં રહેલા અમૂલ્ય યોગદાન અંગે પોતાના વિચારો રજૂ કર્યા. શિક્ષક દિનના મહત્વને દર્શાવતા વક્તવ્યો અને પ્રેરણાત્મક સંદેશાઓથી શાળા પરિસર ગુંજી ઉઠ્યું હતું.પ્રાથમિક વિભાગના તમામ બાળકો માટે ખાસ નાસ્તાનું આયોજન કરાયું હતું. આનાથી



ઉજવણીમાં આનંદ અને ઉત્સાહ વધ્યો. શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ જવાબદારીપૂર્વક બધી કામગીરી સંભાળી. તેમણે પોતાની નેતૃત્વ ક્ષમતા, સંકલન શક્તિ અને આયોજન કુશળતાનું ઉત્તમ પ્રદર્શન કર્યું.આ પ્રસંગે આચાર્યએ જણાવ્યું કે, "શિક્ષણ માત્ર પુસ્તકિયું જ્ઞાન આપવાનું સાધન નથી. તે બાળકના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસનું શક્તિશાળી માધ્યમ છે. આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં જવાબદારી, શિસ્ત, નેતૃત્વ અને શિક્ષકો પ્રત્યે સન્માનની ભાવના વિકસાવે છે. આ તેમના ભવિષ્યને ઉજ્જવળ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે."આખો કાર્યક્રમ સફળતાપૂર્વક પૂરો થયો. શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓએ તેની ખૂબ પ્રશંસા કરી. શિક્ષક દિનની આ અનોખી ઉજવણીએ ગુરુ-શિષ્યના પવિત્ર સંબંધને વધુ મજબૂત બનાવ્યો. આ શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો એક યાદગાર અવસર હતો.

## વિજેતા ખેલાડીઓ થયા સન્માનિત

### ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ વેઈટ અને પાવર લીફ્ટીંગ સ્પર્ધા યોજાઇ



નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢનાં રમત-ગમત સેલ દ્વારા બહાઉદ્દિન આર્ટસ કોલેજનાં યજમાન પદે યુનિ.નાં કુલપતિ પ્રો.ડો. પ્રતાપસિંહજી ચૌહાણનાં માર્ગદર્શનમાં બહેનો અને ભાઇઓની વેઈટ અને પાવર લીફ્ટીંગ સ્પર્ધા યોજાઇ હતી, આ સ્પર્ધા માં ૮૪થી વધુ વજન વિભાગમાં ૨૩૩ કીલોગ્રામ વેઈટ લીફ્ટીંગ દ્વારા બહાઉદ્દિન આર્ટસ કોલેજનાં કાથડ શ્રધ્ધાબેન બહેનો નાં વિભાગમાં બેસ્ટ લીફ્ટર તરીકે સીલેક્ટ થયા હતા. જ્યારે કર્મયોગી કોલેજ ગડુનાં ક્રિપ્લાણી ગોપાલભાઇ બેસ્ટ લીફ્ટર તરીકે ભાઇઓની સ્પર્ધામાં સિલેક્ટ થયા હતા. ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલય નાં રમત-ગમત વિભાગનાં કો-ઓર્ડીનેટર પ્રો.જયસિંહ ઝાલા, સહાયક કન્સલટન્ટ સલીમભાઇ સીડા, નીરવ કરડાણીએ આંતર કોલેજ સ્પર્ધાનું સંકલન કર્યુ હતુ.

# જૂનાગઢ મહાનગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે ફાયર મોક ડ્રિલ અને આપત્તિ સુરક્ષા તાલીમ યોજાય

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાનગરપાલિકા જૂનાગઢના કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ દ્વારા તા.૧૦/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૪૫ કલાકે ઝાંઝરડા રોડ, એસ.ટી.પી. પ્લાન્ટ આગળ આવેલી સેન્ટ ઝેવિયર્સ ઈંગ્લિશ સ્કૂલ ખાતે ફાયર મોક ડ્રિલ અને આપત્તિ વ્યવસ્થાપન સુરક્ષા તાલીમ યોજાય. શાળાના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે જાગૃતિ આવે અને કટોકટીના સમયે સમયસૂચકતા જળવાય તે હેતુથી આ તાલીમ યોજવામાં આવી હતી. આ મોક ડ્રિલ દરમિયાન શાળા સંકુલમાં આગની કાલ્પનિક ઘટના ઊભી કરી ફાયર વિભાગ ની ટીમ દ્વારા ત્વરિત બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં એક વ્યક્તિ (કેઝ્યુઅલ્ટી)ને સુરક્ષિત રીતે બહાર કાઢી જીવનરક્ષક પદ્ધતિઓનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું. આ સાથે જ અગ્નિશામક વિભાગ દ્વારા આગ પર કાબૂ મેળવવા માટે ઉપયોગમાં લેવાતા આધુનિક ઉપકરણો,ફાયર એક્સટિંગ્વિશર ના પ્રકારો અને તેના સંચાલન અંગે વિગતવાર માહિતી તથા તાલીમ પૂરી પાડવામાં આવી હતી. આ આપત્તિ સુરક્ષા તાલીમ કાર્યક્રમમાં શાળાના ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને ૨૬થી વધુ શિક્ષકોએ સક્રિયપણે ભાગ લીધો હતો. આપત્તિ સમયે ગભરાયા વગર સલામત રીતે બહાર નીકળવાના નિયમો સમજાવી 'આપત્તિ સમયે સુરક્ષા અને તૈયારી - જીવન રક્ષાનું મજબૂત પગથિયું' ના સંદેશ સાથે કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## દેવપર યક્ષમાં ગોદડા કલા જીવંત રાખતા શ્રીમતિ હંસાબેન લોન્ચા

મહેશ એલ. સોની, નખત્રાણા

કચ્છ એટલે કલાનો પ્રદેશ. અહીંની ધરતી પર હાથ અડે ત્યાં કલા સર્જાય છે. કચ્છમાં લાખ કલા, રોગાન કલા, માટી કલા, ભરત ગૂંથણ કલા, સોના-ચાંદી પર નકશી કલા, અજરખ કલા સહિત અનેક કલાઓ જગ વિખ્યાત છે. રોગાન કલામાં એરંડાના તેલથી બનતા રંગોથી ચિત્રો દોરાય છે, લાખ કલામાં લાકડા પર લાખ ચડાવીને વસ્તુઓ બનાવાય છે, માટી કલામાં ભૂંગાના લિપણકામ અને માટીના ઘડા બને છે, ભરત કલામાં કાચ, મોતી, આરી ભરતની જાદુગરી છે, અને અજરખ કલામાં કુદરતી રંગોની બ્લોક પ્રિન્ટ છે.આવી અનેક કલાઓ



વચ્ચે એક મહેનતવાળી કલા ધીરે ધીરે લુપ્ત થઈ રહી છે - એ છે કચ્છી ગોદડા કલા.નખત્રાણા-ભુજ હાઈવે પર આવેલા નાનકડા દેવપર યક્ષ ગામમાં આ કલાને આજે પણ જીવંત રાખી રહ્યા છે શ્રીમતિ હંસાબેન નવિનભાઈ લોન્ચાહંસાબેનની આ કલા ખૂબ જ મહેનત અને ધીરજ માંગી લે એવી છે. એક એક નાનો કપડાનો ટુકડો કાપીને, માપીને, એકબીજા સાથે જોઈન્ટ કરીને ખૂબ જ પરફેક્ટ કામ કરવું પડે છે. એક ગોદડામાં 500 થી 800 ટુકડા લાગે છે અને એક ગોદડું તૈયાર કરતા 10 થી 15 દિવસ જેટલો જ સમય લાગી જાય છે. હંસાબેન ખાસ કરીને નાના બાળકો માટે નરમ, રંગીન, હૂંફાળી ગોદડીઓ બનાવે છે. જેમાં મોર, પોપટ, સ્ટાર, સફરજન અને બાળકોને ગમે તેવા કુતરા જેવા ચિત્રો બનાવે છે.ખાસ કરીને તેઓ કસ્ટમરને ઓર્ડર પર જ મનગમતી કલા કૃતિ સર્જી આપે છે .અગાઉના સમયમાં કચ્છના દરેક ઘરમાં ગોદડાનો વધુ ઉપયોગ થતો. દીકરીના લગ્નમાં દહેજમાં ગોદડા અપાતા, નવા બાળકના જન્મ પર નવી ગોદડી બનતી. પરંતુ હવે મશીનના સસ્તા ધાબળા અને રજાઈ આવી જતા ગોદડાનો વપરાશ ખૂબ જ ઘટી ગયો છે.જરૂર છે કે સરકાર અને સમાજ હંસાબેન જેવા કારીગરોને પ્રોત્સાહન આપે, જેથી ટુકડે ટુકડાને જોડીને મમતા ભરેલી ચાદર બનાવતી આ કચ્છી ગોદડા કલા સદાય જીવંત રહે.

## વિસાવદર બાયપાસ રોડના નિર્માણ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રૂ. ૨૦ કરોડ મંજૂર કર્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૦ માન. મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ બાયપાસ રોડ નિર્માણ માટે સ્થાનિક પદાધિકારીઓ અને વિસાવદરના નગરજનોએ કરેલી રજૂઆતનો તેમણે ત્વરિત સકારાત્મક પ્રતિસાદ આપીને આ રકમ મંજૂર કરી છે. વિસાવદર શહેર ફરતે બાયપાસ બનાવવાની કામગીરી અંતર્ગત પ્રથમાધ્ય તબક્કે બાંધકામ પહેલાની પ્રવૃત્તિઓમાં જમીન, સંપાદન, યુટીલીટી શિફ્ટિંગ, ડી.પી.આર. વગેરે કામગીરી માટે આ રકમ ઉપયોગમાં લેવાશે, વિસાવદર શહેરની નજીકમાં સતાધાર યાત્રાધામ, સાસણગીર ફોરેસ્ટ, પૌરાણિક કનકેશ્વરી મંદિર તેમજ રૂપલમાં ધામ રામપરા, નાગબાઈ મંદિર રામપરા અને સંતશ્રી રોહીદાસ મંદિર સરસઈ જેવા પ્રસિદ્ધ તીર્થ સ્થળો અને પ્રવાસન ધામો આવેલા છે. આ યાત્રાધામોના દર્શને લાખો શ્રદ્ધાળુ આવે છે. એટલું જ નહીં, અમરેલીથી સોમનાથ જવા માટેનો મેઈન રોડ વિસાવદરમાંથી પસાર થાય છે તે ઉપરાંત બગસરા, જેતપુર, ધારી, સાવરકુંડલા તેમજ વિસાવદર, સતાધાર અને જુનાગઢ, મેંદરડા, કેશોદ સ્ટેટ હાઈવે પણ વિસાવદર માંથી પસાર થાય છે. આ બધાના પરિણામે વિસાવદર શહેરી વિસ્તારમાં રહેતા પુષ્કળ ટ્રાફિક ભારણને હળવું કરવા વિસાવદર ફરતે બાયપાસ રોડ અંગેની જરૂરિયાત માટેની રજૂઆતોના સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બાયપાસ રોડ બનાવવા માટે પ્રથમ તબક્કે બાંધકામ પહેલાની પ્રવૃત્તિઓ માટે આ રૂ. 20 કરોડ ની મંજૂરી માર્ગ અને મકાન વિભાગને આપી છે તેમ જાણવા મળ્યું છે.

# ઇન્ડિયનઓઇલે NPCI અને ToneTag સાથે મળીને TATA CARS માટે ભારતનું પ્રથમ ઇન-કાર ફ્યુઅલ પેમેન્ટ સોલ્યુશન લોન્ચ કર્યું

(એજન્સી) મુંબઈ | તા.10

ઈન્ડિયનઓઈલ કોર્પોરેશન લિમિટેડે TATA.CARS માટે NPCI અને ToneTagના સહયોગથી ઈન્ડિયનઓઈલ રિટેલ આઉટલેટ્સ પર ભારતનું પ્રથમ ઈન-કાર પેમેન્ટ સોલ્યુશન લોન્ચ કર્યું છે. આ લોન્ચિંગ ગ્લોબલ ફિનટેક ફેસ્ટ (GFF) 2026 દરમિયાન થયું હતું. આ પહેલ ગ્રાહકોને તેમના કનેક્ટેડ વ્હીકલ્સના ડેશબોર્ડ દ્વારા સીધા જ બળતણ માટે સુરક્ષિત રીતે ચૂકવણી કરવાની સુવિધા આપશે. આ પહેલ મોબિલિટીમાં ડિજિટલ પેમેન્ટના અનુભવને આગળ વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.આ સોલ્યુશન કનેક્ટેડ વ્હીકલ્સ દ્વારા ચૂકવણી સક્ષમ કરવા માટે NPCIના UPI સર્કલ ફ્રેમવર્ક, “UPI ઈકોસિસ્ટમ પર IoT ડિવાઈસિસ અને સોફ્ટવેરનું સંગઠન/પરિચય” નો ઉપયોગ કરે છે. બળતણ ભરાવ્યા પછી, ગ્રાહકો કોઈ અલગ મોબાઈલ એપ્લિકેશન, કાર્ડ કે અન્ય પેમેન્ટ પદ્ધતિનો ઉપયોગ કર્યા વિના




તેમના વ્હીકલ્સના ઈન્ટરફેસ દ્વારા ટ્રાન્ઝેક્શન પૂર્ણ કરી શકશે.આ સોલ્યુશન ઈન્ડિયનઓઈલના XTRAREWARDS રોયલ્ટી પ્રોગ્રામને પણ સાંકળશે, જે પાત્ર ગ્રાહકોને ટ્રાન્ઝેક્શન દરમિયાન તેમના મોબાઈલ નંબર શેર કર્યા વિના રિવોર્ડ પોઈન્ટ્સ મેળવવાની મંજૂરી આપશે. ઈન્ડિયનઓઈલના વ્યાપક ફ્યુઅલ રિટેલ નેટવર્ક, TATA. CARS ના કનેક્ટેડ વ્હીકલ્સ ઈકોસિસ્ટમ અને NPCIના વિશ્વસનીય ડિજિટલ પેમેન્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને એકસાથે લાવીને, આ પહેલનો ઉદ્દેશ્ય બળતણ ભરાવવાની પ્રક્રિયાને વધુ ઝડપી, સુરક્ષિત અને વધુ અનુકૂળ બનાવવાનો છે.આ સહયોગ ભારતની કનેક્ટેડ મોબિલિટીની સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જે ઈન્ડિયનઓઈલને તેના રિટેલ આઉટલેટ્સ પર ઈન-કાર પેમેન્ટ અનુભવ શરૂ કરનાર દેશની પ્રથમ ફ્યુઅલ રિટેલર કંપની બનાવે છે. તે ભવિષ્યમાં ઈન-વ્હીકલ્સ પેમેન્ટ્સ, કોમર્સ અને ડિજિટલ સેવાઓની વ્યાપક શ્રેણી માટેનો પાયો પણ તૈયાર કરે છે.આ અગ્રણી પહેલ દ્વારા, ઈન્ડિયનઓઈલ તેના ગ્રાહકોને અનુકૂળ, ટેકનોલોજી-સક્ષમ અને ફાયદાકારક અનુભવો પૂરા પાડવાની સાથે ફ્યુઅલ-રિટેલિંગ ઈકોસિસ્ટમમાં ડિજિટલ ઈનોવેશનને આગળ ધપાવવાનું ચાલુ રાખે છે.

# એસએસ રિટેલ લિમિટેડનો આઈપીઓ બુધવાર, 16 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે




(એજન્સી) મુંબઈ | તા.10

એસએસ રિટેલ લિમિટેડે (‘Company’ or ‘SS Retail’) તેના ઈક્વિટી શેરના આઈપીઓની જાહેરાત કરી હતી. ઓફરની વિગતો આ મુજબ છે: આ ઓફરમાં [.] ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત રૂ. 3,600.00 મિલિયન સુધીની છે. આ ઉપરાંત, પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ સિદ્ધાર્થ ગુણવંત શાહ, દીપા સિદ્ધાર્થ શાહ, હર્ષલ કિશોર પારેખ અને ભાવિની હર્ષલ પારેખ તેમજ અન્ય શેર વેચનારા હિસ્સેદાર રાખી નરેન્દ્ર ફિરોદિયા દ્વારા [.] ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ સામેલ છે, જેની કુલ કિંમત રૂ. 1,400.00 મિલિયન સુધીની છે. એસએસ રિટેલ મોબાઈલ ફોન, એસેસરીઝ અને અન્ય ઈલેક્ટ્રોનિક વસ્તુઓ માટેની મલ્ટી-બ્રાન્ડ રિટેલ ચેઈન છે. કંપની હાલમાં 5 રાજ્યોમાં કાર્યરત છે, જેમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્ય પ્રદેશ, ગોવા અને ગુજરાતનો સમાવેશ થાય છે (નાણાંકીય વર્ષ 2027માં કામગીરી શરૂ કરી હતી). એસએસ રિટેલ મેટ્રો શહેરો, મિની મેટ્રો શહેરો, ટિયર-1 શહેરો, ટિયર-2 શહેરો તથા ટિયર-3 અને તેનાથી આગળના શહેરો સહિત વિવિધ પ્રકારનાં શહેરોમાં અનેક પ્રોડક્ટ કેટેગરીમાં વેપાર કરે છે. જોકે, કંપનીનું મુખ્ય ધ્યાન ટિયર-2 અને ટિયર-3 તથા તેનાથી આગળના શહેરોમાં મોબાઈલ ફોન અને એસેસરીઝના રિટેલ વેચાણ પર રહ્યું છે. 31 માર્ચ, 2026 સુધીમાં કંપની ભારતમાં 503 સ્ટોર ચલાવતી હતી, જેમાંથી 458 સ્ટોર મહારાષ્ટ્રમાં હતા. નોલેજ કંપની રિપોર્ટ મુજબ, આ સંખ્યાને કારણે કંપની પશ્ચિમ ભારતમાં એટલે કે ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, મધ્ય પ્રદેશ, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવમાં તેમજ મહારાષ્ટ્રમાં સૌથી મોટી મોબાઈલ ફોન રિટેલ ચેઈન તરીકે સ્થાન ધરાવે છે અને તેના સમકક્ષ સ્પર્ધકોમાં ભારતમાં ત્રીજા ક્રમે સૌથી મોટી મોબાઈલ રિટેલ ચેઈન છે.

# ટાટા એઆઈએ ટોપ 200 ફંડે વિવિધ સમયગાળામાં સતત શ્રેષ્ઠ કામગીરી સાથે લાંબા ગાળાના રોકાણની શક્તિને વધુ મજબૂત બનાવી

મુંબઈ | રોકાણકારો માટે કોઈપણ ઈક્વિટી ફંડની વાસ્તવિક કસોટી તેની કાગળ પરની વ્યૂહરચના નથી, પરંતુ સમય જતાં તેણે રોકાણકારોના નાણાં માટે વાસ્તવમાં કેવું પ્રદર્શન કર્યું છે તે છે. આ દ્રષ્ટિએ ટાટા એઆઈએ ટોપ 200 ફંડનો અત્યાર સુધીનો દેખાવ નોંધપાત્ર રહ્યો છે. 31 જુલાઈ 2026 સુધીના આંકડા મુજબ, ફંડે માત્ર એક સારા વર્ષમાં જ નહીં, પરંતુ ત્રણ વર્ષ, પાંચ વર્ષ, સાત વર્ષ તેમજ જાન્યુઆરી 2009માં તેની શરૂઆતથી અત્યાર સુધીના દરેક મુખ્ય સમયગાળામાં સતત તેના બેન્ચમાર્ક કરતાં વધુ વળતર આપ્યું છે.આ આંકડા એક વ્યાપક ચિત્ર રજૂ કરે છે. ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સના યુનિટ લિંક્ડ ઈન્શ્યોરન્સ પ્લાન્સ (યુલિપ) હેઠળ ઉપલબ્ધ ટાટા એઆઈએ ટોપ 200 ફંડ એક્ટિવલી મેનેજ્ડ ઈક્વિટી ફંડ છે. તેણે તેના બેન્ચમાર્ક એસએન્ડપી બીએસઈ 200 કરતાં સતત વધુ વળતર આપ્યું છે. આ કામગીરી માત્ર એક સારા વર્ષ પૂરતી મર્યાદિત રહી નથી, પરંતુ વિવિધ સમયગાળામાં જોવા મળી છે. આ સતત કામગીરીને ધ્યાનમાં રાખીને વૈશ્વિક રેટિંગ એજન્સી મોર્નિંગસ્ટારે ફંડને 5-સ્ટાર રેટિંગ આપ્યું છે.આ કોઈ એકલદોકલ પરિણામ નથી, પરંતુ ટાટા એઆઈએના સમગ્ર પોર્ટફોલિયોમાં સતત શ્રેષ્ઠ કામગીરીનું પ્રતિબિંબ છે. જૂન 2026 સુધીમાં ટાટા એઆઈએના રેટિંગ ધરાવતા એયુએમ હેઠળના ટોપ ફંડ્સમાંથી મોટા ભાગના ફંડને મોર્નિંગસ્ટાર તરફથી 4-સ્ટાર અથવા 5-સ્ટાર રેટિંગ મળ્યું છે. આના કારણે તેના મોટા ભાગના ફંડ તેમના સંબંધિત વર્ગમાં સૌથી વધુ રેટિંગ ધરાવતા ફંડમાં સામેલ થયા છે.

# રેન્ટોમોજો લિમિટેડે એન્કર ઇન્વેસ્ટર્સ પાસેથી રૂ. 376.07 કરોડ એકત્રિત કર્યા, અગ્રણી બ્રોકરેજ હાઉસીસ તરફથી આઈપીઓને સકારાત્મક પ્રતિસાદ મળ્યો

મુંબઈ |રેન્ટોમોજો લિમિટેડે 41 એન્કર ઈન્વેસ્ટર્સને રૂ. 404 પ્રતિ ઈક્વિટી શેરના એન્કર ઈન્વેસ્ટર ફાળવણી ભાવે 93,08,667 ઈક્વિટી શેરની ફાળવણી કરીને રૂ. 376.07 કરોડ એકત્ર કર્યા છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. 1 છે, જેમાં પ્રતિ ઈક્વિટી શેર રૂ. 403નું શેર પ્રીમિયમ સામેલ છે.મુખ્ય રોકાણકારોમાં ગોલ્ડમેન સાક્સ ફંડ્સ - ગોલ્ડમેન સાક્સ ઈન્ડિયા ઈક્વિટી પોર્ટફોલિયો, બ્લેકરોક ગ્લોબલ ફંડ્સ - ઈન્ડિયા ફંડ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ ક્વોલિટી ફંડ, એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ, મિરે એસેટ ગ્રેટ કન્ઝ્યુમર ફંડ, મોતીલાલ ઓસવાલ લાર્જ કેપ ફંડ અને એચડીએફસી સ્ટાન્ડર્ડ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ સહિતના અન્ય અગ્રણી રોકાણકારોનો સમાવેશ થાય છે. આ ઈશ્યૂ સબ્સ્ક્રીપ્શન માટે બુધવાર, 9 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલ્યો હતો અને શુક્રવાર, 11 સપ્ટેમ્બર, 2026ના રોજ તે બંધ થશે. રેન્ટોમોજો લિમિટેડના આઈપીઓને એસબીઆઈ સિક્યોરિટીઝ, કેનરા બેન્ક સિક્યોરિટીઝ, નિર્મલ બાંગ, અજકોન ગ્લોબલ ઉપરાંત મારવાડી ફાઈનાન્શિયલ સર્વિસીસ, બીપી ઈક્વિટીઝ અને કુંવરજી વેલ્થ સહિતના અગ્રણી બ્રોકરેજ હાઉસીસ તરફથી પણ ‘સબ્સ્ક્રાઈબ’ કરવાની ભલામણ મળી છે. એસબીઆઈ સિક્યોરિટીઝનું કહેવું છે કે ‘રેન્ટોમોજો ભારતનું સૌથી મોટું ઓર્ગેનાઈઝ્ડ ફર્નિચર અને એપ્લાયન્સિસ રેન્ટલ પ્લેટફોર્મ છે. નાણાંકીય વર્ષ 2024થી નાણાંકીય વર્ષ 2026 દરમિયાન કંપનીની આવક, એબિટા અને એડજસ્ટેડ ચોખ્ખા નફામાં અનુક્રમે 41.7 ટકા, 45.5 ટકા અને 118.4 ટકાના સીએજીઆરથી વૃદ્ધિ થઈ છે, જે કંપનીની કામગીરીમાં સુધારો અને નફાકારકતામાં વધારો દર્શાવે છે. કંપનીના વધી રહેલા લાઈવ સબ્સ્ક્રાઈબર અને હજુ સુધી આવક તરીકે ઓળખવામાં ન આવેલી કરાર આધારિત આવક ભવિષ્યની આવક અંગે સારી સ્પષ્ટતા પૂરી પાડે છે. આ ઉપરાંત, એસેટ્સના સારા ઉપયોગનું પ્રમાણ અને અનેક રેન્ટલ સાયકલ દરમિયાન એસેટ્સને રિફર્બિશ કરીને ફરીથી ઉપયોગમાં લેવાની ક્ષમતા એસેટ સ્તરે સારા વળતરને ટેકો આપે છે.

# ટાટા પાવરના EV ચાર્જિંગના હેડ વિરેન્દ્ર ગોયલનું નિવેદન

(એજન્સી) મુંબઈ | તા.10

‘ચાલુ વર્ષે વર્લ્ડ EV ડે (વિશ્વ ઈલેક્ટ્રિક વ્હિકલ દિવસ)ને ભારતીય મોબિલિટીનું દ્રશ્ય ખરેખર બદલાઈ ગયું છે. ઓગસ્ટમાં EVનો હિસ્સો કે પહોંચ 12 ટકાથી વધારે થઈ ગઈ હતી - હાલ દર આઠ વાહનોમાંથી એક વાહન બેટરી પર દોડે છે, જેનું પ્રમાણ એક વર્ષ અગાઉ 10 ટકાથી ઓછું હતું. આ એક એવું પરિવર્તન છે, જે ઈકોસિસ્ટમનો કોઈ પણ એક ભાગ એકલા હાથે લાવી ન શક્યો હોત. હવે આપણા તમામની આ સંયુક્ત જવાબદારી છે કે, આપણે આ જ વેગ સાથે આગળ વધીએ. જેમ જેમ EVની સ્વીકાર્યતા મેટ્રો અને શરૂઆતના ગ્રાહકોથી આગળ વધી રહી છે, તેમ તેમ ટિઅર-2 શહેરોમાં પહેલી વાર કાર ખરીદતા ગ્રાહકોને પણ મુંબઈ કે દિલ્હી જેવો જ ભરોસાપાત્ર અનુભવ મળે એ જરૂરી છે. અમારી માન્યતા સરળ છે - સ્વચ્છ ઊર્જા સસ્તી, સરળતાથી ઉપલબ્ધ અને વિશ્વાસપાત્ર હોવી જોઈએ. આ જ બાબતો કોઈ ઈરાદાને રોજિંદા પસંદગીમાં બદલે છે. ટાટા પાવરમાં અમે એ જ દિશામાં પ્રયાસો કરી રહ્યાં છીએ : તમામ હાઈવે, રહેણાક સોસાયટીઓ, કાર્યસ્થળો અને શહેરના મુખ્ય વિસ્તારોમાં પોતાનું નેટવર્ક વધારવું અને નેટવર્કમાં વધારાની સાથે સર્વિસની ઉપલબ્ધતા (અપટાઇમ) અને રિન્યૂએબલ એનર્જીના ઉપયોગ પર પણ એટલું જ ધ્યાન કેન્દ્રીત કરવું. 7,000થી વધારે પબ્લિક ચાર્જિંગ પોઈન્ટ, 2.5 લાખથી વધારે હોમ ચાર્જર અને 1,200થી વધારે ઈ-બસ ચાર્જિંગ પોઈન્ટ સાથે તથા ડ્રાઈવર સરળતાપૂર્વક ચાર્જિંગ સ્ટેશન શોધી શકે, ચાર્જ કરી શકે અને કોઈ પણ મુશ્કેલી વિના પેમેન્ટ કરી શકે એવા ડિજિટલ ટૂલ સાથે મદદ કરીને અમારો પ્રયાસ ચાર્જિંગના અનુભવને સરળ અને સુલભ બનાવવાનો છે, જેથી ગ્રાહક ઈલેક્ટ્રિક વાહન અપનાવવાના આર્થિક ફાયદાનો લાભ મેળવી શકે. એનર્જી ટ્રાન્ઝિશન (ઊર્જામાં પરિવર્તન) આ પેઢીનું સૌથી મહત્વપૂર્ણ કામ છે અને ભારત જે સ્તરે આગેકૂચ કરી રહ્યો છે, એ માટે તમામના સાથસહકારની જરૂર પડશે. અમને ખુશી છે કે, અમે આ કામને ઉદ્યોગના બાકી લોકોથી અલગ નહીં, પણ તેમની સાથે મળીને કરી રહ્યાં છીએ.

# વોલ્ટાસ કૂલીંગ અને હોમ એપ્લાયંસિસ પર આકર્ષક તહેવાર ઓફર્સ સાથે ગણેશ ચતુર્થીની ઉજવણી કરે છે

(એજન્સી) મુંબઈ | તા.10

ભારતની નં. 1 એસી બ્રાન્ડ અને અગ્રણી એપ્લાયંસિસ કંપની અને ટાટા ગૃહની વોલ્ટાસ લિમિટેડ કૂલીંગ અને હોમ એપ્લાયંસિસની સમગ્ર શ્રેણીમાં અસંખ્ય આકર્ષક ઓફર્સ સાથે ગણેશ ચતુર્થીની ગતિશીલતાની ઉજવણી કરે છે. અનેક પરિવારો જ્યારે પોતાના ઘરે ભગવાન ગણેશના સ્વાગતની તૈયારી કરી રહ્યા છે ત્યારે વોલ્ટાસ તહેવારની ખરીદીને કેશબેકના ફાયદાઓ અને સાનુકૂળ ધિરાણ ઉકેલોના મિશ્રણ મારફતે વધુ વળતરયુક્ત બનાવવાનો આશય ધરાવે છે, જેની ડિઝાઈન સુગમતા અને પોષણક્ષમતામાં વધારા માટે કરવામાં આવી છે.આ ગણેશ ચતુર્થીએ ગ્રાહકો વોલ્ટાસ અને વોલ્ટાસ બેકોની પસંદગીની પ્રોડક્ટ્સ પર 15% કેશબેક અને રૂ. 6000 સુધીના લાભો પ્રાપ્ત કરી શકે છે, તેની સાથે અગ્રણી બેન્ક કાર્ડઝ અને ડિજીટલ પેમેન્ટ પ્લેટફોર્મ્સમાં આકર્ષક કેશબેક ઓફર્સ પણ મેળવી શકે છે. ખરીદીની યાત્રાને વધુ સરળ બનાવવા માટે વોલ્ટાસએ ભાગ લેતી બેન્કો અને ધિરાણ ભાગીદારો મારફતેની સરળ ઈએમઆઇ અને ઝીરો ડાઉન પેમેન્ટ સ્કીમ્સ સહિત અસંખ્ય ધિરાણ ઉકેલો પણ રજૂ કર્યા છે. આ ઓફર્સ વોલ્ટાસ અને વોલ્ટા બેકો પ્રોડક્ટ્સના વિશાળ પોર્ટફોલિયોમાં ઉપલબ્ધ છે, જે ગ્રાહકોને તેમના ઘરોને નવીન, ઉર્જા કાર્યક્ષમ અને ટેકનોલોજીકલી એડવાન્સ્ડ એપ્લાયંસિસ સાથે અપગ્રેડ કરવામાં સહાય કરે છે, તેની સાથે સુંદર ધિરાણ સાનુકૂળતાનો પણ આનંદ માણે છે. આ તહેવાર પરંપરાગત રીતે નવી શરૂઆત, ઘરના અપગ્રેડ અને ગ્રાહક ખર્ચમાં વધારા સાથે સંકળાયેલો છે, જે તેને નવા એપ્લાયંસિસની ખરીદી માટે સૌથી મહત્વપૂર્ણ સમયગાળામાંનો એક બનાવે છે. ભારતીય ગ્રાહકો આરામ, સુવિધા અને રોજિંદા જીવનને વધારતા ઉત્પાદનોમાં રોકાણ કરવાનું ચાલુ રાખે છે, તેથી વોલ્ટાસ એવા ઉકેલો પહોંચાડવા માટે પ્રતિબદ્ધ છે જે ગ્રાહક-કેન્દ્રિત મૂલ્ય દરખાસ્તો સાથે શ્રેષ્ઠ પ્રદર્શનને જોડે છે. તહેવારને લગતી ગ્રાહક ઓફર્સ પર ટિપ્પણી કરતા, વોલ્ટાસ લિમીટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મુકુંદન મેનનએ જણાવ્યું હતું કે, ‘ગણેશ ચતુર્થીએ સમૃદ્ધિ, આનંદ અને નવા શુભારંભની ઉજવણી છે.

# DBLએ આલ્ફા અલ્ટરનેટિવ્સ સાથે પાવર ટ્રાન્સમિશન હિસ્સાનું વેચાણ કરીને વેલ્યુ અનલોક કરી

(એજન્સી) મુંબઈ | તા.10

દિલીપ બિલ્ડકન લિમિટેડ (DBL)એ કર્ણાટકમાં કંપનીના નિર્માણાધિન પાવર ટ્રાન્સમિશન પ્રોજેક્ટના વિકસાવવા સ્પેશ્યલ પર્પઝ વ્હિકલ મેખાલી પાવર ટ્રાન્સમિશન લિમિટેડ (MPTL)માં પોતાના હિસ્સાનું વેચાણ કરવા આલ્ફા અલ્ટરનેટિવ્સ સાથે નિર્ણાયક સમજૂતીનો અમલ કર્યો છે. આ હિસ્સાનું વેચાણ DBL માટે વેલ્યુ અનલોક કરવાની તક દર્શાવે છે.MPTL કુલ અંદાજિત પ્રોજેક્ટ ખર્ચ 2,171 કરોડ સાથે બેલગાવી જિલ્લામાં અંદાજે 470 કિલોમીટરની ટ્રાન્સમિશન લાઇન ઉપરાંત 400 kVનું સબ-સ્ટેશન વિકસાવી રહી છે. આ સમજૂતી અંતર્ગત DBL અને આલ્ફા અલ્ટરનેટિવ્સ 51:49ના રેશિયામાં પ્રોજેક્ટના ઈક્વિટી હિસ્સાને ફંડ આપે છે, જેમાં કુલ અંદાજે ઈક્વિટી રોકાણ 429 કરોડ છે. આ પ્રોજેક્ટ કાર્યરત થયા પછી આલ્ફા અલ્ટરનેટિવ્સે DBLના સંપૂર્ણ 51 ટકા હિસ્સાની ખરીદીની સંમતિ આપી છે, જે માટે ખરીદીનું મૂલ્ય અંદાજે 2,914 કરોડ નક્કી થયું છે, જે સમજૂતી પૂર્વે ક્લોઝિંગ એડજસ્ટમેન્ટ અને અગાઉની નિર્ધારિત શરતોને આધીન છે. પ્રોજેક્ટ કર્ણાટક પાવર ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ સાથે ટ્રાન્સમિશન સર્વિસ સમજૂતી અંતર્ગત બિલ્ડ-ઑન-ઓપરેટ-ટ્રાન્સફર (BOOT)ને આધારે વિકસાવવામાં આવે છે, જેમાં વાણિજ્યિક કામગીરી વર્ષ 2028ની મધ્યમાં શરૂ કરવાનો લક્ષ્યાંક છે. દિલીપ બિલ્ડકોન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી દેવેન્દ્ર જૈને કહ્યું હતું, “આ પ્રોજેક્ટ અને નાણાકીય વ્યવહારનો અમલ અમારી DBL 2.0ની સફરમાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન તરીકે થઈ રહ્યો છે, કારણ કે અમે લાંબા ગાળાની, કોન્ટ્રાક્ટ કરેલી એસેટ દ્વારા મલ્ટિ-એસેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લેટફોર્મ ઊભું કરી રહ્યાં છીએ. આ સંપૂર્ણ ટ્રાન્સમિશન પ્રોજેક્ટમાં આલ્ફા અલ્ટરનેટિવ્સ સાથે અમારી ભાગીદારી અમને એસેટની લાઈફસાયકલમાં વહેલાસર મૂડીનો ફરી ઉપયોગ કરવા સક્ષમ બનાવે છે, તો સાથે સાથે અમે અમારી બેલેન્સ શીટને મજબૂત કરવા અને વધારે એસેટ-લાઈટ બિઝનેસ ઊભો કરવા ધ્યાન કેન્દ્રીત રાખ્યું છે.”

# ચાંદીમાં મોટો કડાકો: ઓલટાઈમ હાઈથી રૂ.1.77 લાખ સસ્તી થઈ

મુંબઈ | મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર ગુરુવારે બજાર ખૂલતાં જ સોના અને ચાંદીના ભાવમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. વાયદા બજાર શરૂ થતાં જ ચાંદીના ભાવમાં કડાકો બોલાયો હતો અને આ કિંમતી ધાતુ એક ઝાટકે આશરે 1500 રૂપિયા સસ્તી થઈ ગઈ હતી. બીજી તરફ સોનામાં તેજી જોવા મળી છે અને તે પ્રતિ 10 ગ્રામ આશરે 1.53 લાખ રૂપિયાની આસપાસ ટ્રેડ થતું નજરે પડ્યું હતું. MCX પર ચાંદીના વાયદા ભાવની વાત કરીએ તો, 4 ડિસેમ્બરની એક્સપાયરી વાળી ચાંદીનો ભાવ પાછલા કારોબારી દિવસે પ્રતિ કિલોગ્રામ 2,44,213 રૂપિયા પર બંધ થયો હતો. ગુરુવારે બજાર ખૂલતાંની સાથે જ તે ઘટીને 2,42,726 રૂપિયા પર આવી ગયો હતો. આ ગણતરી મુજબ 1 કિલો ચાંદી સીધી 1487 રૂપિયા સસ્તી થઈ ગઈ છે. ભાવમાં આવેલા આ ઘટાડા બાદ MCX પર ચાંદીનો ભાવ પોતાના ઓલ ટાઈમ હાઈ લેવલથી ઘણો નીચે આવી ગયો છે. જાન્યુઆરી 2026ના છેલ્લા અઠવાડિયામાં ચાંદીએ જોરદાર ઉછાળો નોંધાવીને પહેલી વાર પ્રતિ કિલો 4 લાખ રૂપિયાની ઐતિહાસિક સપાટી વટાવી હતી અને 4,20,048 રૂપિયાના ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ હતી. જોકે, આ સપાટીને સ્પર્શ્યા બાદ ભાવમાં ઝડપી કડાકો પણ જોવા મળ્યો હતો. હાલના ભાવ સાથે સરખામણી કરીએ તો વાયદા બજારમાં 1 કિલો ચાંદી પોતાના રેકોર્ડ હાઈ સ્તરથી અત્યાર સુધીમાં 1,77,322 રૂપિયા સસ્તી થઈ ચૂકી છે. ચાંદીમાં ઘટાડા વચ્ચે સોનાના ભાવમાં ઉછાળો નોંધાયો છે. MCX પર 5 ઓક્ટોબરની એક્સપાયરી વાળા સોનાનો ભાવ પ્રતિ 10 ગ્રામ આશરે 200 રૂપિયા વધીને 1,53,963 રૂપિયા પર પહોંચી ગયો હતો. જોકે, કારોબારની શરૂઆતમાં તેમાં થોડી નરમાઈ પણ જોવા મળી હતી.

# કેનસ્ટારએ એર ફ્રાયર્સની વિશાળ શ્રેણી લોન્ચ કરી, જે આધુનિક રસોડામાં વધુ સ્માર્ટ, વધુ તંદુરસ્ત અને વધુ ઉત્તમ કૂકીંગ લાવે છે

ગુરુગ્રામ | ભારતની અનેક અગ્રણી હોમ એપ્લાયંસિસ બ્રાન્ડમાંની એક કેનસ્ટારએ પોતાના નવા એર ફ્રાયર શ્રેણીને લોન્ચ કર્યું હોવાની ઘોષણા કરી છે, જે ગ્રાહકોને તમામ ક્ષમતાઓ, ડિઝાઇન્સ અને કૂકીંગ ફીચર્સમાં વધુ પસંદગીઓ પ્રદાન કરે છે. તંદુરસ્ત કૂકીંગ (રાંધણક્રિયા), સુગમતા, સર્વશ્રેષ્ઠતા અને સમકાલીન ડિઝાઈનના સમન્વય દ્વારા ભારતીય ઘરગથ્થુઓની બદલાતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે નવી શ્રેણીની ડિઝાઈન કરવામાં આવી છે.આ પોર્ટફોલિયોમાં રોજિંદા વપરાશ માટે કોમ્પેક્ટ એર ફ્રાયર્સ, એક સાથે બે ડીશ રાંધવા માટે ડ્યૂઅલ બાસ્કેટ મોડેલ્સ, સંપૂર્ણ કાચના એર ફ્રાયર્સ અને મોટા પરિવારો અને કૂકીંગની જરૂરિયાતો માટે ઊંચી ક્ષમતાવાળા એર ફ્રાયર્સ ઓવેન્સનો સમાવેશ થાય છે. આ વિશાળ શ્રેણી સાથે ગ્રાહકો પોતાના પરિવારના કદ, રસોડાન જગ્યા, કૂકીંગ જરૂરિયાતો અને ભેટ આપવન જરૂરિયાતોને આધારે એર ફ્રાયરની પસંદગી કરી શકે છે.ભારતમાં એર ફ્રાયર્સની સૌથી વિશાળ રેન્જના લોન્ચ પર ટિપ્પણી કરતા કેનસ્ટારના સીઈઓ શ્રી સુનીલ જૈનએ જણાવ્યું હતું કે, “ભારતીય રસોડાઓ વિકસી રહ્યા છે અને




ગ્રાહકો આજે એવા એપ્લાયંસિસ (ઉપકરણો)ની શોધમાં છે જે વધુ સારી સુગમતા, શ્રેષ્ઠતા અને તંદુરસ્ત માર્ગો પ્રદાન કરતા હોય જેથી તેઓને પ્રિય ખોરાકને માણી શકે. કેનસ્ટાર ખાતે અમારું હંમેશા અર્થપૂર્ણ એવી નવીનતાઓનુ સર્જન કરવા પર રહ્યુ છે જે રોજિંદા જીવનને વધુ સરળ અને આનંદદાયક બનાવે. અમારી નવા એર ફ્રાયર્સની શ્રેણી વિવિધ પોર્ટફોલિયોમાં એક સાથે 360 ડિગ્રી ટર્બો એર ટેકનોલોજી, મલ્ટીફંકશનલ કૂકીંગ, વિસ્તરિત શ્રેષ્ઠતા અને સમકાલીન ડિઝાઈન લાવે છે, જે ગ્રાહકોને તેમની જરૂરિયાત સાથે સારી રીતે ફીટ બેસે તેની પસંદગી કરવાની સ્વતંત્રતા આપે છે. આ શ્રેણી સાથે અમે એર ફ્રાયર્સને પર્ફોમન્સ ડિલીવર કરવાની સાથે અને કેનસ્ટાર પાસેથી જે ગ્રાહકો અપેક્ષા રાખે છે તે વિશ્વસનીયતા સાથે રોજિંદા કૂકીંગના વધુ શ્રેષ્ઠ અને સુગમ ભાગ બનાવવાનો હેતુ ધરાવીએ છીએ.”નવી શ્રેણીમાં ડ્યુઓકોર ઈન્ટેલી હીટિંગ ટેકનોલોજી જેવી અદ્યતન ટેકનોલોજી છે, જે ગરમીને સમાનરૂપે વિતરિત કરવામાં મદદ કરે છે જેથી તે વધુ સારી રીતે બ્રાઉનિંગ અને ક્રિસ્પિંગ થાય, અને ટર્બો એર ટેકનોલોજી, જે એકસમાન રસોઈ અને સંપૂર્ણ ક્રંચને ટેકો આપે છે. આ શ્રેણી ઓછા તેલમાં રસોઈને પણ સપોર્ટ કરે છે, જે ગ્રાહકોને ઓછા તેલમાં ક્રિસ્પી અને સ્વાદિષ્ટ ખોરાક તૈયાર કરવામાં મદદ કરે છે. પસંદગીના મોડેલો સ્માર્ટ પ્રીસેટ મેનુઓ અને રીહીટ, ગ્રીલ, ટોસ્ટ, ક્રિસ્પી ફ્રાય, તંદૂર, ડિહાઈડ્રેટ અને બેક જેવા બહુવિધ રસોઈ મોડ્સ સાથે આવે છે, જે ઉપકરણોને નિયમિત એર ફ્રાઈંગ કરતાં વધુ માટે ઉપયોગી બનાવે છે.45+ SKU પોર્ટફોલિયોમાં સ્ટાર શેફ એર ફ્રાયર કમ ઓવન, ડ્યુઓ ફીસ્ટ ડબલ બાસ્કેટ, પ્યોર વ્યૂ ઓલ ગ્લાસ, ડેઈલી કૂક અને સેલિબ્રેશન ગિફ્ટિંગ સિરીઝનો સમાવેશ થાય છે. આ મોડેલો વિવિધ કૌટુંબિક કદ અને રસોડાની જરૂરિયાતોને અનુરૂપ વિવિધ ક્ષમતાઓમાં ઉપલબ્ધ છે.ડેઈલી કૂક સિરીઝ રોજિંદા સુવિધા માટે ડિઝાઈન કરવામાં આવી છે અને 4.5Lથી 12L સુધી આવે છે, જ્યારે સેલિબ્રેશન સિરીઝ નાના ઘરો, ખાસ પ્રસંગો અને તહેવારોની ભેટો માટે યોગ્ય છે.

# લોકરમાંથી દાગીના ચોરાય તો વળતર કેટલું મળે?

મુંબઈ |જામનગરના એક બેંક લોકરમાં રાખેલા આશરે 39.48 લાખ રૂપિયાના સોનાના ઘરેણાંને નકલી ઘરેણાંથી બદલી નાખવામાં આવ્યા હતા. આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે જામનગર પોલીસે 3 સપ્ટેમ્બરે ઈન્ડિયન બેંકની રણજીતસાગર રોડ શાખાને સૂચના આપી કે બેંકના લોકરથી લાખો રૂપિયાનું સોનું ચોરી થવાની આશંકા છે. બેંક અધિકારીઓ માટે આ કોઈ આંચકાથી ઓછું ન હતું, કારણ કે લોકર વાળા વૉલ્ટને ખોલવા માટે બે ચાવીઓની જરૂર પડે છે. તપાસ થઈ તો ખબર પડી કે ઘરેણાં પોતાની જગ્યા પર તો રાખેલા હતા, પરંતુ અસલી નહોતા. બેંકે જ્યારે પોતાના જ્વેલર પાસે લોકરમાં રાખેલા ઘરેણાંની તપાસ કરાવી તો આખો મામલો ખુલી ગયો. મંગળસૂત્ર, હાર, અંગૂઠીઓ, કાનના બુટ્ટીઓ અને પેન્ડન્ટ સહિત કુલ 342.10 ગ્રામ સોનાના ઘરેણાં લોકરમાં રાખેલા હતા. પરંતુ તપાસમાં ખબર પડી કે અસલી ઘરેણાંની જગ્યાએ નકલી ઘરેણાં મૂકી દેવામાં આવ્યા હતા. એફઆઈઆર (FIR) મુજબ, બેંકના પટાવાળા હસમુખ દિનેશ પરિયાએ વૉલ્ટની ચાવીઓ મેળવી લીધી અને આશરે 39.48 લાખ રૂપિયાના સોનાના ઘરેણાં કાઢીને તેની જગ્યાએ નકલી ઘરેણાં મૂકી દીધા. બેંકના નિયમ મુજબ વૉલ્ટ ખોલવા માટે બે ચાવીઓની જરૂર હતી. આ બંને ચાવીઓ બે અલગ-અલગ અધિકારીઓ પાસે રહેતી હતી. જામનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનના જણાવ્યા મુજબ, એક ચાવી બ્રાન્ચ મેનેજર અને બીજી ડેપ્યુટી પાસે રહેતી હતી. પરંતુ જે દિવસે આ ઘટના બની, ડેપ્યુટી રજા પર હતા. એવી સ્થિતિમાં બંને ચાવીઓ બ્રાન્ચ મેનેજર પાસે હતી. પોલીસનું કહેવું છે કે બેંકમાં આશરે 15 વર્ષથી કામ કરતો પટાવાળો આ વ્યવસ્થાથી પરિચિત હતો. તેને ખબર હતી કે ડેપ્યુટી રજા પર હોવાની સ્થિતિમાં બંને ચાવીઓ એક જ અધિકારી પાસે રહેશે. કથિત રીતે ચોરી માટે આ જ તકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બેંક લોકરથી ઘરેણાં ગાયબ થવાનો આ કોઈ એકમાત્ર મામલો નથી. અલગ-અલગ શહેરોમાં અગાઉ પણ આવી ફરિયાદો સામે આવતી રહી છે. દિલ્હીના કીર્તિ નગરમાં એક મહિલાએ આરોપ લગાવ્યો હતો કે તેના બેંક લોકરથી આશરે 60 લાખ રૂપિયાના ઘરેણાં ગાયબ થઈ ગયા છે. લખનૌમાં એક બેંકની શાખામાં ચાર લોકર કથિત રીતે તોડી નાખવામાં આવ્યા અને આશરે 48 લાખ રૂપિયાના સોનાના ઘરેણાંના ગબનનો મામલો સામે આવ્યો. ફરીદાબાદમાં એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને તેના પરિવારે બેંક શાખા પર લોકરની દેખરેખમાં બેદરકારીનો આરોપ લગાવ્યો હતો. તેમના જણાવ્યા મુજબ, આશરે એક કિલો સોનું અને ત્રણ કિલો ચાંદીના ઘરેણાં લોકરથી ગાયબ મળ્યા હતા. લખનૌમાં જ આ વર્ષે અન્ય એક મામલામાં બેંકના લોકરથી આશરે 1.5 કરોડ રૂપિયાના ઘરેણાં ચોરી થવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. ગ્રાહકે બેંક કર્મચારીઓ પર ચોરીનો આરોપ લગાવ્યો હતો.

# ક્રૂડતેલ ઉછળીને ૧૦૧ ડોલર નજીક પહોંચ્યું: ચાંદીમાં રૂ.૭૦૦૦નો ઉછાળો

મુંબઈ : મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં તેજી આગળ વધી હતી. પ્લેટીનમના ભાવ પણ ઉંચા બોલાતા થયા હતા. વિશ્વ બજાર વધતાં તથા મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયો ગબડતાં કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટમાં વૃદ્ધી નોંધાઈ હતી અને તેનિ ઈમ્પેકટ બજાર ભાવ પર પણ જોવા મળી હતી. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઉછળી ૧૦૦ ડોલર ઉપર જતાં તેની ઈમ્પેક્ટ સોનાના ભાવ પર દેખાઈ હતી.ઈરાન-અમેરિકાના ઘર્ષણમાં સાઉદી અરેબિયા પર પણ ઈરાને હુમલો કરતાં વિશ્વ બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડના ભાવ વધી બેરલના ઉંચાંમાં ૧૦૧ ડોલર નજીક પહોંચી ગયાના સમાચાર દરિયાપારથી મળ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં આજે સોનાનાભાવ ઔંસના ૪૪૦૪ વાળા વધી ૪૪૧૫ થઈ ૪૪૦૭થી ૪૪૦૮ ડોલર રહ્યા હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૦ વધ્યા હતા જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૭૦૦૦ ઉછળ્યા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ પણ ઔંસના ૬૬.૨૦થી વધી ૬૭.૦૦ ડોલર થઈ ૬૬.૩૩થી ૬૬.૩૪ ડોલર રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં બ્રેન્ટક્રૂડના ભાવ વધી બેરલના ૧૦૦.૯૫ ડોલર ૧૦૦.૬૭ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ વધી ૯૫.૬૫ થઈ ૯૫.૫૨ ડોલર રહ્યા હતા. ક્રૂડ વધતાં મુંબઈ કરન્સી બજારમાં આજે ડોલર સામ રૂપિયો ગબડયો હતો.દરમિયાન, અમદાવાદ બજારમાં આજે સોનાના ભાવ વધી ૯૯૫ના રૂ.૧૫૭૭૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૫૮૦૦૦ રહ્યા હતા. અમદાવાદ ચાંદીના ભાવ વધી રૂ.૨૪૦૦૦૦ રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૪૦૦ વધી ૯૯૫ના રૂ.૧૫૨૮૭૧ તથા ૯૯૯ના રૂ.૧૫૩૪૮૬ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૧૪૦૦ વધી રૂ.૨૩૫૨૪૯ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં આજે પ્લેટીનમના ભાવ ઔંસના ઉંચામાં ૧૮૬૬ થઈ ૧૮૫૭થી ૧૮૫૮ ડોલર રહ્યા હતા. મુંબઈ બજારમાં પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના વધી રૂ.૬૫૪૮૫ રહ્યા હતા. વિશ્વ બજારમાં પેલેડીયમના ભાવ ઔંસના જો કે ૧૩૭૫ વાળા ઘટી ૧૩૪૪ ડોલર થઈ ૧૩૫૫થી ૧૩૫૬ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ ટોચ પરથી એક ટકો નરમ રહ્યા હતા.

# કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં પોઝિશન લિમિટના નિયમોમાં ફેરફાર

મુંબઈ : મૂડી બજાર નિયામક તંત્ર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ કોમોડિટી ડેરિવેટિઝ સેગ્મેન્ટમાં ગ્રાહકો-ક્લાયન્ટ માટેની પોઝિશન લિમિટ અને તેનું ઉલ્લંઘન થાય ત્યારે વસૂલવામાં આવતી પેનલ્ટીની જોગવાઈઓમાં મહત્વપૂર્ણ ફેરફાર કર્યા છે. સેબીએ કૃષિ કોમોડિટી ડેરિવેટિઝ માટેની પોઝિશન લિમિટની સમીક્ષા કર્યા બાદ આ નિર્ણય લીધો છે. હાલની પોઝિશન લિમિટની જોગવાઈઓ વર્ષ ૨૦૧૭માં તે સમયની માર્કેટ પોઝિશનને ધ્યાનમાં રાખીને અમલમાં મૂકવામાં આવી હતી. ત્યારથી કૃષિ કોમોડિટી ડેરિવેટિઝ માટેની મર્યાદામાં ફેરફાર કરવાની માંગ વિવિધ હિતધારકો તરફથી કરવામાં આવી રહી હતી. આ સાથે જ પોઝિશન લિમિટના ઉલ્લંઘન બદલ વસૂલવામાં આવતા દંડ પર મર્યાદા નક્કી કરવાની પણ રજૂઆતો કરવામાં આવી હતી. હિતધારકો પાસેથી મળેલી રજૂઆતો, કૃષિ કોમોડિટી ડેરિવેટિઝ ક્ષેત્રના નિયમોની સમીક્ષા માટે રચાયેલા કાર્યકારી જૂથની ભલામણો, કોમોડિટી ડેરિવેટિઝ એડવાઈઝરી કમિટી (સીડીએસી)ની ભલામણો તેમ જ જાહેર જનતા પાસેથી મળેલા પ્રતિભાવો ધ્યાનમાં લઈને સેબીએ નિયમોમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. આ ફેરફારોનો હેતુ વ્યવસાય કરવાની સરળતા વધારવાનો પણ છે.પોઝિશન લિમિટના ઉલ્લંઘન બદલ દંડની નવી જોગવાઈ લાગુ કરાઈ છે. પોઝિશન લિમિટના ઉલ્લંઘનને રોકવા માટે કોમોડિટી સ્તરે તેમ જ નજીકના મહિના એટલે કે નિયર-મંથ કોન્ટ્રાક્ટ સ્તરે ઓપન ઈન્ટરેસ્ટ અંગે નવી દંડ જોગવાઈ લાગુ કરવામાં આવી છે. જેમાં (૧) ગ્રાહક સ્તરે પોઝિશન લિમિટના ઉલ્લંઘન બદલ દંડ : ગ્રાહકના ખાતામાં નિર્ધારિત ઓપન પોઝિશન લિમિટ કરતા વધુ પોઝિશન જોવા મળે તો સંબધિત ટ્રેડિંગ મેમ્બર પાસેથી દરરોજના ઉલ્લંઘન માટે દંડ વસૂલવામાં આવશે. જો ઉલ્લંઘન નિર્ધારિત મર્યાદાના બે ટકાથી વધુ હોય : મર્યાદા કરતા વધુ પોઝિશનXક્લોઝિંગ ભાવ Xઉલ્લંઘન ચાલુ રહેલા દિવોસની સંખ્યા X બે ટકા અથવા રૂપિયા બે લાખ, બન્નેમાંથી જે રકમ ઓછી હોય તે દંડ વસૂલવામાં આવશે. જો ઉલ્લંઘન નિર્ધારિત મર્યાદાના બે ટકા સુધી હોય : મર્યાદા-લિમિટ કરતાં વધુ પોઝિશન X ક્લોઝિંગ ભાવXઉલ્લંઘન ચાલુ રહેલા દિવસોની સંખ્યા Xબે ટકા અથવા રૂ.૧૦,૦૦૦, બન્નેમાંથી જે રકમ ઓછી હોય તે દંડ વસૂલવામાં આવશે. દંડની ગણતરી નજીકના કેલેન્ડર મહિનાના સંબંધિત ફ્યુચર્સ કોન્ટ્રાક્ટસના ક્લોઝિંગ ભાવના આધારે પણ કરી શકાશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, શ્રાવણ વદ અમાસ

# મોદીએ ત્રણ કલાક સુધી રાજ્ય કક્ષાના મંત્રીઓનો કલાસ લીધો

૧૨ વર્ષના સમયગાળામાં ફક્ત બીજી વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્ય કક્ષાના મંત્રીઓને રૂબરૂ બોલાવી એમનો કલાસ લીધો હતો. ત્રણ કલાકની સમીક્ષા બેઠકમાં હાજર રહેલા ૨૦ જેટલા રાજ્યકક્ષાના મંત્રીઓને મોદીએ અલગ અલગ પ્રકારના સવાલો પૂછ્યા હતા. કેટલાક મંત્રીઓ વધુ પડતા આંકડા જણાવવા માંડયા ત્યારે મોદીએ તેમને આ આદત બદલવાની સલાહ આપી હતી. એક પછી એક દરેક મંત્રીઓને વિકસીત ભારતના સંબંધમાં પોતાના વિચારો રજૂ કરવાનું કહેવામાં આવ્યું હતું. બેઠકમાં ગ્રામીણ વિકાસ, સામાજીક ન્યાય અને ગરીબ કલ્યાણ યોજનાઓના પ્રેઝન્ટેશન પછી વડાપ્રધાને વ્યક્તિગત રીતે દરેક મંત્રીઓ પાસે જાણકારી માંગી હતી. જો કોઈ મંત્રી આંકડા કહેવાનું શરૂ કરે તો મોદી એમને વચમાં જ રોકી દેતા હતા. એમનું કહેવું હતું કે, સેક્રેટરીઓએ આપેલા આંકડાનું રટણ બંધ કરો. સોશ્યલ મીડિયા પર કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસ અને ભાજપના આઈટી સેલ વચ્ચે તડાફડી થતી જ રહે છે. હવે ભાજપના પ્રવક્તા ગૌરવ ભાટીયાએ સીજેપીના નેતાઓ અભિજીત દિપકે, સૌરવ દાસ અને આશુતોષ રાંકા વિરુદ્ધ બદનક્ષીનો દાવો દાખલ કર્યો છે. સૌરવ દાસે એક પોસ્ટ સોશ્યલ મીડિયા પર મૂકી હતી જેમા ગૌરવ ભાટીયાના નામથી નિવેદન હતું કે, સીજેપીના કાર્યકર નિશુ આઝાદના પિતા પર હુમલો કરનાર આરોપી સ્વતંત્ર ભારદ્વાજ દિમાગી નક્સલ છે. ભાજપનો એની સાથે કોઈ સંબંધ નથી. ભાટીયાના દાવા પ્રમાણે આ પોસ્ટ એમણે મૂકી નહોતી અને એટલે એમણે સૌરવ દાસ સામે કેસ દાખલ કર્યો છે. સૌરવ દાસે ત્યાર પછી પોસ્ટ હટાવી લીધી છે, પરંતુ ગૌરવ ભાટીયાને પૂછ્યું છે કે શું સ્વતંત્ર ભારદ્વાજ જેવી વ્યક્તિને ભાજપનું સમર્થન છે કે નહીં એ સ્પષ્ટ કરે. બાગેશ્વર બાબાના નામથી જાણીતા ધર્મગુરુ ધીરેન્દ્ર શાસ્ત્રી એક નિવેદનને કારણે ફસાયા છે. ધીરેન્દ્ર શાસ્ત્રીએ બંગાળના હાવડા જિલ્લામાં દુર્ગા પૂજા વખતે હિન્દુઓને ફક્ત શાકાહારી ભોજન લેવાની અપીલ કરી હતી. ધીરેન્દ્ર શાસ્ત્રીની આ અપીલને કારણે બંગાળમાં રાજકારણ ગરમાયું છે. વિરોધ પક્ષો આરોપ મૂકી રહ્યા છે કે, બંગાળની ભાજપ સરકાર બંગાળી સંસ્કૃતિનું અપમાન કરે છે. સામે ભાજપના સ્ટેટ યુનિટ પ્રમુખ શામીક ભટ્ટાચાર્યએ ધીરેન્દ્ર શાસ્ત્રીનું નામ લીધા વગર એમની અપીલ ફગાવી દીધી હતી. ધીરેન્દ્ર શાસ્ત્રીના વિરોધ બાબતે કોંગ્રેસ અને ભાજપ એક સાથે છે. ધીરેન્દ્ર શાસ્ત્રી વિરુદ્ધ દક્ષિણ કોલકત્તા જિલ્લા કમીટીના અધ્યક્ષએ ભવાનીપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી છે. એમની ફરિયાદ પ્રમાણે ધીરેન્દ્ર શાીએ દુર્ગા પૂજા વખતે માંસ ખાનારા બંગાળીઓને પાંખડી કહ્યા હતા. દુર્ગા પૂજા વખતે બંગાળીઓએ શું ખાવું અને શું નહીં ખાવું એનો ઉપદેશ આપવાનું ધીરેન્દ્ર શાસ્ત્રીને ભારે પડી ગયું છે.કેન્દ્ર સરકાર રેલવેનું આધુનીકરણ કરવાની યોજના બનાવે છે. કેન્દ્રીય મંત્રીઓની કેબિનેટ બેઠકમાં આ બાબતે કેટલાક મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ નિર્ણયો છેલ્લા ૧૨ વર્ષોથી ચાલી રહેલા રેલવેના આધુનીકરણનો હિસ્સો છે. યોજના પ્રમાણે ૭ હાઈ ડેનસીટી રેલવે કોરીડોરને ફોર ટ્રેક તેમજ ક્વાડ્રુપલ કરવાની યોજના છે. આ કોરીડોર પર ટ્રેકની સંખ્યા પણ વધારવામાં આવશે જેને કારણે ભવિષ્યમાં રસ્તા મારફતે થતી માલની હેરફેર પર દબાણ ઓછું થાય. દિલ્હી - મુંબઈ, મુંબઈ - ચેન્નઈ, ચેન્નઈ - કોલકત્તા અને કોલકત્તા - દિલ્હી માર્ગ મળીને ગોલ્ડન ક્વાડ્રિલેટરલ બનાવવામાં આવશે. આ સિવાય દિલ્હી - ગૌહટી કોરીડોર બનાવવાની પણ યોજના છે. કોંચીન મીનરલ્સ એન્ડ રૂટાઈલ લીમીટેડ બાબતે કેરળના રાજકારણમાં ગરમી વધી ગઈ છે. સીપીઆઈ (એમ)ના મહામંત્રી એમ વી ગોવિંદનએ ભૂતપૂર્વ મુખ્યમંત્રી પીનારાય વિજયન, એમના પુત્રી વીના ટી અને પતિ પીએ મોહમદ રીયાઝને રાજકીય કારણસર હેરાન કરવામાં આવતા હોવાનો આક્ષેપ કર્યો છે.

# સ્વચ્છ વંથલી-સુંદર વંથલીના સંકલ્પ સાથે સ્વચ્છતા કર્મચારીઓને વિશેષ તાલીમ

નરેન્દ્ર દવે જૂનાગઢ

વંથલી નગરપાલિકા દ્વારા શહેરી સ્વચ્છતા વ્યવસ્થાને વધુ સુદ્ઢ બનાવવા તથા ૧૦૦ દિવસ મહા સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા વિવિધ સ્વચ્છતાલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે વંથલી નગરપાલિકાના સભાખંડ ખાતે સ્વચ્છતા કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓ માટે વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. ચીફ ઓફિસરશ્રીના માર્ગદર્શન હેઠળ સેનેટરી ઈન્સ્પેક્ટર દ્વારા યોજાયેલી તાલીમમાં સફાઈ કામદારો, જાહેર શૌચાલયના સંભાળતા કર્મચારીઓ, વોર્ડ નિરીક્ષકો તથા ઘર-ઘર કચરા સંગ્રહ માટેના વાહનચાલકો સહિતના કર્મચારીઓએ ભાગ લીધો હતો. તાલીમ દરમિયાન જાહેર સ્થળોની સ્વચ્છતા, કચરાના સ્થળોનું કાયમી નિવારણ, નિયમિત સફાઈ, ઘર-ઘર કચરા સંગ્રહ, કચરાનું યોગ્ય રીતે અલગકરણ તેમજ નાગરિકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવા સહિતના વિવિધ મુદ્દાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્વચ્છતા કામગીરી સમયસર અને જવાબદારીપૂર્વક કરવા તથા શહેરી વિસ્તારમાં કચરાના ઢગલા કે ગંદકીના સ્થળો ઊભા ન થાય તે માટે જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવી હતી.વંથલી નગરપાલિકા દ્વારા "સ્વચ્છ વંથલી-સુંદર વંથલી"ના સંકલ્પ સાથે ૧૦૦ દિવસ મહા સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા નગરજનોને સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે. નગરજનોને ઘરનો કચરો ઘર-ઘર કચરા સંગ્રહના વાહનમાં જ આપવા તેમજ જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સેવા સંકલ્પ 2026'ની સફળતા માટે ભાજપ જુનાગઢ મહાનગરની કાર્યશાળા યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભારતીય જનતા પાર્ટી જુનાગઢ મહાનગરના સંજય પંડ્યા ની એક યાદીમાં જણાવ્યું છે કે ભારતીય જનતા પાર્ટી જુનાગઢ મહાનગર દ્વારા દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળના 25 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે તેમજ તેમના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે આગામી દિવસોમાં યોજાનારા વિવિધ સેવા, સુશાસન અને વિકાસલક્ષી કાર્યક્રમોને વ્યાપક જનભાગીદારી સાથે સફળ બનાવવા 'સેવા સંકલ્પ 2026' અંતર્ગત વિશેષ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જુનાગઢ મહાનગરના ગિરનાર કમલમ્ કાર્યાલય ખાતે યોજાયેલી આ મહત્વપૂર્ણ કાર્યશાળામાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગના ઈન્ચાર્જ શ્રી પ્રશાંતભાઈ વાળાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. શ્રી પ્રશાંતભાઈ વાળાએ કાર્યશાળામાં ઉપસ્થિત સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓને 'સેવા સંકલ્પ 2026'ના હેતુ, કાર્યક્રમોની અસરકારક અમલવારી તેમજ સરકારની જનકલ્યાણકારી કામગીરીને લોકો સુધી પહોંચાડવા અંગે વિસ્તૃત અને માર્ગદર્શક સંબોધન કર્યું હતું.તેમણે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી માટે સેવા માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ સંગઠનની કાર્યપદ્ધતિ અને કાર્યકર્તાની સંસ્કૃતિનો અભિન્ન ભાગ



છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશે વિકાસ, સુશાસન અને જનકલ્યાણના ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓને લોકો સુધી પહોંચાડવા સાથે સમાજના વિવિધ વર્ગો સુધી સેવાકીય પ્રવૃત્તિઓનો લાભ પહોંચે તે દિશામાં કાર્યકર્તાઓએ સક્રિય ભૂમિકા ભજવવી જોઈએ. કાર્યશાળામાં આગામી દિવસોમાં 'સેવા સંકલ્પ 2026' અંતર્ગત યોજાનારા વિવિધ સેવાકીય અને જનજાગૃતિના કાર્યક્રમો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમોની સફળતા માટે વોર્ડ કક્ષાથી મહાનગર કક્ષા સુધી સુવ્યવસ્થિત આયોજન, કાર્યકર્તાઓને જવાબદારીઓ ની ફાળવણી, સમયબદ્ધ અમલ અને જનભાગીદારી વધારવા અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંગઠન પ્રભારીશ્રી જીજ્ઞાબેન પંડ્યા, મહાનગર અધ્યક્ષ ગૌરવભાઈ રૂપારેલીયા, પ્રદેશ મહિલા મોરચાના મહામંત્રી ભાવનાબેન હિરપરા, મહામંત્રી વિનુભાઈ ચાંદ્રેગ્રા, જયેશભાઈ ઘોરાજીયા, મિલનભાઈ ભટ્ટ, ધર્મેશભાઈ પોશિયા, આકાશભાઈ કટારા, પલ્લવીબેન ઠાકર સહિત સંગઠનના હોદ્દેદારો, વોર્ડ પ્રભારીઓ, વિવિધ મોરચાના પ્રમુખો-મહામંત્રીઓ, વોર્ડ પ્રમુખો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા વિવિધ કાર્યક્રમોના ઈન્ચાર્જશ્રીઓ અને બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશાળાના અંતે ઉપસ્થિત કાર્યકર્તાઓએ સેવા, સુશાસન અને વિકાસના સંકલ્પને સાકાર કરવા તથા 'સેવા સંકલ્પ 2026' અંતર્ગત યોજાનારા તમામ કાર્યક્રમોને ભવ્ય સફળતા અપાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમની આભારવિધિ મિલનભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી.

# કૃષિ શિક્ષણ અને સંશોધનમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની વધુ એક નોંધપાત્ર સિદ્ધિ : NAEAB-ICAR દ્વારા 'A' ગ્રેડની માન્યતા

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ કૃષિ યુનિ. એ કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે વધુ એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. National Agricultural Education Accreditation Board (NAEAB), Indian Council of Agricultural Research (ICAR), New Delhi દ્વારા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ને 'A' ગ્રેડ એનાયત કરવામાં આવ્યો છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી તેમજ યુનિવર્સિટી હેઠળ કાર્યરત વિવિધ મહાવિદ્યાલયો અને તેમના અભ્યાસક્રમો ની માન્યતા મેળવવા માટે યુનિવર્સિટી દ્વારા NAEAB, ICAR, New Delhi સમક્ષ Self-Study Report (SSR) રજૂ કરવામાં આવ્યો હતો. રજૂ કરવામાં આવેલા SSRના મૂલ્યાંકન બાદ NAEAB, ICARની Peer Review Team દ્વારા તા. ૨૭ થી ૩૧જુલાઈ, ૨૦૨૬ દરમિયાન યુનિવર્સિટી કેમ્પસ, વિવિધ મહાવિદ્યાલયો, શૈક્ષણિક સુવિધાઓ, સંશોધન કેન્દ્રો સહિતની વિવિધ સુવિધાઓની પ્રત્યક્ષ મુલાકાત લઈ ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. આ ચકાસણીના આધારે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીને ૪.૦૦માંથી ૩.૧૭નો સ્કોર પ્રાપ્ત થયો છે અને યુનિવર્સિટી ને 'A' ગ્રેડની માન્યતા આપવામાં આવી છે. આ માન્યતા ૨૭ માર્ચ, ૨૦૩૧ સુધી અમલમાં રહેશે. યુનિવર્સિટીની શૈક્ષણિક ગુણવત્તા, સંશોધન કાર્ય, વિસ્તરણ પ્રવૃત્તિઓ, માળખાકીય સુવિધાઓ, વિવિધ વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓ તથા કૃષિ શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવેલી ઉત્કૃષ્ટ કામગીરીને ધ્યાને લઈ આ માન્યતા પ્રાપ્ત થઈ છે. આ સિદ્ધિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, અધ્યાપકો, વૈજ્ઞાનિકો, અધિકારીઓ, કર્મચારીઓ તથા સમગ્ર યુનિવર્સિટી પરિવારના નિષ્ઠાપૂર્વકના સંયુક્ત પ્રયાસોનું પરિણામ છે. ICARની આ માન્યતાથી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠામાં વધુ વધારો થયો છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રીએ આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ, વિવિધ મહા વિદ્યાલયોના આચાર્યશ્રીઓ, પ્રાધ્યાપકો, વૈજ્ઞાનિકો, કર્મચારીશ્રીઓ અને વિદ્યાર્થીઓ ને અભિનંદન પાઠવ્યા છે. તેમણે જણાવ્યું છે કે, યુનિવર્સિટીને પ્રાપ્ત થયેલો 'A' ગ્રેડ ગુણવત્તાયુક્ત કૃષિ શિક્ષણ ઉત્તમ સંશોધન અને ખેડૂતલક્ષી વિસ્તરણ પ્રવૃત્તિઓ પ્રત્યેની યુનિવર્સિટીની પ્રતિબદ્ધતા નું પ્રતિબિંબ છે. કૃષિ ક્ષેત્રના વિકાસ અને ખેડૂતોના કલ્યાણ માટે યુનિવર્સિટી ભવિષ્યમાં પણ વધુ શ્રેષ્ઠ કામગીરી કરવા પ્રતિબદ્ધ છે. આ સિદ્ધિથી યુનિવર્સિટીમાં ગુણવત્તાયુક્ત કૃષિ શિક્ષણ અને સંશોધનને વધુ વેગ મળશે તેમજ વિદ્યાર્થીઓ અને સંશોધકો માટે નવી તકો ઉપલબ્ધ થશે. NAEAB-ICARની માન્યતા મેળવવા માટે ICARના ધારા ધોરણો મુજબ પૂરતું મહેકમ તથા વિદ્યાર્થીઓ માટે જરૂરી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ હોવી અત્યંત જરૂરી છે. આ સંદર્ભે ગુજરાત સરકારશ્રી દ્વારા ગત વર્ષે શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા અંગે આપવામાં આવેલી મંજૂરી તેમજ વિદ્યાર્થીલક્ષી માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે આપવામાં આવેલા સહયોગ બદલ યુનિવર્સિટી દ્વારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી,કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, રાજ્ય કક્ષાના કૃષિ મંત્રીશ્રી રમેશભાઈ કટારા તથા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગર નો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

# છોટાઉદેપુરમાં મધમાખી પાલન તાલીમ યોજાઈ વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેડૂતોની આવક બમણી કરવા પર ભાર



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

છોટાઉદેપુરના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી અને બાગાયત વિભાગે સાથે મળીને મધમાખી પાલન તાલીમનું આયોજન કર્યું. આ તાલીમ 10 સપ્ટેમ્બર, 2026ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી ખાતે 'વૈજ્ઞાનિક રીતે મધમાખી પાલન' વિષય પર યોજાઈ હતી.કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. ભરતભાઈ મહેતાએ ખેડૂતોને માહિતી આપી. તેમણે જણાવ્યું કે ખેતી સાથે મધમાખી પાલન કરીને આવક બમણી કરી શકાય છે. મધમાખી પાલનથી પરાગનયન દ્વારા ખેતી ઉત્પાદનમાં વધારો થાય છે.ડો. મહેતાએ મધમાખી પાલનના વ્યવસાયથી મળતી ઉપજો વિશે પણ વિસ્તૃત માહિતી આપી. આ ઉપજોમાં મધ અને મીણ મુખ્ય છે. આ ઉપરાંત, મધમાખીના ડંખનું ઝેર, રોયલ જેલી, પ્રોપોલીસ અને પરાગરજ જેવી અન્ય વસ્તુઓ પણ મળે છે.ત્યારબાદ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પાક સંરક્ષણ વિષય નિષ્ણાંત વિનય પટેલે મધમાખીની વિવિધ પ્રજાતિઓ વિશે સમજાવ્યું. તેમણે ભારતીય મધમાખી, ઈટાલીયન મધમાખી, ભમ્મરીયું મધ અને ગુસ્યુ મધ વિશે જાણકારી આપી. સાથે જ, મધમાખીનું જીવનચક્ર અને આ વિસ્તારમાં મધમાખી પાલનની શક્યતાઓ વિશે પણ ખેડૂતોને માર્ગદર્શન આપ્યું.આ કાર્યક્રમમાં છોટાઉદેપુર જિલ્લાના નાયબ બાગાયત નિયામક એચ.એમ. પરમારે બાગાયત વિભાગની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી. તેમણે મિશન મધમાખી અંતર્ગત સરકારની સહાય યોજનાઓ વિશે પણ જાણકારી આપી.આ કાર્યક્રમમાં આત્મા પ્રોજેક્ટના પ્રોજેક્ટ ડાયરેક્ટર ચારેલ, બાગાયત અધિકારી એ.એન. પંચભાઈ, રુચિરભાઈ, સિંધિયાભાઈ અને જીતુભાઈ પણ હાજર રહ્યા હતા. તેમણે બાગાયતી પાકો વિશે વિગતવાર સમજણ આપી. ગુજબીના ઉપપ્રમુખ વિનોદભાઈએ મધમાખી પાલન માટે વપરાતા સાધનો વિશે માહિતી આપી. તેમણે મધમાખી વસાહતોની વૈજ્ઞાનિક રીતે જાળવણી અને વિવિધ પાકોમાં મધમાખી પાલનથી ઉત્પાદનમાં થતા વધારા વિશે ખેડૂતોને સમજાવ્યું.આ તાલીમ કાર્યક્રમમાં છોટાઉદેપુર જિલ્લાના 110 થી વધુ ખેડૂતો અને ખેડૂત મહિલાઓએ ભાગ લીધો હતો.

# નોબલ યુનિવર્સિટીને GPCB દ્વારા એન્વાયરમેન્ટલ ઓડિટર તરીકે માન્યતા પ્રાપ્ત: પર્યાવરણ ક્ષેત્રે મળી મોટી સિદ્ધિ

નરેન્દ્ર દવે જૂનાગઢ

નોબલ યુનિવર્સિટીએ પર્યાવરણ ક્ષેત્રે વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. યુનિવર્સિટીને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) દ્વારા એન્વાયરમેન્ટલ ઓડિટર તરીકે માન્યતા પ્રાપ્ત થઈ છે. આ માન્યતા નોબલ યુનિવર્સિટીની આધુનિક લેબોરેટરી સુવિધાઓ, અનુભવી એન્વાયરમેન્ટલ એન્જિનિયરિંગ નિષ્ણાતોની ટીમ તથા તકનિકી ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે. GPCBની આ માન્યતા અંતર્ગત નોબલ યુનિવર્સિટી દ્વારા ઉદ્યોગો તેમજ કોમન એન્વાયરમેન્ટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસિલિટીઝ માટે પર્યાવરણીય ઓડિટ અને સંબંધિત તકનિકી સેવાઓ પૂરી પાડવામાં આવશે. યુનિવર્સિટીની નિષ્ણાત ટીમ દ્વારા પર્યાવરણ સંબંધિત વિવિધ માપદંડોનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન, મોનિટરિંગ અને વિશ્લેષણ કરવામાં આવશે.આ અંતર્ગત એન્વાયરમેન્ટલ ઓડિટ, એન્વાયરમેન્ટલ મોનિટરિંગ એન્ડ એનાલિટિકલ ટેસ્ટિંગ, એડિક્વેસી એન્ડ ઈફિકેસી સર્ટિફિકેટ તથા માસ બેલેન્સ ઈવેલ્યુએશન જેવી મહત્વપૂર્ણ સેવાઓ ઉપલબ્ધ રહેશે. આ સેવાઓના માધ્યમથી ઉદ્યોગોને પર્યાવરણીય ધોરણોનું પાલન, પ્રક્રિયાઓની અસરકારકતા તથા પર્યાવરણીય કામગીરીના વૈજ્ઞાનિક મૂલ્યાંકનમાં મહત્વપૂર્ણ સહાય મળી રહેશે. નોબલ યુનિવર્સિટીને પ્રાપ્ત થયેલી આ GPCB માન્યતા યુનિવર્સિટી માટે માત્ર એક મહત્વપૂર્ણ સિદ્ધિ જ નહીં, પરંતુ ઉદ્યોગો અને પર્યાવરણ ક્ષેત્રે ગુણવત્તાસભર, વિશ્વસનીય અને વૈજ્ઞાનિક સેવાઓ પૂરી પાડવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ સિદ્ધિથી નોબલ યુનિવર્સિટીની પર્યાવરણ ક્ષેત્રે તકનિકી અને સંશોધનાત્મક ભૂમિકા વધુ મજબૂત બનશે. આ મહત્વપૂર્ણ માન્યતા પ્રાપ્ત કરવામાં ડૉ. સી.ડી.શંખાવરાના માર્ગદર્શન હેઠળ સિવિલ એન્જિનિયરિંગ વિભાગના પ્રાધ્યાપકોએ અથાગ મહેનત અને સમર્પણ સાથે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમની આ પ્રશંસનીય કામગીરી બદલ સમગ્ર ટીમને નોબલ યુનિવર્સિટીના પ્રમુખ ડૉ. નિલેશભાઈ ધૂલેશિયા, ઉપપ્રમુખશ્રી ગિરીશભાઈ કોટેચા, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી વી.પી. ત્રિવેદી, કો-મેનેજિંગ ટ્રસ્ટીશ્રી કે.ડી. પંડ્યા તેમજ કુલપતિ ડૉ.એચ.એન.ખેર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે તેમ સંસ્થાના રજિસ્ટ્રાર અને ડીન ડૉ.જય તલાટી એ એક યાદીમાં જણાવ્યું છે.

## લાંબા સમયથી શિવભકિત અને સેવાકાર્ય રાજુલાના નિવૃત્ત કર્મચારીની અનોખી સેવા, શ્રધ્ધા સાથે સેવા અને સમયનો સદુપયોગ કરવાનો સંદેશ

કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજુલા નગરપાલિકામાં વર્ષો સુધી સેવા આપનાર અને હાલ નિવૃત્ત જીવન વિતાવતા એક કર્મચારી દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી અનોખી શિવભક્તિ અને સેવાકાર્ય કરવામાં આવી રહ્યું છે.ભાસ્કરભાઈ ભટ્ટ શ્રાવણ માસના ૩૦ દિવસ દરમિયાન દરરોજ વહેલી સવારે પોતે બીલીપત્ર તોડી લાવી, ૧૫૧ જેટલા



પડીકા તૈયાર કરી, સાંજના સમયે રાજુલાની વિવિધ દુકાનો તેમજ ઘરે-ઘરે શિવપૂજા કરતા ભાવિકો સુધી વિનામૂલ્યે પહોંચાડવામાં આવે છે.પરંતુ વર્ષ દરમિયાન આવતી બારેય શિવરાત્રી તેમજ દિવાળીના નવા વર્ષના દિવસે પણ સાંજ સુધી બીલીપત્રની આ સેવા નિયમિત રીતે કરવામાં આવે છે.હાલમાં તેઓ નિવૃત્ત હોવા છતાં અખબાર એજન્ટ તરીકેની જવાબદારી નિભાવવાની સાથે પોતાના સમયનો સદુપયોગ કરી સમાજ માટે સેવાભાવથીકાર્ય કરી રહ્યા છે.ચા નો મયાન સુદામા વિવાહ માત્ર શ્રાવણ માસ પૂરતું જ નહીં,તે માટે જરૂરી માનવતા.

# ગેરકાયદેસર સાગના વૃક્ષના કટીંગમાં ત્રણ આરોપીઓ રંગેહાથ ઝડપાયા

## વન વિભાગે રૂ. ૧.30 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ભારતીય વન અધિનિયમ હેઠળ કાર્યવાહી હાથ ધરી

સુશીલ પવાર | ડાંગ

દક્ષિણ ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી નિરજકુમાર તથા મદદનીશ વન સંરક્ષક જૈનિલ દેસાઈના માર્ગદર્શન હેઠળ આહવા-પૂર્વ રેંજના વનકર્મીઓ દ્વારા ગેરકાયદેસર વૃક્ષ કટીંગ સામે હાથ ધરાયેલી કાર્યવાહી દરમિયાન સાગના વૃક્ષનું ગેરકાયદેસર કટીંગ કરતા ત્રણ વ્યક્તિઓને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે.આહવા-પૂર્વ રેંજના કંપા નં. ૧૨૯ના જંગલ વિસ્તારમાં તા. ૮/૯/૨૦૨૬ના રોજ સાગના વૃક્ષનું ગેરકાયદેસર કટીંગ થઈ રહ્યું હોવાની સ્થાનિક વનકર્મીઓને બાતમી મળતા તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. સ્થળ પર તપાસ કરતાં (૧) ભરતભાઈ નાનુભાઈ નિંબારે, (૨) તુકારામભાઈ નાનુભાઈ નિંબારે અને (૩) નરેન્દ્રભાઈ નાનુભાઈ નિંબારે, તમામ રહે. બોરખેત, તા. આહવા, જિ. ડાંગ, સાગના વૃક્ષનું કટીંગ કરતા રંગેહાથ ઝડપાઈ આવ્યા હતા.આ ત્રણેય વિરુદ્ધ ભારતીય વન અધિનિયમ, ૧૯૨૭ હેઠળ ગુનો નોંધી કાયદેસરની



કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરોપીઓની વધુ તપાસ હાથ ધરતાં આરોપી ભરતભાઈ નાનુભાઈ નિંબારેના બોરખેત ખાતેના રહેણાંક મકાનમાંથી ગેરકાયદેસર રીતે સંતાડવામાં આવેલ સાગના પાટિયા તથા રંધા મશીન મળી આવ્યા હતા, જેની અંદાજિત બજાર કિંમત રૂ. ૪૫,૦૦૦/- થાય છે.આ ઉપરાંત, કંપા નં. ૧૨૯ના જંગલ વિસ્તારમાંથી કાપવામાં આવેલ સાગના એક વૃક્ષનો કુલ ૨.૩૫૪ ઘન મીટર જથ્થો, જેની અંદાજિત બજાર કિંમત રૂ. ૮૫,૦૦૦/- થાય છે, તે પણ જપ્ત કરવામાં આવ્યો છે. આમ, વન વિભાગ દ્વારા સમગ્ર કાર્યવાહી દરમિયાન અંદાજિત કુલ રૂ. ૧,૩૦,૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.આ સમગ્ર કામગીરી આહવા ફોરેસ્ટ ઓફિસરશ્રી એ.બી.ઠેબા, રા.ફો. આહવા-પૂર્વ સુનિલ ગાવિત, રા.ફો. કલમવિહિર એસ.એસ. પવાર, રા.ફો. બોરખલ વી.આર. રાણા, બીટગાર્ડ બોરખેત કે.બી. ચૌધરી, બીટગાર્ડ ગોંડલવિહિર બી.જે. ગાવિત, બીટગાર્ડ પાંડવા એસ.જી. પાડવી તથા રેન્જ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.વન સંપત્તિનું ગેરકાયદેસર કટીંગ કે હેરફેર કરનાર તત્વો સામે વન વિભાગ દ્વારા કાયદેસરની અને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# બગસરા નગરપાલિકા દ્વારા નવા ટાઉનહોલની જગ્યાએ દબાણ દૂર કરવામાં આવ્યું મામલતદાર પોલીસ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા

અશોક મણવર અમરેલી

અમરેલીના બગસરા શહેરમાં નવા ટાઉનહોલ બનાવવા અર્થે થયેલા દબાણો દૂર કરવામાં આવ્યું મામલતદાર પી.આર પરમાર અને નગરપાલિકા ચીફ ઓફિસર એ. એચ. કાતરીયાની સૂચના અને માર્ગદર્શન હેઠળ બગસરા શહેરના જેતપુર રોડ પર નવા ટાઉનહોલ બનવાની નિર્ધારિત જગ્યાએ રહેલ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી કામગીરી દરમિયાન સ્થળ ઉપર રહેલ દબાણને નગરપાલિકાના JCB, ટ્રેક્ટર તથા સફાઈ કામદારોની મદદથી દૂર કરવામાં આવ્યું



કામગીરી સુચારુ રીતે અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ સ્ટાફ, મામલતદાર કચેરીનો સ્ટાફ તથા બગસરા નગરપાલિકાનો સ્ટાફ સ્થળ ઉપર હાજર રહ્યોનગરપાલિકા દ્વારા જાહેર હિતને ધ્યાનમાં રાખીને શહેરના વિકાસના કામોમાં અડચણરૂપ દબાણો દૂર કરવાની કામગીરી નિયમોનુસાર હાથ ધરવામાં આવી રહી નવા ટાઉનહોલના નિર્માણ માટેની જગ્યા સ્વચ્છ અને દબાણમુક્ત રહે તે હેતુથી આ કાર્યવાહી કરવામાં આવી જેમાં પોલીસ સ્ટાફ, મામલતદાર કચેરીના અધિકારી/કર્મચારીઓ, બગસરા નગરપાલિકાનો સ્ટાફ, JCB તથા ટ્રેક્ટર ચાલકો અને સફાઈ કામદારો ઉપસ્થિત રહી કામગીરીમાં સહયોગ આપ્યો.

# રાજુલા તાલુકાના નિગાળા 1 ગામ ના ચકચારી હત્યા અને અપહરણ કેસમાં વધુ એક આરોપીના જમીન મંજુર કરતી સેશન્સ કોર્ટ રાજુલા

કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજુલા તાલુકાના નિગાળા-1 ગામે બનેલા ચકચારી હત્યા અને અપહરણના કેસમાં આરોપીઓને એક પછી એક કોર્ટમાંથી રાહત મળી રહી છે. અગાઉ આરોપી મહેશ ભાયાભાઈ સોલંકીને રાજુલા સેશન્સ કોર્ટ દ્વારા રેગ્યુલર જામીન મંજૂર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આજે જાનુબેન બટુકભાઈ મકવાણા, રહે. મહુવાવાળાને પણ માનનીય રાજુલા સેશન્સ કોર્ટ દ્વારા જામીન પર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

નિગાળા-1 ગામે જીતુબેન ઉપર અર્ટિગા કાર ચઢાવી તેમનું મોત નિપજાવી હત્યા કરવામાં આવી હોવાના તેમજ ફરિયાદી ભાવેશભાઈનું અપહરણ કરી તેમની સાથે મારામારી કરવામાં



એડવોકેટ કે બી કામળીયા

આવી હોવાના આક્ષેપોને પગલે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનમાં ગંભીર ગુનો નોંધાયો હતો.આ સમગ્ર બનાવ અંગે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નંબર 11193045260143/2026થી હત્યા, અપહરણ, મારામારી, રાયોટિંગ સહિતની વિવિધ ગંભીર કલમો હેઠળ યોગેશ બાબુભાઈ મકવાણા સહિત કુલ 9 આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો.આ કેસમાં અગાઉ સહઆરોપી કાજલબેન તથા જ્યોતિબેનના જામીન મંજૂર થયા હતા.

ત્યારબાદ આરોપી મહેશ ભાયાભાઈ સોલંકી તરફથી રેગ્યુલર જામીન અરજી કરવામાં આવી હતી, જે માનનીય રાજુલા સેશન્સ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી હતી.મહેશ ભાયાભાઈ સોલંકી બાદ હવે આજે જાનુબેન બટુકભાઈ મકવાણા, રહે. મહુવા તરફથી કરવામાં આવેલી રેગ્યુલર જામીન અરજીની સુનાવણી દરમિયાન બંને પક્ષોની દલીલો તથા કેસના રેકર્ડ પર રહેલી હકીકતોને ધ્યાનમાં લઈ માનનીય અદાલતે જામીન અરજી મંજૂર કરી તેમને જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે. બચાવ પક્ષની અસરકારક રજૂઆત આ કેસમાં બચાવ પક્ષ તરફથી એડવોકેટ કે. બી. કામળીયા દ્વારા અદાલત સમક્ષ અસરકારક અને કાયદાકીય મુદ્દાઓ આધારિત રજૂઆતો કરવામાં આવી હતી. બચાવ પક્ષની દલીલો તથા કેસની પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતા માનનીય અદાલતે આરોપી જાનુબેન બટુકભાઈ મકવાણાને રેગ્યુલર જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે.

# રાજુલાના ભેરાઈ ગામે ધામધૂમથી નંદ મહોત્સવની ઉજવણી કરવામાં આવી

કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજુલા ના ભેંરાઈ ગામે દર વર્ષની જેમ આ વરસે પણ જન્માષ્ટમીના બીજા દિવસે એટલે પારણા નોમ ના દિવસે નંદ મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.સવારે ભગવાન શ્રીકૃષ્ણને રામજી મંદિરમાં ચાંદીના હિંડોળે ઝુલાવવામાં આવ્યા. સવારે 9:30 વાગે સ્વ. શેઠ ભગવાનદાસ ગોકળદાસ વોરા સ્થાપિત રામજી મંદિરેથી રથયાત્રા કાઢવામાં આવેલ હતી. આ રથયાત્રા ગામની મુખ્ય બજારમાં ફરીને ઈશ્વરીયા મહાદેવ થઈને બપોરે 2:00



વાગે પરત રામજી મંદિરે કરેલ રથયાત્રા દરમિયાન રામજી મંદિરે તેમજ ગામના ગોંદરા પાસે, ગામના મેઈન ચોકમાં,સ્વામી નારાયણ મંદિરે, થઈને ગ્રામ પંચાયત ચોકમાં થઈને કેમ્પના ઝાપે થઈને ઈશ્વરીયા મહાદેવ મંદિર થઈને પરત બપોરે 2:00 વાગે રામજી મંદિરે ફરેલ હતી. રથયાત્રા દરમિયાન હતી અને રથ યાત્રામાં ઠેર ઠેર મટકી ફોડવામાં આવી હતી 'નંદ ઘેર આનંદ ભયો ના નાદ ગુંજીયા હતા.' રથયાત્રામાં કાન્હા બનાવવા માટેનો ચડાવો થયેલ હતો જેમાં દુલાભાઈ ઝીણાભાઈ રામના પુત્રને કાનહો બનાવવામાં આવેલ રથયાત્રામાં વાલાભાઈ સરપંચ, લખમણભાઈ વાઘાભાઈ રામ, દડુભાઈ, નકા ભાઈ ભુવાભાઈ વાઘ, હસુભાઈ જીવાભાઈ, તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ભાઈઓ અને બહેનો જોડાયેલા હતા. રામજી મંદિરના પુજારી ચેતનભાઈ વ્યાસ અને દીપેનભાઈ વ્યાસ દ્વારા નંદલાલા ને પૂજા અર્ચના કરવામાં આવેલ હતી.

# ચહેરાની ચરબી ઓછી થતી નથી? આ 5 વસ્તુઓને કરવાનું કરો બંધ!



ઘણી મહિલાઓને તેમના ચહેરા પર વધેલી ચરબી બિલકુલ પસંદ નથી હોતી અને તેને ઘટાડવા માટે ઘણું બધું કરે છે. જો તમે પણ તમારા ચહેરા પરની ચરબીથી પરેશાન છો અને સ્વસ્થ રહેવા માંગતા હોવ તો તમારે રોજ એરોબિક્સ અને ઝુમ્બા એક્સરસાઇઝ કરવી જોઈએ. આમ કરવાથી ચહેરાની ચરબી ઘણી હદ સુધી ઓછી થાય છે. તમારે તમારા આહાર પર પણ થોડું ધ્યાન આપવાની જરૂર છે, તે તમારું વજન અને ચરબી વધારવા માટે જવાબદાર છે. તમારે તમારા આહારમાંથી ખાંડને સંપૂર્ણપણે દૂર કરવી જોઈએ. તેનાથી તમારું વજન વધે છે અને ચહેરાની ચરબી પણ વધે છે. દરરોજ 2 ચમચીથી વધુ ખાંડ લેવાનું ટાળો. તે તમારા સ્વાસ્થ્ય પર પણ ખૂબ જ ખરાબ અસર પડે છે. તમારે દરરોજ કસરત કરવી જોઈએ. તેનાથી તમારું મન અને શરીર બંને ફિટ રહે છે. ઘણા લોકોને જમ્યા પછી તરત જ સૂવાની આદત હોય છે, આ બિલકુલ સારું નથી. તમારે રાત્રિભોજન પ્રકાશ જ રાખવું જોઈએ. ખૂબ ભારે ખોરાક ખાવાથી તમારું વજન પણ ઘણી હદ સુધી વધી શકે છે. તમારા ચહેરા માટે ચહેરાની કસરત ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઓફિસની ખુરશી પર બેસીને તમે ચહેરાની કસરત કરી શકો છો. આમ કરવાથી તમે બીજા ઘણા ફાયદા જોઈ શકો છો. ચહેરાનું બ્લડ સર્ક્યુલેશન પણ ખૂબ સારું રહે છે. ચહેરાના સ્નાયુઓને મજબૂત બનાવવામાં પણ મદદ કરે છે. ચહેરાની ચરબી ખૂબ જ ખરાબ લાગે છે, આવી સ્થિતિમાં તમારા માટે પૂરતી ઊંઘ લેવી ખૂબ જ જરૂરી છે. દારૂ અને ધૂમ્રપાન સંપૂર્ણપણે છોડી દેવું જોઈએ.

# ચશ્મા પહેરવાથી નાક પર દેખાય છે નિશાન, તો આ રીતે મેળવો છુટકારો

સતત ચશ્મા પહેરવાને કારણે અથવા ક્યારેક લોકો સ્ટાઈલ માટે ખોટી ફ્રેમ પસંદ કરે છે જેના કારણે તેમના નિશાન દેખાવા લાગે છે

**આજના યુગમાં ચશ્મા પહેરનારા લોકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ઘણા લોકોને દ્રષ્ટિની સમસ્યા હોય છે તો કેટલાક લોકો ફેશન માટે પણ ચશ્મા પહેરે છે. પરંતુ સતત ચશ્મા પહેરવાને કારણે લોકોના નાકની બંને બાજુ નિશાન થવા લાગે છે. કેટલીકવાર આ નિશાન ખૂબ ઊંડું થઈ જાય છે અને ઝડપથી દૂર થતું નથી. આવી સ્થિતિમાં જ્યારે ચશ્મા ઉતારવામાં આવે છે ત્યારે તે નિશાન અલગ-અલગ દેખાય છે. સતત ચશ્મા પહેરવાને કારણે અથવા ક્યારેક લોકો સ્ટાઈલ માટે ખોટી ફ્રેમ પસંદ કરે છે જેના કારણે તેમના નિશાન દેખાવા લાગે છે. ચશ્માનું નોઝ સ્ટેન્ડ તમારા નાકની બંને બાજુ હોય છે જેના કારણે નાક પર દબાણ આવે છે અને ત્યાંની ત્વચા પર નિશાન બનવા લાગે છે. આવી સ્થિતિમાં, આજે અમે તમને કેટલીક ટિપ્સ જણાવીશું જે તમને તેનાથી છુટકારો મેળવવામાં મદદ કરી શકે છે.**



**એલોવેરા જેલ |** નાક પરના ચશ્માના નિશાન દૂર કરવા માટે તમે એલોવેરાનો ઉપયોગ કરી શકો છો. આ માટે તમારે તાજી એલોવેરા જેલ લેવી પડશે અને તેને અસરગ્રસ્ત વિસ્તાર પર થોડી મિનિટો માટે હળવા હાથે મસાજ કરવી પડશે. આ ચશ્માને કારણે નાક પરના નિશાનને હળવા કરવામાં મદદ કરી શકે છે.


**કાકડીનો ઉપયોગ |** કાકડી ચશ્મા પહેરવાથી નાક પરના નિશાનને દૂર કરવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. આ માટે તમારે કાકડીને નાના-નાના ટુકડા કરવા પડશે અને સ્લાઈસને અસરગ્રસ્ત વિસ્તાર પર ઘસવું પડશે અને પછી લગભગ 10થી 15 મિનિટ પછી તેને ધોઈ લો. આ ઉપાયને થોડા દિવસો સુધી અનુસર્યા પછી તમને ફરક દેખાવા લાગશે.

**લીંબુ સરબત |** નાક પરના ચશ્માના નિશાન દૂર કરવામાં પણ લીંબુનો રસ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ માટે તમારે કોટન બોલની મદદથી નાક પર લીંબુનો રસ લગાવવો પડશે. તેને 10થી 15 મિનિટ માટે રહેવા દો અને પછી ચહેરો ધોઈ લો.

**બટાકાનો રસ |** બટાકાનો રસ આ હઠીલા ગુણને ઘટાડવામાં મદદ કરી શકે છે. આ માટે બટેટાને છીણીને તેનો રસ કાઢો અને પછી તેને અસરગ્રસ્ત જગ્યા પર ઘસો. થોડીવાર પછી તેને પાણીથી ધોઈ લો. જો તમે દિવસમાં એકવાર કરો છો તો થોડા દિવસોમાં તમને ફરક દેખાશે. આ ઘરેલું ઉપાયો નાક પરના ચશ્માના નિશાન દૂર કરવામાં મદદ કરી શકે છે. પરંતુ જો તમને આમાંથી કોઈપણ વસ્તુથી એલર્જી હોય તો તેનો ઉપયોગ કરવાનું ટાળો અને નિષ્ણાતની સલાહ લો.

# પરસેવાના કારણે ત્વચા પર થતા રેશિસથી તુરંત રાહત મેળવવી હોય તો ટ્રાય કરો આ ઘરેલુ નુસખા

**ઉનાળામાં સતત વધતા તાપમાનના કારણે સ્વાસ્થ્ય અને ત્વચા પ્રભાવિત થાય છે. ખાસ તો પરસેવાના કારણે ત્વચા પર રેશ અને ખંજવાળ વધારે આવે છે. તડકાના કારણે પણ સ્કીન ડેમેજ થાય છે. ગરમીના કારણે શરીર જે જગ્યાએ પરસેવો વધારે થાય છે ત્યાં રેશ થવાની અને ખંજવાળ આવવાની સમસ્યા પણ વધી જાય છે. આ સ્થિતિ પાણીની ઊણપના કારણે પણ સર્જાઈ શકે છે. તેવામાં જરૂરી થઈ જાય છે કે ઉનાળામાં તમે ત્વચાનું ખાસ ધ્યાન રાખો. જે લોકોને વધારે પરસેવો થતો હોય તેમણે વધારે તકેદારી રાખવાની સાથે સ્વચ્છતાનું પણ ધ્યાન રાખવું જોઈએ. આજે તમને કેટલાક એવા દેશની નુસખા પણ જણાવીએ જેને અપનાવીને તમે ઉનાળામાં થતી સ્કીન પ્રોબ્લેમને દુર કરી શકો છો.**



## રેશ અને ખંજવાળને દુર કરવાના 4 અકસીર ઉપાય

- જે લોકોની સ્કીન ડ્રાય હોય છે તેમને વધારે સ્કીન કેરની જરુર પડે છે. જો ડ્રાય સ્કીન હોય અને રેશ થઈ જાય તો બરફના ટુકડાથી મસાજ કરવાનું રાખો. તેનાથી સ્કિનને ઠંડક મળશે અને બળતરાથી પણ રાહત મળશે.
- સ્કીન સંબંધિત સમસ્યામાં નાળિયેરનું તેલ પણ ઉપયોગી છે. નાળિયેરના તેલમાં કપૂર પીસીને મિક્સ કરી પ્રભાવિત ત્વચા પર લગાવો. દિવસમાં બે વાર આ તેલનો ઉપયોગ કરશો એટલે ઝડપથી રાહત મળશે.
- જો તમને વધારે પરસેવો થાય છે અને તેના કારણે ત્વચા પર રેશ અને ખંજવાળ આવે છે તો ફટકડીને પીસીને પાણીમાં ઘોળી લગાવો. આ આયુર્વેદિક ઉપાય ખૂબ જ કારગર છે.
- ત્વચા પર ખંજવાળ, એલર્જી, સોજો કે બળતરા છે તો સંક્રમિત જગ્યા પર એલોવેરા અને કાચી કેરીની આ પેસ્ટ લગાવો. તેના માટે કાચી કેરીની પેસ્ટ બનાવી તેમાં એલોવેરા જેલ મિક્સ કરો અને પછી સ્કીન પર 10 મિનિટ માટે લગાવો.

# બસ આટલું કરવાથી ગુસ્સો કાબૂમાં આવી જશે!

## રિસર્ચમાં મોટો ઘટસ્ફોટ, તમે પણ ટ્રાય કરો



માણસમાં કુદરતી રીતે લાગણીઓ ભરેલી છે. કારણ કે તે પરિસ્થિતિ પ્રમાણે તેના અંદરથી વિવિધ લાગણીઓ ઉભી થતી હોય છે. આ લાગણીઓમાં ગુસ્સો પણ હોઈ શકે છે. કેટલીક વખત વ્યક્તિ જ્યારે ખૂબ જ ગુસ્સામાં હોય છે, ત્યારે તે કેટલાક ખોટા પગલાં ભરી લેતો હોય છે. જેના માટે તેને જીવનભર પસ્તાવો કરવો પડતો હોય છે. પરંતુ જો તમને એમ કહેવામાં આવે કે, એક નાનકડાં કામ કરી તમે તમારા ગુસ્સાને ચપટીમાં કંટ્રોલ કરી શકો છો. આ કોઈ સાંભળેલી વાતો નથી પરંતુ તેના પર વિજ્ઞાની રીતે સંશોધનો થયા છે. આવો આપણે તેને વિગતવાર સમજાવીએ.

## આ પ્રકારનો પ્રયોગ કરવામાં આવ્યો

હકીકતમાં આ રિસર્ચ માટે 100 વિદ્યાર્થીઓને એકત્રિત કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ તેમને એક એક કાગળ અને પેન આપી તેમને કેટલાક સામાજિક મુદ્દાઓ પર તેમના સંક્ષિપ્ત અભિપ્રાય લખવા માટે કહેવામાં આવ્યું હતું. જેમ કે જાહેર સ્થળોએ ધૂમ્રપાન પર પ્રતિબંધ હોવો જોઈએ કે નહીં. થોડીવાર પછી જ્યારે વિદ્યાર્થીઓએ કાગળ પર તેમના મંતવ્યો લખ્યા ત્યારે તેમને કહેવામાં આવ્યું કે પીએચડી વિદ્યાર્થી તમારી લખેલી દરેક વાતનું મૂલ્યાંકન કરશે.

## તેમના ગુસ્સાનું લેવલ ધીરે-ધીરે ખતમ થઈ ગયું હતું

વિજ્ઞાનીઓએ જોયું કે, આ અપમાનજનક ફીડબેક બાદ જે લોકો પોતાની લાગણીઓને એક કાગળ પર લખીને તે ચિઠ્ઠી ફાડી નાખી હતી, તેમના ગુસ્સાનું લેવલ ધીરે-ધીરે ખતમ થઈ ગયું હતુ. જ્યારે, જે લોકોએ પોતાની લાગણીઓની ચિઠ્ઠીને કાચના પાત્રમાં સંભાળીને મુકી હતી દીધી હતી, તેમના ગુસ્સાનું લેવલ એ જ રહ્યું હતું.

# વંદાની આખી ફોજ ઘરમાં ઘુસી ગઈ છે

## વંદાને ભગાડવા અજમાવો આ 5 ઘરગથ્થુ ઉપાયો

ઘરને સ્વચ્છ રાખવું ખૂબ જ જરૂરી છે. કોઈ તમારા ઘરે આવશે તો પણ તેને જો ઘર ખરાબ હશે તો નહીં ગમે. ગંદા ઘરમાં અનેક પ્રકારના જંતુઓ ફરે છે, જેમાંથી વંદો પણ એક છે. વંદાને કારણે ઘરમાં ઘણી ગંદકી ફેલે છે. આજે અમે તમને જણાવીએ છીએ કે તમે તેનાથી કેવી રીતે છુટકારો મેળવી શકો છો. વંદો ઘરમાં ઘણો આતંક મચાવે છે અને તે ઘણી ગંદકી પણ ફેલાવે છે. તેમની ફેલાતી ગંદકીને કારણે તમને અનેક પ્રકારની બીમારીઓ થઈ શકે છે. આજે અમે તમને જણાવીએ છીએ કે તમે તેમના આતંકને કાયમ માટે કેવી રીતે ખતમ કરી શકો છો. તેમને ઘરથી દૂર કરવા માટે તમારે ખાવાનો સોડા અને ખાંડ મિક્સ કરીને ઘરના દરેક ખૂણામાં છાંટી દેવું જોઈએ, તેનાથી તમે તેનાથી છૂટકારો મેળવી શકો છો. લીમડાના પત્તાનો ઉપયોગ કરીને તમે તમારા ઘરમાંથી વંદા ભગાડી શકો છો. લીમડાને પીસીને તેનું સોલ્યુશન બનાવો અને તેને સ્પ્રે બોટલમાં ભરી લો અને તેને વંદોની જગ્યા પર સ્પ્રે કરો. તેજ પત્તાના ટુકડા કરીને પણ ખૂણે ખૂણે મુકી દેવાથી વાંદા એની સ્મેલથી જ ભાગી જતા હોય છે. કાળા મરી, ડુંગળી અને લસણની બરાબર પેસ્ટ બનાવીને જ્યાં વંદા આવતા હોય એવી જગ્યાએ પાણી મિક્સ કરીને આ મિશ્રણનો છંટકાવ કરી દો નહીં દેખાય પછી એક પણ વંદો.



**ડાર્ક સર્કલ્સ એટલે કે આંખ નીચે કાળા કુંડાળા. આ કુંડાળા અનિયમિત જીવનશૈલી, શરીરમાં પોષકતત્વોની ખામી, ડિહાઈડ્રેશન, મોડે સુધી જાગવાની આદત અને સ્ટ્રેસના કારણે થઈ જાય છે. ડાર્ક સર્કલથી મુક્તિ મેળવવા માટે લોકો અલગ અલગ પ્રોડક્ટ નો ઉપયોગ પણ કરે છે. પરંતુ આવા પ્રોડક્ટમાં હાનિકારક કેમિકલ હોય છે. આ કેમિકલ ત્વચાને નુકસાન પણ કરી શકે છે. તેવામાં ડાર્ક સર્કલ ની સમસ્યાથી મુક્તિ મેળવવા માટે તમે ઘરેલુ ઉપાય અજમાવી શકો છો. ડાર્ક સર્કલને દૂર કરવા હોય તો કાકડી ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. કાકડી વિટામીન્સથી ભરપૂર હોય છે. તે ત્વચાની રંગત સુધારવામાં મદદ કરે છે અને તેનાથી ડાર્ક સર્કલ પણ દૂર થાય છે. કાકડી સ્કિનને હાઈડ્રેટ કરવામાં પણ મદદ કરે છે.**

# કાકડી ગણતરીના દિવસોમાં દુર કરશે ડાર્ક સર્કલ્સ 3 રીતે ઉપયોગ કરી શકો છો



**કાકડી અને એલોવેરા |** ડાર્ક સર્કલની સમસ્યા દૂર કરવા માટે કાકડી અને એલોવેરાનો ઉપયોગ કરી શકાય છે. તેના માટે કાકડીની પેસ્ટ કરી તેમાંથી રસ કાઢી લેવો. હવે આ રસમાં એલોવેરા જેલ મિક્સ કરો અને આ મિશ્રણને આંખની નીચે લગાડો. 15 મિનિટ તેને રહેવા દો અને પછી ઠંડા પાણીથી ચહેરો સાફ કરો. અઠવાડિયામાં બેથી ત્રણ વખત આ પેસ્ટનો ઉપયોગ કરશો તો ડાર્ક સર્કલ ઓછા થઈ જશે.

**કાકડી અને લીંબુનો રસ |** આંખ નીચેના ડાર્ક સર્કલ દૂર કરવા માટે લીંબુનો રસ અને કાકડી પણ અસરકારક છે. લીંબુમાં બ્લીચિંગ ગુણ હોય છે. ડાર્ક સર્કલ દૂર કરવા માટે એક વાટકીમાં બે થી ત્રણ ચમચી કાકડીનો રસ લઈ તેમાં લીંબુનો રસ મિક્સ કરો. આ મિશ્રણને રૂની મદદથી આંખની આસપાસ લગાડો. 10 થી 15 મિનિટ પછી પાણીથી ચહેરો સાફ કરી લો. અઠવાડિયામાં બે વખત આ મિશ્રણ લગાડશો તો ડાર્ક સર્કલ ઓછા થવા લાગશે.

**કાકડી અને મધ |** ડાર્ક સર્કલથી છુટકારો મેળવવા માટે કાકડી અને મધનો ઉપયોગ પણ કરી શકાય છે. કાકડીનો રસ કાઢી તેમાં થોડું મધ ઉમેરીને આંખની નીચે દસ મિનિટ માટે લગાડો. દસ મિનિટ પછી ચહેરો સાફ કરી લેવો. આ મિશ્રણને તમે રોજ પણ લગાડી શકો છો. તેનાથી આંખ નીચેની ત્વચા મુલાયમ થશે ડાર્ક સર્કલ પણ દૂર થઈ જશે.

# પંચાત રસ



- રુપાલી દવે



નારાયણ..નારાયણ.. નારાયણ..
આજકાલ નારજી ચિંતિત થઈ ને મને ફોન કરી ને પુછે છે કે સુંદરી અચાનક રાતોરાત ક્યાં ગાયબ થઈ ગયા.કીધું કે નારદજી તમે આકાશ,પાતળ અને સ્વર્ગ માં બિન્દાસ વિચારો છો અમે માણસ એટલે મૃત્યુ બાદ સ્વર્ગ મળે કે ન મળે પણ જીવતે જી સ્વર્ગ લોક ની યાત્રા કરવા મળે તો લોટરી સમજો લોટરી. ભારત નો વેસ્ટર્ન ઘાટ એ સ્વર્ગ લોક થી કમ નથી. ચારેય બાજુ સોપારી, નાળિયેરી અને ખજૂર ના ઝાડ જોતા થયું કે ત્રણેય ઝાડ ના પાંદડા એક સરખા પણ એમાં ફળ અલગ ઊગે,આવું કેમ? આ આખા વિસ્તાર પર ભગવાન શિવ પાર્વતીના લાડલા પુત્ર કાર્તિકેય સ્વામી બિરાજે છે. દેવો ના સેનાપતિ કાર્તિકેય સ્વામી એ દાનવો ને પરાસ્ત કર્યા ત્યારે રાજા ઈન્દ્ર એ એની લાડલી પુત્રી દેવસેના ના લગ્ન માં દહેજ સ્વરૂપે વેસ્ટર્ન ઘાટ નો વિસ્તાર કાર્તિકેય સ્વામી ને આપ્યો ત્યાર થી આજ સુધી એ ત્યાં નિવાસ કરે છે..સાઉથના લોકો ભગવાન મુરુગન ની દાંપત્ય જીવનમાં સુખાકારી માટે ખાસ પૂજા અને દર્શન કરે છે.
ભગવાન એ પતિ પત્ની ના સબંધો બનાવ્યા હશે ને ત્યારે એને પણ ભૂમિતિ માં આવતા પ્રમય ની ગૂંચવણ સમજાઈ નહી હોય.કાર્ટૂન સીરિયલ મિકી માઉસ બનાવતા પહેલા એના સર્જક એ નક્કી ત્રણ ચાર માસ પત્ની સાથે ગુજાર્યા હશે.મને તો લાગે છે કેતારક મહેતા ના દિગ્દર્શક અસિત મોદી એ જેઠા અને દયા ના પાત્રો 'તારક મહેતા ના ઉલ્ટા ચશ્મા' ને બંધ બેસતા બનાવ્યા નથી. લેખક તારક ભાઈ,ટપુડો,બાપુજી અને જેઠા ને બાદ કરતા બધા ટીવી સીરિયલ 'તારક મહેતા ના ઊંધા ચશ્મા' ના લેખક ની કલ્પના ના પાત્રો છે. લેખક એની કૃતિઓ માં 'પતિ પત્ની' ના પાત્રો માં રસ,રંગ,હાસ્ય,દર્દ વગેરે લાગણીઓ મુકે છે ત્યારે એ કલ્પના માત્ર જ નથી 'ખુદ ના અનુભવ' નો એમાં તડકો ઉમેરીયો હોય છે. ખીચડી સીરિયલ માં હંસા અને પ્રફુલ ના પાત્ર ને નિહાળતા ભેગા જ ઓટોમેટિક હસવું આવી જતું હતું છે 'પ્રફુલ,વોટ ઈઝ..' હંસા....'.. કેવું છે પતિ પત્ની ના સબંધ માં અવાર નવાર આવતી ભરતી ઓટ માં હસવું આવે એટલે આવે જ. મોટા ભાગ ના કોમેડી શો માં ઓડિયન્સ ખડખડાટ હસાવવા માટેનું કન્ટેન્ટ 'પતિ પત્ની' જ હોય છે. વિચારો ના તરંગો ને લઈને બાલ્કની ના ઝૂલા પર બેઠા બેઠા કંઈક નવું ખાસ લખવાનું વિચારતી હતી ત્યાં બાજુ ની જય મંગલ સોસાયટી માંથી રડવાનો અવાજ સાંભળ્યો..
......સવારના 5વાગ્યામાં d blok માં તરખાટ મચ્યો હતો, d blok ના ફર્સ્ટ ફ્લોર માં 101 ફ્લેટમાં માંથી મજુભાભી એટલે ફાટક ભાઈ ની એક ની એક પત્ની નો રડવાનો અવાજ આવતો હતો.વહેલી સવારે 5વાગ્યે તો બધા મીઠી નિંદ્રામાં પોઢેલ હોઈ જ વળી ઠંડા વાતાવરણ ને કારણે પથારી માંથી હલવા નું મન જ ક્યાંથી થવાનું હતું. અચાનક રડવાના અવાજનું વોલ્યુમ વધતા ફટાફટ બધી વિંગ ના ફ્લેટ માં લાઈટો થવા લાગી કે આખરે અવાજ આવે છે ક્યાંથી. આધુનિક ભારતમાં અંગ્રેજો ગયા બાદ 21મી સદીમાં નાઈટ ડ્રેસમાં પણ વિવિધતા જોવા મળે છે. પહેલાના સમયમાં બૈરા રાત્રે પણ સાડી પહેરીને સુતા અને પુરુષો ધોતી ને બદલે સદરો લેંઘો પહેરીને ઊંઘતા હતા.ત્યારે અડધી રાત્રે સામૂહિક ઉઠવું પડ્યું તો ક્ષોભ થતો નહિ. .....બધા બ્લોક માંથી યુવા,પ્રૌઢ અને બૈરા ઓ ફટાફટ સોસાયટી પ્રાંગણ માં એકઠા થઈ ગયા.વૃધ્ધો કુતૂહલતા વશ ફ્લેટ ની ગેલેરી માં મૂકેલ ચેર પર બેઠા બેઠા સોસાયટી ની તકલીફ માં સામેલ થયા.બધાને એતો જાણ થઈ ગઈ કે મંજુ ભાભી નો રડવા નો અવાજ આવે છે,પણ કેમ? ફાટક ભાઈ બિચારા ભગવાનનું માણસ છે એટલે ઝગડા થયા હોઈ એવું તો બને નહિ કેમ કે 17વર્ષ થી એના ફાટક ભાઈ ઘરનું તમામ કામ કરે છે. મંજુભાભીની રસોઈમાં શાકભાજી કાપી આપવાનું.દાળભાત નું કૂકર મૂકવાનું, રોટલી નો લોટ બાંધીને લોટના ગોળા વાળી દેવાના, મિક્સચરમાં ચટણી પીસવા ની વગેરે કામ ફાટક ભાઈ કરે છે.ત્યાં સુધી કે પ્રસંગમાં જવાનું થાય ત્યારે મંજુ ભાભીના લાંબા વાળ નો ચોટલો પણ ફાટક ભાઈ કરી આપે છે..ટૂંકમાં ઘરના પ્રત્યેક કામ સાથે પત્ની નું પણ કામ લગન થી કરે છે.જ્યારે સોસાયટી નો મેમ્બર હસતા હસતા એને એ વિશે પૂછે ત્યારે એ કહે છે કે મંજુ એ એનું સંપૂર્ણ જીવન મને સમર્પિત કરી દીધું છે તો એનું કામ કરવું મારી ફરજ છે...નક્કી કશુંક ના બનવાનું ફાટક ફેમિલીમાં બન્યું લાગે છે,પણ શું?.....સોસાયટી પ્રાંગણ માં એકઠી થયેલ ભીડ માંથી કોઈની હિમ્મત ત્યાં જઈને શું થયું? એમ પૂછવાની થતી નહતી.એનું કારણ એ હતું કે ફાટક ભાઈ નો પત્ની પ્રેમ અધિક હતો પરંતુ જ્યારે મોં ખોલે ત્યારે સોસાયટી ના લોકો માટે જીભ માંથી જ નીકળતી હતી.એ અમસ્તાય ક્યારેય સોસાયટી ફકશન માં આવતા નહિ.મંજુ બેન અને એનો દીકરો દરેક કાર્યક્રમ માં હાજર રહેતા હતા. ફાટક ભાઈના સ્વભાવ ના કારણે કોઈની મંજુ ભાભીના રડવાનું કારણ પૂછવાની હિંમત ચાલી નહિ.પરંતુ D blok માં સૌથી ઉપર 5th ફ્લોરમાં એકલા રહેતા 70વર્ષના મહેસાણા ના શાંતાબાંની સાથે ફાટક ફેમિલી ને સારું ફાવતું હતું. શાંતાબાં નાં ત્રણ દીકરા વહુ બધા યુ.એસ રહેતા હતા. શાંતા બાં પણ વર્ષમાં 6મહિના યુ.એસ જ હોઈ છે એટલે બોલવા ચાલવામાં મહેસાણાના પરંતુ પહેરવેશ વિદેશી અપનાવી લીધો છે. પિંક કલર ના સ્લીવલેસ ગાવુંન માં શાંતા બાં 25વર્ષની ફટકડી ના અંદાઝ માં ફાટક ભાઈ ને મોટા અવાજે કહ્યું કે અલ્યા ઓ ફાટક મંજુ શ્યો રોવે શ્યો થયું સે..મોઢા માંથી બોલ તો અયા ખબર પડે... ફાટક ભાઈ એ શાંતા બાં નો અવાજ સંભળાયો ને ગળગળા થતાં બોલ્યાં કે બાં, શું થયું એ તો મનેય ખબર નથી? પણ મંજુ નું દુઃખ મારાથી જોવાતું નથી આવીને તમે જ પુછો.મજુ ને પતિ કરતા માં ની વધારે જરૂર હોઈ એવું લાગે છે.. શાંતાબાં લિફ્ટ માંથી બહાર નીકળીને દરવાજા પર ઉભેલા ફાટક ને ધક્કો મારીને કહ્યું કે બસ કર તારા વેવલા વેડા કલાક બૈરું ભેકડાં તાણી તાણી ને રોયાં કરે હે ને તું બબૂચક સોસાયટી ભેગી કરવામાં લાગ્યો છે.ફ્લેટ ની ગેલેરીઓમાં જો તે માણસ ભેગુ કર્યું છે તે, ફાટક તું ડોબો ને ડોબો જ કાયમ રહ્યો........
શાંતા બાં એ ફાટક ની ગેલેરી માં ઊભા ઊભા માઈક ગાળેલા આવાજ માં કહ્યું કે તમાશો પૂરો થઈ ગયો હંધાઈ પોતપોતાના ઘર ભેગીના થાવ.વાત માં એક રૂપિયા નો પણ વઘાર નથી. બાયડી ભાયડા એ સોસાયટી વાળા ની ઊંઘનો સત્યાનાશ કરી નાખ્યો. અચાનક એના શાંત બા ની નજી બી બ્લોકમાં રહેતા મહેસાણા ના સુરેશ પટેલ ની બાયડી સંગીતા પર પડી. શાંતા બા મનોમન બોલ્યા કે બાપરે બાપ ફેશન ની પૂંછડી ૮૦કિલો ની સંગ્લી સાવ લાજ શરમ વેચી માર્યા છે. 80કિલો ના વજન માં ની શોર્ટ્સ ટીશર્ટ... આજકાલ ની બાયું મતલબ બાયું ધનધડા વગર ના શોખ કરતા પહેલા વિચરતી જ નથી.ઘોર કળજુગ છે સારું કર્યું નિમલી પરલોક સિધાવી ગઈ નહિતર વહુ ના વેશ જોતાજ શરમ થી પાણી પાણી થઈ ગઈ હોત.....

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ
અમદાવાદ એક્સપ્રેસ
FRIDAY • 11-09-2026



# આઈફોન 18ના લોન્ચ ઈવેન્ટમાં તૃપ્તિ ડિમરી પહોંચી

## સિંગર એપી ઢિલ્લોન પણ જોડાયો, એપલના સીઈઓ જોન ટર્નસે સેલેબ્સને આઈફોનના ફીચર્સ દેખાડ્યા...





(એજન્સી) મુંબઈ | તા.10

બોલિવૂડ એક્ટ્રેસ તૃપ્તિ ડિમરી અને સિંગર એપી ઢિલ્લોન બુધવારે અમેરિકાના કેલિફોર્નિયા સ્થિત ક્યુપર્ટિનો પહોંચ્યા. બંનેએ અહીં આયોજિત એપલના 'આઈફોન 18' લોન્ચ ઈવેન્ટમાં ભાગ લીધો.

આ ખાસ કાર્યક્રમમાં તૃપ્તિ અને એપી ઢિલ્લોનને નવા 'આઈફોન 18 પ્રો' મોડેલ જોવાની તક મળી. આ દરમિયાન એપલના સીઈઓ જોન ટર્નસે બંને સાથે મુલાકાત કરી. તેમણે સેલેબ્સને નવા આઈફોનના ફીચર્સ પણ બતાવ્યા.

ઈવેન્ટમાં તૃપ્તિ ડિમરી રેડ કોટ અને ડેનિમમાં જોવા મળી, જ્યારે એપી ઢિલ્લોન ગ્રે જેકેટમાં દેખાયો. તૃપ્તિ ડિમરી લાઈવ સ્ટ્રીમર આઈશોસ્પીડની લાઈવસ્ટ્રીમમાં પણ થોડીવાર જોવા મળી.

એપલે બુધવારે રાત્રે 'સરપ્રાઈઝ એન્ડ શાઈન' લોન્ચ ઈવેન્ટમાં તેના પહેલા ફોલ્ડેબલ ફોન 'આઈફોન ડ્યુઓ' સાથે 6 ડિવાઈસ લોન્ચ કર્યા. 'આઈફોન ડ્યુઓ'માં 5.4-ઈંચનો કવર ડિસ્પ્લે અને અંદર 7.6-ઈંચની મેઈન સ્ક્રીન છે, જે અત્યાર સુધીના કોઈપણ આઈફોનનો સૌથી મોટો ડિસ્પ્લે છે. 'આઈફોન ડ્યુઓ'માં પહેલીવાર ડ્યુઅલ-બેટરી સિસ્ટમ આપવામાં આવી છે. તેમાં ફિઝિકલ સિમ કાર્ડ લાગશે નહીં, એટલે કે તે ફક્ત ઈ-સિમ પર ચાલશે.

'ડ્યુઓ' એપલનો અત્યાર સુધીનો સૌથી મોંઘો આઈફોન છે. તેની શરૂઆતની કિંમત લગભગ 3 લાખ રૂપિયા છે, જ્યારે ટોપ મોડેલની કિંમત 4.50 લાખ રૂપિયા સુધી જાય છે. ભારતમાં તેનું બુકિંગ 16 ઓક્ટોબરથી અને વેચાણ 23 ઓક્ટોબરથી શરૂ થશે.

સાથે જ, એપલે આ વખતે 'આઈફોન 18' સિરીઝમાં ફક્ત પ્રીમિયમ મોડેલ '18 પ્રો' અને '18 પ્રો મેક્સ' લોન્ચ કર્યા છે. આમાં સૌથી ખાસ મેઈન કેમેરા છે, જેમાં પ્રોફેશનલ DSLR કેમેરા જેવી ટેકનોલોજી આપવામાં આવી છે.

'આઈફોન 18 પ્રો'ની શરૂઆતની કિંમત 1,64,900 રૂપિયા અને 'આઈફોન 18 પ્રો મેક્સ'ની 1,79,900 રૂપિયા છે. તેમનું બુકિંગ 12 સપ્ટેમ્બરથી અને વેચાણ 18 સપ્ટેમ્બરથી શરૂ થશે. આ ઉપરાંત, ઈવેન્ટમાં 'એરપોડ્સ 5', 'એપલ વોચ સિરીઝ 12' અને 'વોચ અલ્ટ્રા 4' પણ રજૂ કરવામાં આવ્યા છે.

કન્નડ એક્ટર કિરણ રાજનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં સિંહ તેના પર હુમલો કરી રહ્યા હોવાનું દેખાઈ રહ્યું છે. જોકે, રાજે સ્પષ્ટતા કરી છે કે, વાયરલ થઈ રહેલા વીડિયોને ખોટી રીતે ફેલાવવામાં આવી રહ્યો છે, જ્યારે કે સિંહે તેના પર હુમલો કર્યો નથી. તેને કોઈ ઈજા પહોંચી નથી. કિરણે જણાવ્યું કે વાયરલ વીડિયો એક અપકમિંગ પ્રોજેક્ટ માટે ચાલી રહેલા નિયંત્રિત ટ્રેનિંગ સેશનનો છે અને આ દરમિયાન તમામ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી.

# સાઉથ એક્ટર કિરણ રાજ પર સિંહે હુમલો કર્યો?

(એજન્સી) મુંબઈ | તા.10

કિરણે વીડિયો મેસેજમાં કહ્યું કે, વીડિયોના કેપ્શન અને બેકગ્રાઉન્ડ મ્યુઝિકથી લોકોમાં ડર અને ખોટી માહિતી ફેલાઈ. તેણે કહ્યું, "હું સ્પષ્ટ કરવા માંગુ છું કે કેપ્શન અને બેકગ્રાઉન્ડ મ્યુઝિકથી ગભરાટ અને ખોટી માહિતી ફેલાઈ રહી છે." કિરણે જણાવ્યું કે તે પ્રોજેક્ટ માટે રોકી નામના સિંહ સાથે ટ્રેનિંગ લઈ રહ્યો છે. તેનો હેતુ સિંહની આસપાસ સહજ થવું અને તેની સાથે કામ કરવાની ટેવ પાડવાનો છે.

તેણે કહ્યું, "હકીકત એ છે કે હું પ્રોજેક્ટ માટે રોકી સાથે તાલીમ લઈ રહ્યો છું. અહીંનું વાતાવરણ ખૂબ જ સુરક્ષિત છે." એક્ટરના મતે, તાલીમ સેશન સુરક્ષિત વાતાવરણમાં અને જરૂરી સાવચેતીઓ સાથે થઈ રહ્યા છે. આ દરમિયાન રોકી સાથે તેનો સંબંધ પણ સારો બંધાઈ ગયો છે.

કિરણે જણાવ્યું કે રોકી સાથેના આ જોડાણથી તેને સિંહની નજીક કામ કરતી વખતે વધુ આરામદાયક અનુભવ કરવામાં મદદ મળી.

### પહેલા દિવસે રેકોર્ડ થયો હતો વીડિયો

વાયરલ વીડિયો કિરણના તાલીમ કાર્યક્રમના પહેલા દિવસે રેકોર્ડ કરવામાં આવ્યો હતો. તે દિવસે તે રોજર અને રોકી નામના સિંહો સાથે વાતચીત કરવાનું શીખી રહ્યો હતો.

કિરણે ઈન્સ્ટાગ્રામ પર આ અનુભવની માહિતી શેર કરી હતી. તેણે જણાવ્યું હતું કે તેને સિંહોની આસપાસ વર્તન કરવા અને તેમની હિલચાલ અને પ્રતિક્રિયાઓને સમજવાની તાલીમ આપવામાં આવી રહી હતી.

મૂળ વીડિયોમાં કિરણ એક સિંહની ખૂબ નજીક ઉભેલો દેખાઈ રહ્યો હતો. સિંહ તેની તરફ દોડતો દેખાયો, તેથી સોશિયલ મીડિયા પર ઘણા લોકોને લાગ્યું કે તેના પર હુમલો થયો અને તેને ઈજા પહોંચી.

## કોણ છે કિરણ રાજ?

કિરણ રાજ મોટાભાગે કન્નડ ટેલિવિઝન તેમજ કન્નડ ફિલ્મોમાં કામ કરે છે. 5 જુલાઈ 1993ના રોજ જન્મેલા કિરણ રાજે પોતાની કારકિર્દીની શરૂઆત બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે કરી હતી. તે 2010થી એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં સક્રિય છે. નાના રોલથી શરૂઆત કરીને તેણે ટેલિવિઝન પર પોતાની જગ્યા બનાવી.

કિરણ રાજને સૌથી વધુ લોકપ્રિયતા કન્નડ ટેલિવિઝન શો 'કન્નડતી'થી મળી. 2020થી 2023 સુધી પ્રસારિત થયેલી આ સિરિયલમાં તેણે હર્ષ કુમારનું પાત્ર ભજવ્યું. તેની એક્ટિંગ અને પડદા પર તેની હાજરીને દર્શકોએ ખૂબ પસંદ કરી. આ સિરિયલે તેને કન્નડ ટેલિવિઝનના જાણીતા કલાકારોમાં સામેલ કરી દીધો. ટેલિવિઝન સાથે કિરણ રાજ ફિલ્મોમાં પણ સતત કામ કર્યું. તેણે 'માર્ચ 22', 'અસતોમા સદ્ગમય', 'જીવનાને નાટકા સામી', 'બડીઝ', 'ભરજરી ગંડુ' અને 'મેઘા' જેવી ફિલ્મોમાં કામ કર્યું. વર્ષ 2024માં આવેલી 'રોની: ધ રૂલર'માં તેના અભિનયે તેને કન્નડ સિનેમામાં વધુ ચર્ચા અપાવી. ફિલ્મમાં તેણે રાઘવ અને રોનીની ભૂમિકા ભજવી.

વર્ષ 2025માં કિરણ રાજે 'કર્ણ' સિરિયલમાં મુખ્ય ભૂમિકા ભજવવાનું શરૂ કર્યું. આ સિરિયલમાં તે એક ગાયનેકોલોજિસ્ટનો કિરદાર ભજવી રહ્યો છે. આ ધારાવાહિકને કન્નડ ટેલિવિઝન પર સારી દર્શક પ્રતિક્રિયા મળી અને શરૂઆતના તબક્કામાં તેની દર્શક સંખ્યા પણ મજબૂત રહી. તે ટૂંક સમયમાં ફિલ્મ 'જોકી 42'માં પણ જોવા મળશે. વર્ષ 2025માં આયોજિત ઝી કુટુંબ પુરસ્કાર સમારોહમાં તેને 'કર્ણ' માટે લોકપ્રિય એક્ટર અને લોકપ્રિય જોડીના પુરસ્કારો મળ્યા.



## કિરણ રાજ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયો હતો

કિરણ રાજ આજથી બરાબર 2 વર્ષ પહેલા એટલે કે 10 સપ્ટેમ્બર 2024ના રોજ બેંગલુરુના કેંગેરી પાસે એક ભયાનક માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયો હતો. આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે તે એક અનાથાશ્રમથી પાછો ફરી રહ્યો હતો. અકસ્માત બાદ તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેને થોડા સમય માટે ICUમાં રાખવામાં આવ્યો હતો.

માહિતી અનુસાર, અકસ્માત સમયે કાર કિરણ રાજની ફિલ્મ 'રોની: ધ રૂલર'ના એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર ચલાવી રહ્યા હતા અને કિરણ પાછળની સીટ પર બેઠો હતો. રસ્તામાં અચાનક સાપ આવી જતાં ડ્રાઈવરે કારને જમણી બાજુ વાળી દીધી. આનાથી મર્સિડીઝ કાર સંતુલન ગુમાવીને ડિવાઈડર સાથે અથડાઈ.

# 'જેને દ્રાક્ષ ન મળે, તેને ખાટી જ લાગે'

## નેહા કક્કડે રિયાલિટી શો 'સ્ક્રિપ્ટેડ' હોવાના દાવાને ફગાવ્યા, આડકતરી રીતે સુનિધિ ચૌહાણ પર નિશાન સાધ્યું



(એજન્સી) મુંબઈ | તા.10

બોલિવૂડ સિંગર નેહા કક્કડે સિંગિંગ રિયાલિટી શોઝના સ્ક્રિપ્ટેડ અને 'ફેક' હોવાની વાતને નકારી કાઢી છે. આ દરમિયાન તેણે સુનિધિ ચૌહાણ પર આડકતરી રીતે નિશાન પણ સાધ્યું હતું.

તાજેતરમાં મીડિયા સાથેની વાતચીત દરમિયાન નેહા કક્કડને રિયાલિટી શોઝના સ્ક્રિપ્ટેડ હોવા અને TRP ઘટવા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો. તેને સુનિધિ ચૌહાણ જેવા ઘણા જજોના નિવેદનો પર પણ પ્રતિક્રિયા માંગવામાં આવી. આના પર નેહા કક્કડે કહ્યું, 'TRP એટલા માટે ઘટી ગઈ કારણ કે મેં કરવાનું છોડી દીધું! જ્યાં સુધી હું કરી રહી હતી, TRP સૌથી વધુ હતી. પણ હું એ કહેવા માંગીશ, 'દ્રાક્ષ ન મળે તો ખાટી છે', લોકો આવું બોલે છે. તો એવું જ છે. જેને દ્રાક્ષ નથી મળતી, તેને ખાટી જ લાગે છે.' તેણે આગળ કહ્યું, 'આ શો બિલકુલ સ્ક્રિપ્ટેડ નથી. લોકોની લાઈફ બિલકુલ સ્ક્રિપ્ટેડ નથી હોતી. અલબત્ત, આપણે ભારતીયો મોટે ભાગે બધા સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી જ આવીએ છીએ. હું પોતે સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી આવી છું અને જો મને કોઈની વાર્તા સાંભળીને ભાવુકતા અનુભવાય છે, હું લાગણીઓ અનુભવું છું, તો અલબત્ત, લાગણીઓ અનુભવવી સ્વાભાવિક છે.'

તેણે કહ્યું, 'આપણે બધા ખબર નહીં કયા-કયા નાના-નાના શહેરોમાંથી આવીએ છીએ, અને કેટલી-કેટલી મુશ્કેલીઓ પાર કરીને આવીએ છીએ. તો અલબત્ત, તે બધા સ્પર્ધકો અચાનક કોઈ નવી વાર્તા બનાવીને તો નહીં આવે. જે સાચું છે.

# 'મિર્ઝાપુર: ધ મૂવી'ના મેકર્સ વિરુદ્ધ નોટિસ

## મહારાણા પ્રતાપ પર બનેલું 'શૂરવીર' ગીત પરવાનગી વગર હિંસક દ્રશ્યમાં રાખ્યું હોવાનો આરોપ

(એજન્સી) મુંબઈ | તા.10


'મિર્ઝાપુર: ધ મૂવી'માં 'શૂરવીર' ગીતના ઉપયોગ પર મેકર્સને કાનૂની નોટિસ મોકલવામાં આવી છે. 'શૂરવીર' ગીત ગાનાર અને કમ્પોઝ કરનાર સ્વતંત્ર કલાકાર રેપરિયા બાલમે સ્પષ્ટ કહ્યું છે કે, તે આ ગીતને કોઈપણ ભોગે ફિલ્મ 'મિર્ઝાપુર'માં રહેવા દેશે નહીં. આ ગીત મહારાણા પ્રતાપ પર બન્યું હતું, પરંતુ હવે ગીતને પરવાનગી વગર હિંસક દ્રશ્યમાં રાખવામાં આવ્યું છે.


રેપરિયા બાલમના પ્રવક્તા રઘુવીર સિંહ ઉર્ફે જાગીરદાર આરવીએ કહ્યું, 'કાનૂની નોટિસ મોકલ્યાને 2-3 દિવસ થઈ ગયા છે. શૂરવીર ગીતના કોપીરાઈટ રેપરિયા બાલમ પાસે છે, તો મેકર્સ તેનો તેમની પરવાનગી વગર કેવી રીતે ઉપયોગ કરી શકે છે. આ ગીતો અમે વ્યાપારી ઉપયોગ માટે બનાવ્યા ન હતા. અમે આ નવી પેઢી માટે બનાવ્યા. તેઓ પુસ્તકો વાંચતા નથી, તેથી અમે ઈચ્છતા હતા કે તેમને ગીતો દ્વારા આ શૂરવીરો વિશે જાણ થાય.' આગળ તેણે કહ્યું, 'જે આ ફિલ્મ આવી છે, તેમાં આ ગીત પૂછ્યા વગર લગાવી દીધું. જો તેઓ આ ગીત કોઈ બીજી



દેશભક્તિ ફિલ્મમાં લગાવત તો અમને વાંધો ન હોત, કારણ કે કલાકારનું સપનું હોય છે કે ફિલ્મમાં તેનું ગીત લાગે. પરંતુ 'મિર્ઝાપુર' કોઈ દેશભક્તિ ફિલ્મ નથી. ફિલ્મમાં ગાળાગાળી છે, ગીત જે પાત્ર પર ફિલ્માવવામાં આવ્યું છે, તે નશો કરે છે. તેના પર આ ગીત બતાવ્યું છે, તો એક રીતે એવું બતાવવામાં આવી રહ્યું છે કે મુન્ના ભૈયા, મહારાણા પ્રતાપ જેવો છે. બાળકોને તો આ જ ખોટો સંદેશ જશે.'











# બોલિવૂડ સેલેબ્સ પર ચડ્યો 80ના દાયકાનો રેટ્રો રંગ: સિદ્ધાર્થ-કિયારા, પરિણીતી-રાઘવ, રવિ કિશન, શ્રુતિ હાસન સહિતના AI PHOTOS શેર કર્યા

(એજન્સી) મુંબઈ | તા.10


સોશિયલ મીડિયા પર 80ના દાયકાનો રેટ્રો ટ્રેન્ડ વાયરલ થઈ રહ્યો છે. આમાં લોકો AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)ની મદદથી પોતાની તસવીરોને 80ના દાયકાની શૈલીમાં બદલીને શેર કરી રહ્યા છે. કિયારા અડવાણી, સિદ્ધાર્થ મલ્હોત્રા, શ્રુતિ હાસન સહિત ઘણા સેલેબ્સે પણ આ ટ્રેન્ડમાં ભાગ લીધો છે.

કિયારા અડવાણીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પતિ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે AI દ્વારા બનાવેલી તસવીર શેર કરી. આમાં બંને રેટ્રો અવતારમાં જોવા મળ્યા. સિદ્ધાર્થે ડબલ-ડેનિમ લુક સાથે ડાર્ક એવિએટર સનગ્લાસ પહેર્યા હતા.

જ્યારે કિયારાએ 80ના દાયકાની રંગીન ફેશન અપનાવી. તે પિંક આઉટફિટમાં જોવા મળી, જેમાં પફ સ્લીવ્સ હતી. તેણે મોટી હૂપ ઈયરિંગ્સ અને બંગડીઓ પહેરી હતી. કિયારાએ પોસ્ટમાં સિદ્ધાર્થની આગામી ફિલ્મ 'ધ વ્વાન'ના રોમેન્ટિક ટ્રેક 'સમજો ના'ને પણ ઉમેર્યો હતો. અમીષા પટેલ પણ રેટ્રો લુકમાં જોવા મળી. તેણે વન-શોલ્ડર ટોપ અને ડેનિમ શોર્ટ્સ સાથે નિયોન પિંક આઉટફિટ પહેર્યો હતો. તેણે લેગ વોર્મર્સ અને વ્હાઈટ-પિંક સ્નીકર્સ પહેર્યા હતા અને એક મોટા બૂમબોક્સ પર બેઠેલી જોવા મળી.

એક્ટર રવિ કિશને પણ આ વાયરલ AI ટ્રેન્ડમાં ભાગ લીધો. તેમણે ઈન્સ્ટાગ્રામ પર 80ના દાયકાની શૈલીમાં પોતાની AI-જનરેટેડ તસવીર શેર કરી. તસવીરમાં તેમનો લુક 1980ના દાયકાના બોલિવૂડ હીરો જેવો દેખાયો. બીજી તરફ, શ્રુતિ હાસન 80ના દાયકાથી કેટલાક દાયકા પાછળ 1960ના દાયકાના લુકમાં જોવા મળી. તસવીરમાં તે પ્રિન્ટેડ ટોપ, મેચિંગ હેડસ્કાર્ફ અને બ્લુ જીન્સ પહેરેલી દેખાઈ. રણબીર કપૂરની બહેન અને એક્ટ્રેસ રિદ્ધિમા કપૂર સાહની પણ 80ના દાયકાના AI ટ્રેન્ડમાં જોડાઈ ગઈ છે. તેણે સોશિયલ મીડિયા પર પોતાની તસવીરો શેર કરી, જેમાં તેનો લુક 1980ના દાયકાના અંદાજમાં જોવા મળ્યો. રિદ્ધિમાએ તસવીર સાથે લખ્યું, "જ્યારે 80ના દાયકાએ બોલાવ્યો, ત્યારે મેં આ જ અંદાજમાં જવાબ આપ્યો."







નાગોયા | એશિયન ગેમ્સની શરૂઆતથી 10 દિવસ પહેલા જાપાનના નાગોયામાં પૂર આવ્યું. પરિસ્થિતિ એવી બની કે એશિયન ગેમ્સમાં ભાગ લેવા આવેલા 400 ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા. પૂરમાં નાગોયા શહેરના રસ્તાઓ અને ઘરો ડૂબી ગયા. મેયર ઈચિરો હિરોસાવાએ દાવો કર્યો કે એશિયન ગેમ્સ માટે કોઈ ચિંતાની વાત નથી.
ટૂર્નામેન્ટનું આયોજન નિર્ધારિત સમયે થશે. બસ અને મેટ્રો સેવાઓ થોડા સમય માટે પ્રભાવિત રહી. લગભગ 3,500 લોકોએ ઈમરજન્સી શેલ્ટરમાં આશ્રય લીધો. નાગોયા અને ઈચીમાં એશિયન ગેમ્સ 19 સપ્ટેમ્બરથી 4 ઓક્ટોબર સુધી યોજાવાની છે. જાપાની મીડિયામાં શહેરના રસ્તાઓ અને મેટ્રો સ્ટેશનોમાં ભરાયેલા પાણીની તસવીરો બતાવવામાં આવી હતી. ન્યૂઝ એજન્સી APના રિપોર્ટ અનુસાર, વેન્યુની કેટલીક જગ્યાએ છત પરથી પાણી ટપકવાની ઘટનાઓ પણ બની હતી. જોકે, મેયર હિરોસાવાએ કહ્યું કે એશિયન ગેમ્સના ડઝનબંધ વેન્યુને ગંભીર નુકસાન થયું નથી. રમતગમત મંત્રાલયે જાપાનના આઈચી અને નાગોયામાં યોજાનારી 20મી એશિયન ગેમ્સ માટે 503 ખેલાડીઓ અને 255 સપોર્ટ સ્ટાફ મોકલવાની જાણકારી આપી છે. સપોર્ટ સ્ટાફમાં કોચ, મેનેજર, ફિઝિયો અને મેડિકલ ટીમ વગેરેનો સમાવેશ થાય છે. ટીમના મુખ્ય અધિકારીઓ: ટીમ લીડર તરીકે સહદેવ યાદવ અને મુખ્ય મેડિકલ ઓફિસર તરીકે ડો. દિનશો પાર્ડીવાલા ભારતીય ટીમનું નેતૃત્વ કરશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે એશિયન ગેમ્સ માટે ટીમ જાહેર કરી દીધી છે. શ્રેયસ અય્યરની કપ્તાનીવાળી ટીમમાં યુવા ક્રિકેટર વૈભવ સૂર્યવંશીનો પણ સમાવેશ થાય છે. ભારતીય ટીમ 19 સપ્ટેમ્બરે સાનો માટે રવાના થશે. તેના બીજા દિવસે ટીમ પ્રેક્ટિસ સેશનમાં ભાગ લેશે.

# જાપાન ડૂબ્યું, એશિયન ગેમ્સના 10 દિવસ પહેલાં પૂર

## પાણી-પાણી થયું નાગોયા; બસ-મેટ્રો અટકી, રસ્તાઓ બંધ, 400 ખેલાડીઓને બચાવાયા; ભારતીય ટીમ્સ રવાના થવાની તૈયારીમાં






### મહિલા ક્રિકેટ ટીમ પહેલા પહોંચશે

હરમનપ્રીત કૌરની કપ્તાનીવાળી ભારતીય મહિલા ક્રિકેટ ટીમ દુબઈમાં એશિયા કપ રમ્યા બાદ 13 સપ્ટેમ્બરે ભારત પરત ફરશે અને 14 સપ્ટેમ્બરે નાગોયા માટે રવાના થશે.
મહિલા ટીમ એશિયન ગેમ્સમાં સીધા ક્વાર્ટર ફાઇનલથી અભિયાન શરૂ કરશે. તેનો પ્રથમ મુકાબલો 18 સપ્ટેમ્બરે થશે. મહિલાઓની આ ટુર્નામેન્ટ 22 સપ્ટેમ્બર સુધી ચાલશે.

### ગેમ્સમાં રહેવાની વ્યવસ્થા પર પણ વિવાદ હતો

આ પહેલા સમાચાર આવ્યા હતા કે BCCI અને PCB ગેમ્સના આયોજકોથી નારાજ છે. મીડિયા રિપોર્ટ્સમાં જણાવાયું હતું કે ખેલાડીઓને સ્ટેડિયમથી 20 કિમી દૂર નાના હોટલ રૂમમાં રોકવામાં આવ્યા છે, જ્યાં બેગ ખોલવા જેટલી પણ જગ્યા નથી. જ્યારે ડ્રેસિંગ રૂમ પાકા મકાનની જગ્યાએ ટેન્ટમાં બનેલા છે અને વોશરૂમ 500 મીટર દૂર છે.
આના પર JCAના CEO નાઓકી એલેક્સ મિયાજીએ કહ્યું હતું- 'અમે ક્રિકેટ ટીમને હોટલનો વિકલ્પ આપ્યો છે. જ્યારે અન્ય ઘણી રમતોના ખેલાડીઓ માટે ક્રુઝ શિપ અથવા કન્ટેનર હોટલ જેવી મર્યાદિત સુવિધાઓ છે.' તેમણે કહ્યું પ્લેયર એરિયામાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ રહેશે. મેદાન પર બનેલા ડ્રેસિંગ રૂમ ભલે અસ્થાયી હોય, પરંતુ તેમને એવી રીતે તૈયાર કરવામાં આવ્યા છે કે ખેલાડીઓ અને અધિકારીઓને પૂરો આરામ મળે.
પિચ અને આઉટફિલ્ડ ઓછા સમયમાં મર્યાદિત સંસાધનો વચ્ચે તૈયાર કરવામાં આવી છે. આ એશિયન ગેમ્સના ઈતિહાસમાં ક્રિકેટની સૌથી શ્રેષ્ઠ પ્લેઈંગ સરફેસ હશે. શ્રીલંકાના ક્યુરેટર્સની મદદથી અહીં ટર્ફ અને હાઈબ્રિડ પિચ તૈયાર કરવામાં આવી રહી છે.



# બાંગ્લાદેશ-વેસ્ટ ઈન્ડિઝ ટેસ્ટ સિરીઝનું શેડ્યૂલ જાહેર : 2 મેચની ટેસ્ટ સિરીઝ 28 ઓક્ટોબરથી; તે પહેલા વેસ્ટ ઈન્ડિઝ પ્રેક્ટિસ મેચ રમશે...

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે વેસ્ટ ઈન્ડિઝ સામે બે મેચની ટેસ્ટ સિરીઝનું શેડ્યૂલ જાહેર કર્યું છે. પ્રથમ ટેસ્ટ 28 ઓક્ટોબરથી મીરપુરના શેર-એ-બાંગ્લા નેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે, જ્યારે બીજી મેચ 5 નવેમ્બરથી સિલ્હટ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં યોજાશે.

બંને મેચ ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ના વર્તમાન સાયકલનો ભાગ હશે. ટેસ્ટ સિરીઝ પહેલાં, વેસ્ટ ઈન્ડિઝ 22 ઓક્ટોબરથી ત્રણ દિવસીય પ્રેક્ટિસ મેચ પણ રમશે.

બાંગ્લાદેશે તાજેતરમાં ઓસ્ટ્રેલિયા સામે બે મેચની ટેસ્ટ સિરીઝ ડ્રો કરી છે. આ પછી ટીમ WTC પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને પહોંચી ગઈ છે.

બાંગ્લાદેશે વર્તમાન WTC સાયકલમાં અત્યાર સુધીમાં 6 ટેસ્ટ મેચ રમી છે. જેમાં 3 જીત, 2 હાર અને એક ડ્રોનો સમાવેશ થાય છે. ટીમને આ પહેલા શ્રીલંકા સામે 0-1થી સિરીઝમાં હાર મળી હતી, જ્યારે પાકિસ્તાન સામેની ઘરઆંગણેની સિરીઝમાં બાંગ્લાદેશે 2-0થી જીત નોંધાવી હતી.

વેસ્ટ ઈન્ડિઝની ટીમ WTC પોઈન્ટ ટેબલમાં 8મા સ્થાને છે. ટીમે આ સાયકલમાં 12 ટેસ્ટ મેચ રમી છે, જેમાં તેને માત્ર 2 મેચમાં જીત મળી. 8 મેચમાં હાર અને 2 મેચ ડ્રો રહી છે.

WTCમાં 9 ટીમો શામેલ છે અને પાકિસ્તાન 9મા સ્થાને છે. આવા સમયે, બાંગ્લાદેશ સામેની આગામી સિરીઝ વેસ્ટ ઈન્ડીઝ માટે પોઈન્ટ મેળવવાની એક મહત્વપૂર્ણ તક હશે.

વેસ્ટ ઈન્ડીઝે છેલ્લા 12 ટેસ્ટ મેચમાંથી માત્ર 2 મેચ જીતી છે.

વેસ્ટ ઈન્ડીઝે WTCના વર્તમાન સાયકલની શરૂઆત સતત 5 હાર સાથે કરી હતી. ટીમને ઘરઆંગણે ઓસ્ટ્રેલિયા સામેની ત્રણ મેચની સિરીઝમાં 3-0થી હાર મળી. આ પછી, ભારત પ્રવાસ પર બે ટેસ્ટની સિરીઝમાં પણ વેસ્ટ ઈન્ડીઝને 2-0થી હારનો સામનો કરવો પડ્યો. ટીમે શ્રીલંકા સામેની ઘરઆંગણે સિરીઝમાં 1-0થી જીત નોંધાવીને પ્રથમ જીત હાંસલ કરી.

વેસ્ટ ઈન્ડિઝનું છેલ્લું ટેસ્ટ અસાઈનમેન્ટ પાકિસ્તાન સામે હતું. બે મેચની સિરીઝ 1-1થી ડ્રો રહી હતી.

22 ઓક્ટોબરથી પ્રેક્ટિસ મેચ રમશે વેસ્ટ ઈન્ડિઝ બાંગ્લાદેશ પ્રવાસ પર ટેસ્ટ સિરીઝ શરૂ થાય તે પહેલા વેસ્ટ ઈન્ડિઝ ત્રણ દિવસીય પ્રેક્ટિસ મેચ રમશે. આ મેચ 22 ઓક્ટોબરથી શરૂ થશે. ત્યારબાદ 28 ઓક્ટોબરથી મીરપુરમાં પ્રથમ ટેસ્ટ રમાશે. સિરીઝની બીજી ટેસ્ટ 5 નવેમ્બરથી સિલ્હટમાં રમાશે.

# ડિફેન્ડિંગ ચેમ્પિયન અલ્કારાઝ US ઓપનમાંથી બહાર

## અમેરિકાના બેન શેલ્ટને હરાવ્યા; ફ્રાન્સિસ ટિયાફો અને પેગુલા-સબાલેન્કા પણ અંતિમ-4માં...

(એજન્સી) નવી દિલ્હી । તા. 10t

ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ US ઓપનમાંથી બહાર થઈ ગયા છે. ન્યૂયોર્કના આર્થર એશ સ્ટેડિયમમાં રમાયેલી મેન્સ ક્વાર્ટરફાઈનલમાં અમેરિકન ખેલાડી બેન શેલ્ટને તેમને પાંચ સેટના મુકાબલામાં 6-7, 6-1, 6-3, 1-6, 7-6થી હરાવ્યા. આ પહેલા ફ્રાન્સિસ ટિયાફોએ એલેક્સ માઈકેલ્સનને પાંચ સેટમાં હરાવીને ત્રીજી વખત US ઓપન સેમિફાઈનલમાં સ્થાન બનાવ્યું હતું. હવે સેમિફાઈનલમાં ટિયાફોનો સામનો સ્વદેશી શેલ્ટન સામે થશે.
વુમન્સ સિંગલ્સમાં અમેરિકન ખેલાડી જેસિકા પેગુલાએ સ્વદેશી એમા નાવારોને 3-6, 6-4, 6-3થી હરાવીને સતત ત્રીજા વર્ષે US ઓપનની સેમિફાઈનલમાં સ્થાન બનાવ્યું. જ્યારે, વર્લ્ડ નંબર-1 આર્યના સબાલેન્કાએ લિન્ડા નોસ્કોવાને 7-6, 3-6, 7-6થી હરાવીને સતત છઠ્ઠી વખત અંતિમ-4માં પ્રવેશ કર્યો.બેન શેલ્ટને ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝને હરાવીને સેમિફાઈનલમાં સ્થાન બનાવી લીધું. શેલ્ટને પ્રથમ સેટ ટાઈબ્રેકરમાં ગુમાવ્યા પછી શાનદાર વાપસી કરી અને 4 કલાક 28 મિનિટ ચાલેલા મુકાબલાને નિર્ણાયક સેટના ટાઈબ્રેકરથી પોતાના નામે કર્યો.
પહેલા સેટમાં અલ્કારાઝે 5-4ની લીડ બનાવી, પરંતુ શેલ્ટને વાપસી કરીને સ્કોર બરાબર કર્યો અને સેટ ટાઈબ્રેકરમાં પહોંચ્યો. શેલ્ટન અહીં 5-3થી આગળ હતો, પરંતુ અલ્કારાઝે સતત ચાર પોઈન્ટ જીતીને ટાઈબ્રેકર 7-5થી પોતાના નામે કરી લીધો. આ પછી શેલ્ટને વાપસી કરી અને બીજા સેટમાં 6-1થી જીત મેળવી. ત્રીજા સેટમાં પણ તેણે દબાણ જાળવી રાખ્યું



અને 6-3થી જીતીને 2-1ની લીડ મેળવી લીધી. બીજા અને ત્રીજા સેટની વચ્ચે શેલ્ટને સતત નવ ગેમ જીતી. જોકે, અલ્કારાઝે ચોથા સેટમાં વાપસી કરતા 6-1થી જીત નોંધાવી અને મુકાબલાને નિર્ણાયક સેટમાં પહોંચાડી દીધો.
પાંચમા સેટમાં બંને ખેલાડીઓ વચ્ચે કાંટાની ટક્કર થઈ અને સેટ ટાઈબ્રેકર સુધી પહોંચ્યો, જ્યાં શેલ્ટને 10-7થી જીત નોંધાવીને મેચ પોતાના નામે કરી લીધી.

### ટિયાફોએ બે સેટથી પાછળ રહીને વાપસી શરૂ કરી

ટિયાફોની શરૂઆત સારી રહી ન હતી અને માઈકેલ્સને પ્રથમ બે સેટ 7-5, 6-3થી જીતી લીધા. ત્રીજા સેટમાં પણ માઈકેલ્સન 5-4થી આગળ હતા અને મેચ જીતવાની નજીક હતા. પરંતુ ટિયાફોએ તકનો લાભ લીધો અને સેટ 7-5થી જીતી લીધો.

આ પછી ચોથો સેટ 6-3થી જીતીને ટિયાફોએ મેચને નિર્ણાયક સેટમાં પહોંચાડી દીધી. પાંચમા સેટમાં માઈકેલ્સન 3-0થી આગળ થઈ ગયા, પરંતુ ટિયાફોએ વાપસી કરીને સ્કોર બરાબર કરી દીધો. આ પછી મેચ ટાઈબ્રેકર સુધી પહોંચી.

ટિયાફોએ અહીં 7-4ની લીડ બનાવી. માઈકેલસને બે પોઈન્ટ લીધા, પરંતુ ટિયાફોએ 135 માઈલ પ્રતિ કલાકની ઝડપે એસ લગાવીને લીડ ફરી મજબૂત કરી લીધી. તેમણે ટાઈબ્રેકર 10-6થી જીતીને 4 કલાક 38 મિનિટમાં મેચ પોતાના નામે કરી લીધી.

ટિયાફો ત્રીજી વખત US ઓપનની સેમિફાઈનલમાં પહોંચ્યા છે. આ પહેલા તેઓ 2022 અને 2024માં પણ અંતિમ-4માં પહોંચ્યા હતા.

હવે તેમનો સામનો ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ અને બેન શેલ્ટનના ક્વાર્ટરફાઈનલના વિજેતા સામે થશે. ટિયાફો 2022માં સેમિફાઈનલમાં અલ્કારાઝ સામે અને 2024માં ટેલર ફ્રિટ્ઝ સામે હારી ચૂક્યા છે.

ટિયાફો આન્દ્રે અગાસી પછી 2001થી ત્રણ વખત US ઓપન સેમિફાઈનલમાં પહોંચનાર બીજા અમેરિકી મેન્સ ખેલાડી બની ગયા છે. આ જીત સાથે તેઓ ત્રણ વર્ષ પછી પહેલીવાર આગામી રેન્કિંગમાં ટોપ-10માં પાછા ફરશે.

બીજી તરફ, 46મી રેન્કિંગ ધરાવતા માઈકેલ્સનનો પાંચ સેટની મેચોમાં રેકોર્ડ હવે 0-6 થઈ ગયો છે. આ તેમનો પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ક્વાર્ટરફાઈનલ હતો. હાર બાદ માઈકેલ્સન ભાવુક, ટિયાફો તેમને ભેટ્યા

મુકાબલો સમાપ્ત થયા બાદ 22 વર્ષીય માઈકેલ્સન ભાવુક થઈ ગયા. ટિયાફો તેમની પાસે પહોંચ્યા અને તેમણે અમેરિકી ખેલાડીને ભેટીને સંભાળ્યા.

માઈકેલ્સને સ્વીકાર્યું કે ત્રીજા સેટમાં 5-4 પર તક ગુમાવ્યા બાદ ટિયાફોએ પોતાની રમત બદલી નાખી. તેમના મતે, ત્યારબાદ મુકાબલો સંપૂર્ણપણે સંઘર્ષમાં બદલાઈ ગયો.

વુમન્સ સિંગલ્સના રમાયેલા ક્વાર્ટરફાઈનલમાં જેસિકા પેગુલાએ હમવતન એમા નવારોને 3-6, 6-4, 6-3થી હરાવીને સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું. આર્થર એશ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં નવારોએ પહેલો સેટ 6-3થી જીતીને લીડ બનાવી. બીજા સેટમાં 4-4ના સ્કોર પર પેગુલાએ તક બનાવી અને સેટ 6-4થી જીતીને મેચ બરાબર કરી દીધી.

# રોહિત-કોહલીના 2027 વર્લ્ડ કપ રમવા પર નેહરા બોલ્યા...

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

રોહિત શર્મા અને વિરાટ કોહલીના 2027 વનડે વર્લ્ડ કપ રમવા અંગે પૂર્વ ભારતીય બોલર આશિષ નેહરાએ કહ્યું કે વર્લ્ડ કપ લગભગ 13 મહિના દૂર છે. આ સમયે એ કહેવું ખૂબ મુશ્કેલ છે કે બંને ખેલાડીઓ ટુર્નામેન્ટમાં હશે કે નહીં.
ભારત વર્લ્ડ કપ પહેલા વનડે ફોર્મેટમાં ઓછા મેચ રમશે. આવી સ્થિતિમાં, દરેક સિરીઝ વચ્ચે લાંબા અંતરાલને કારણે રોહિત અને કોહલીના વનડે ભવિષ્ય પર ચર્ચા થઈ રહી છે. 2027નો વર્લ્ડ કપ સાઉથ આફ્રિકામાં યોજાવાનો છે.
નેહરાએ કોલકાતામાં ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળના વાર્ષિક પુરસ્કાર સમારોહમાં કહ્યું કે ભારતીય ક્રિકેટ ઝડપથી બદલાઈ રહ્યું છે. તેથી મોટા ખેલાડીઓ પણ પોતાની જગ્યાને પાકી ન માની શકે.



નેહરાએ પોતાની વાત સમજાવવા માટે ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલનું ઉદાહરણ આપ્યું. ગિલ ટેસ્ટ અને વનડેમાં ભારતીય ટીમની યોજનાઓનો મહત્વનો ભાગ છે, પરંતુ વર્તમાન T-20 ટીમમાં તેને સ્થાન મળ્યું નથી.
નેહરાએ કહ્યું- 'આપણે ગિલ અને બુમરાહની વાત કરીએ છીએ, પરંતુ શુભમન પણ T-20 ટીમમાં નથી. જે રીતે ક્રિકેટ આગળ વધી રહ્યું છે, તે ઝડપી ગતિવાળું છે અને ઘણા ફોર્મેટ આવી રહ્યા છે.'
તેમણે કહ્યું- 'જો બંને સતત રન બનાવે છે તો તેમને વર્લ્ડ કપની રેસમાંથી બહાર કરી શકાય નહીં. પરંતુ જો તમે કે હું કોચ હોત, તો પણ આ ફક્ત મારો નિર્ણય ન હોત. BCCIમાં સિલેક્ટર્સ અને અન્ય લોકો પણ નિર્ણયમાં સામેલ હોય છે.'

# ઈસ્ટ ઝોને 13 વર્ષ બાદ રચ્યો ઈતિહાસ, ઈશાન કિશનના નેતૃત્વમાં સાઉથ ઝોનને હરાવી દુલિપ ટ્રોફી જીતી

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

ઈસ્ટ ઝોને પાછલા 12 સેશનમાં પોતાના દબદબાને 13 વર્ષ બાદ દિલીપ ટ્રોફીની જીતમાં પરિવર્તિત કર્યો છે. ગુરુવારે ફાઈનલના પાંચમા અને આખરી દિવસે, તેમણે પ્રથમ ઈનિંગ્સમાં મળેલી ભારે લીડના દમ પર સાઉથ ઝોનને હરાવી દીધું હતું. ઈસ્ટ ઝોને પોતાની બીજી ઈનિંગ્સમાં 7 વિકેટે 388 રન બનાવ્યા, જેનાથી તેમની કુલ લીડ 760 રન થઈ ગઈ હતી. જોકે મેચ ડ્રો પર સમાપ્ત થઈ હતી. મોહમ્મદ કૌનીયન કુરેશીએ આ મેચમાં અણનમ 116 રન બનાવીને શતક ફટકારનારા ખેલાડીઓની યાદીમાં સ્થાન મેળવ્યું છે. આ તેમના 2 મેચોના ફર્સ્ટ-ક્લાસ કરિયરનું પ્રથમ શતક હતું.
કુરેશીએ સાતમી વિકેટ માટે અનુકુલ રોય (64) સાથે 150 રનની ભાગીદારી નોંધાવી હતી. ઈસ્ટ ઝોને પોતાની પ્રથમ ઈનિંગ્સમાં 708 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જેનાથી તેમને 372 રનની લીડ મળી હતી. કેપ્ટન ઈશાન કિશને પ્રથમ ઈનિંગ્સમાં શાનદાર 270 રન બનાવીને રેડ-બૉલ ક્રિકેટ માટે પોતાની તૈયારી સાબિત કરી હતી. આ ઉપરાંત, અનુભવી મોહમ્મદ શમી, જે પોતાની 100મી ફર્સ્ટ-ક્લાસ મેચ રમી રહ્યા હતા, તેમણે શાનદાર પ્રદર્શન કરીને અનેક યુવા ખેલાડીઓનું માર્ગદર્શન કર્યું હતું. કુમાર કુશાગ્રે પોતાનું છઠ્ઠું ફર્સ્ટ-ક્લાસ શતક ફટકાર્યું હતું, જ્યારે શિખર મોહને સંયમિત અર્ધશતક નોંધાવ્યું હતું.
મેચ બાદ કેપ્ટન ઈશાન કિશને પોતાની રણનીતિ વિશે જણાવ્યું હતું કે જ્યારે ટીમ પાસે મોટો સ્કોર હોય ત્યારે મુખ્ય ઉદ્દેશ્ય સામેવાળી ટીમના 10 વિકેટ ઝડપીને પ્રથમ ઈનિંગ્સમાં લીડ મેળવવાનો હોય છે. કાળઝાળ ગરમીમાં વારંવાર મેદાન પર ઊતરવા કરતાં પ્રથમ ઈનિંગ્સની લીડના આધારે ટાઈટલ જીતવાની આ રણનીતિ અત્યંત સફળ સાબિત થઈ. સાઉથ ઝોન ટીમની નબળી પસંદગી અને સિરાજ સિવાયના અન્ય બોલરોનો સાથ ન મળવાને કારણે તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. આ વિજય સાથે ઈસ્ટ ઝોને લાંબા સમય બાદ ટ્રોફી પર કબજો જમાવીને શાનદાર સફળતા મેળવી છે.

### વિમાન સાથે ડ્રોન ટકરાવાનું હતું, મોલ્દોવાથી ઉડાન ભરતી વખતે બની ઘટના; નોર્વેનાં વડાપ્રધાનનો ખુલાસો

# માંડ માંડ બચ્યા યુક્રેનનાં રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી



(એજન્સી) ઓસ્લો/કિવ | તા. 10

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીનું વિમાન મંગળવારે મોલ્દોવાથી ઉડાન ભરતી વખતે ડ્રોન હુમલાનો ભોગ બનતા બચી ગયું. નોર્વેના વડાપ્રધાન જોનાસ ગહર સ્ટોરેએ બુધવારે સરકારી ટીવી સાથેની વાતચીતમાં આ દાવો કર્યો.

સ્ટોરેના મતે ઝેલેન્સકીનું વિમાન મોલ્દોવાથી ઉડાન ભરવાની તૈયારીમાં જ હતું, ત્યારે જ એક ડ્રોન તેની નજીક આવી ગયું. જોકે, તેમણે ડ્રોનની દૂરી અને માહિતીના સ્ત્રોતનો ખુલાસો કર્યો ન હતો. ઝેલેન્સકી નોર્વેના રાજા હેરાલ્ડ પાંચમાના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા ઓસ્લો જઈ રહ્યા હતા. ડ્રોન એલર્ટને કારણે તેમની ઉડાનમાં વિલંબ થયો.

બાદમાં મોલ્દોવાના અધિકારીઓએ દેશમાં એક રશિયન ડ્રોન પડવાની પુષ્ટિ કરી અને ઝેલેન્સકીના વિમાનને ઉડાન ભરવાની મંજૂરી આપી.

ઝેલેન્સકીનું વિમાન મોલ્દોવાના ચિસિનાઉ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઊભું હતું. ડ્રોનની ચેતવણી મળ્યા બાદ એરસ્પેસ બંધ કરી દેવામાં આવ્યું હતું. AP અનુસાર, બાદમાં ડ્રોન એરપોર્ટથી લગભગ 160 કિલોમીટર દૂર પડીને નષ્ટ થઈ ગયું. મોલ્દોવા દ્વારા ડ્રોનને રશિયન ગણાવવામાં આવ્યું છે. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે ડ્રોનને જાણીજોઈને ઝેલેન્સકીના વિમાનને નિશાન બનાવવા માટે મોકલવામાં આવ્યું હતું કે તે કોઈ અન્ય લક્ષ્ય તરફ જઈ રહ્યું હતું.

મોલ્દોવાના રાજદૂત બોલ્યા- ડ્રોનનું ઘૂસણખોરી માત્ર સંયોગ નથી અમેરિકામાં મોલ્દોવાના રાજદૂત વ્લાદિસ્લાવ કુલમિન્સ્કીએ CNN સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ડ્રોન ભૂલથી મોલ્દોવામાં ઘૂસી જવાની શક્યતા ઓછી છે.

તેમણે કહ્યું કે ઝેલેન્સકીનું વિમાન તે જ સમયે એરપોર્ટ પર ઊભું હોય અને તે જ સમયે એક જેટ-પ્રોપેલ્ડ ડ્રોન મોલ્દોવામાં પ્રવેશે, તેને માત્ર સંયોગ માનવું મુશ્કેલ છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ડ્રોનને ઝેલેન્સકીના વિમાનને નિશાન બનાવવા માટે મોકલવામાં આવ્યું હતું, ત્યારે કુલમિન્સ્કીએ કહ્યું કે કેસની તપાસ ચાલી રહી છે અને અત્યારે આ વિશે કંઈપણ કહેવું ઉતાવળભર્યું હશે. મોલ્દોવાના રાષ્ટ્રપતિ માયા સાન્દુએ ડ્રોનના દેશમાં ઘૂસવાની ઘટનાને લોકોના જીવ માટે ગંભીર ખતરો ગણાવ્યો.

તેમણે યુક્રેનની સરહદ પર આવેલા એક બોર્ડર ક્રોસિંગ પર થયેલા રશિયન ડ્રોન હુમલાની પણ નિંદા કરી. મંગળવારે થયેલા આ હુમલામાં બે લોકોના મોત થયા હતા.

## લગ્નમાં દુલ્હને 8 કરોડનું સોનું પહેર્યું!

### મહેમાનોની આંખો ચમકી ગઈ: 5 કિલો સોનું પહેરેલી દુલ્હન, શાહી લગ્નનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પોલીસ વરરાજાને ઉઠાવી ગઈ



(એજન્સી) તુર્કી | તા. 10

લગ્નમાં સજેલી દુલ્હને જ્યારે લગભગ 8 કરોડ રૂપિયાનું સોનું પહેર્યું ત્યારે દરેકની નજર તેના પર જ રહી. આ શાહી લગ્નનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો અને દુલ્હનના ઘરેણાંની ખૂબ ચર્ચા થવા લાગી. પરંતુ વીડિયો વાયરલ થયા પછી મામલો અચાનક પલટાઈ ગયો અને પોલીસે વરરાજાની ધરપકડ કરી લીધી. આખરે કરોડોના ઘરેણાંવાળા આ લગ્નનો પોલીસ કાર્યવાહી સાથે શું સંબંધ છે, તેને લઈને લોકો સવાલ પૂછી રહ્યા છે.

તુર્કીમાં સોશિયલ મીડિયા પર ચર્ચિત નામ 'વાનલી કારા હૈદર'નું અસલી નામ મેહમેટ ફાતિહ ટાંચાલન જણાવવામાં આવે છે. થોડા દિવસ પહેલા તેમને સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી એક પોસ્ટ સંબંધિત મામલામાં ધરપકડ કરવામાં આવી હતી. હવે તેમની પત્ની અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ala z (ચાગલા ઓઝ)ને પણ ઈસ્તંબુલમાં પોલીસે કસ્ટડીમાં લીધી છે. આ કાર્યવાહી તેમના પતિ વિરુદ્ધ ચાલી રહેલી તપાસના સંબંધમાં થઈ છે. પતિ-પત્ની બંને પોલીસની તપાસના ઘેરામાં આવ્યા પછી આ મામલો ફરી ચર્ચામાં છે.

કોણ છે ala z સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે અને તેમને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર તરીકે ઓળખવામાં આવે છે. તેમના લગ્ન મેહમત ફાતિહ તાંચાલન સાથે થયા છે. બંનેના લગ્ન તે સમયે ખૂબ ચર્ચામાં આવ્યા હતા, જ્યારે લગ્નમાં મોટી માત્રામાં સોનું, વિદેશી ચલણ અને રૂપિયા બતાવવામાં આવ્યા હતા. રિપોર્ટ મુજબ, તેમના લગ્નમાં લગભગ 44 મિલિયન ટર્કિશ લીરા એટલે કે લગભગ 8.64 કરોડ રૂપિયાની કિંમતના ઘરેણાં અને અન્ય વસ્તુઓ હોવાનું સામે આવ્યું હતું. આ જ કારણોસર લગ્નની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થયા હતા.

તુર્કીની Szc (સોઝ્કુ) વેબસાઈટ અનુસાર, મેહમત ફાતિહ તાંચાલન વિરુદ્ધ ચાલી રહેલી તપાસમાં પોલીસ અને અધિકારીઓની નજર માત્ર સોશિયલ મીડિયા પોસ્ટ પર નથી. હવે તેમની અને તેમની પત્નીની સંપત્તિ સંબંધિત પાસાઓની પણ તપાસ કરવામાં આવી રહી છે. તપાસમાં એ જોવામાં આવી રહ્યું છે કે તેમની પાસે રહેલી સંપત્તિ, સોનું, વિદેશી ચલણ અને લગ્નમાં મળેલી મોંઘી વસ્તુઓનો સ્ત્રોત શું હતો. ખાસ કરીને સોશિયલ મીડિયા પર દેખાતી તેમની લક્ઝરી લાઈફસ્ટાઈલ અને લગ્નમાં દર્શાવવામાં આવેલી મોટી માત્રામાં જ્વેલરીને લઈને સવાલો ઉભા થયા છે.

ala zની અટકાયત પહેલા તેમના પતિ મેહમત ફાતિહ તાંચાલનની ધરપકડ કરવામાં આવી હતી. તેમને 'ગુનામાંથી મેળવેલી સંપત્તિને કાયદેસર બનાવવી' એટલે કે ગુનામાંથી મેળવેલી સંપત્તિને છુપાવીને અથવા અન્ય કોઈ રીતે કાયદેસર દર્શાવવા સંબંધિત આરોપના કેસમાં કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ કોર્ટે તેમને જેલમાં ધકેલવાનો નિર્ણય કર્યો. હવે આ જ તપાસ આગળ વધ્યા પછી તેમની પત્ની ala z પણ તપાસના ઘેરામાં આવી ગઈ છે.

## ન્યૂઝ બ્રીફ

### નવી દિલ્હીમાં BRICS સમિટ પૂર્વે ભવ્ય તૈયારીઓ

નવી દિલ્હી | નવી દિલ્હીમાં BRICS સમિટ પહેલાં દિલ્હીને પોસ્ટરો અને રોશનીથી શણગારવામાં આવ્યું છે. રાજધાનીના ઘણા વિસ્તારો તહેવાર જેવા દેખાઈ રહ્યા છે. BRICS સમિટ 12 અને 13 સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીના ભારત મંડપમમાં યોજાવાની છે. આ વર્ષની સત્તાવાર થીમ "બિલ્ડિંગ ફોર રેઝિલિયન્સ, ઈનોવેશન, કોઓપરેશન એન્ડ સસ્ટેનેબિલિટી" છે. દિલ્હી ટ્રાફિક પોલીસે સમિટ માટે ટ્રાફિક પ્લાન તૈયાર કર્યો છે. VIP કાફલાઓની અવરજવર દરમિયાન 22 ડાયવર્ઝન પોઈન્ટ અને 35થી વધુ રસ્તાઓ પર ટ્રાફિકને નિયંત્રિત અથવા ડાયવર્ટ કરવામાં આવશે. આ ઉપરાંત, સંમેલનને ધ્યાનમાં રાખીને દિલ્હી હાઈકોર્ટ અને તમામ જિલ્લા અદાલતો 11 સપ્ટેમ્બરના રોજ બંધ રહેશે. ટ્રાયલ કોર્ટમાં 12 સપ્ટેમ્બરના રોજ પણ રજા રહેશે. આ રીતે દિલ્હીની તમામ નીચલી અદાલતોમાં 11, 12 અને 13 સપ્ટેમ્બર એટલે કે શુક્રવારથી રવિવાર સુધી સતત 3 દિવસ કામકાજ થશે નહીં. MCD અને કેન્દ્ર સરકારની તમામ ઓફિસો પણ 11 સપ્ટેમ્બરના રોજ બંધ રહેશે. ફક્ત હોસ્પિટલ, સફાઈ અને કટોકટી સેવાઓ ચાલુ રહેશે. સમિટમાં રાષ્ટ્રાધ્યક્ષો, વિદેશી પ્રતિનિધિઓ, આંતરરાષ્ટ્રીય સંગઠનોના વડાઓ અને અન્ય મોટા અધિકારીઓ ભાગ લેશે. દિલ્હી ટ્રાફિક પોલીસનું કહેવું છે કે વિદેશી પ્રતિનિધિઓની અવરજવર સરળ રાખવા અને સામાન્ય લોકોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે માટે સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા લાગુ કરવામાં આવી રહી છે.

### જર્મનીના સેક્સોની-આનહાલ્ટમાં સપ્ટેમ્બર 2026ની ચૂંટણીમાં અલ્ટરનેટિવ ફોર જર્મની (AfD) એ મોટી જીત મેળવી

જર્મની | જર્મનીના સેક્સોની-આનહાલ્ટમાં સપ્ટેમ્બર 2026ની ચૂંટણીમાં અલ્ટરનેટિવ ફોર જર્મની (AfD) એ મોટી જીત મેળવી છે. બીજા વિશ્વ યુદ્ધ પછી આ પહેલો પ્રસંગ છે, જ્યારે જર્મનીમાં કોઈ જમણેરી પક્ષ કોઈ રાજ્યમાં સત્તાની નજીક પહોંચ્યો છે.

AfD અન્ય દેશોમાંથી આવીને જર્મનીમાં વસેલા લોકો અને સમલૈંગિક લગ્ન વિરુદ્ધ કડક વલણ માટે જાણીતી છે. પરંતુ આ પક્ષની વાર્તામાં એક વાત સૌથી વધુ ચોંકાવનારી છે.

AfDના ચીફ એલિસ વીડલ પોતે લેસ્બિયન છે. તેમના પાર્ટનર શ્રીલંકામાં જન્મ્યા છે. એટલે કે, જે પક્ષની નીતિઓ સમલૈંગિક લગ્ન અને પ્રવાસીઓ વિરુદ્ધ છે, તે જ પક્ષના સૌથી શક્તિશાળી નેતાનું અંગત જીવન આનાથી બિલકુલ અલગ છે.

જર્મનીમાં AfDના વધતા પ્રભાવ પાછળ વીડલનો મોટો હાથ માનવામાં આવે છે. તેમની રાજનીતિને સમજવા માટે એ જાણવું જરૂરી છે કે આખરે એલિસ વીડલ કોણ છે અને તે આવા પક્ષનો ચહેરો કેવી રીતે બન્યા, જેની વિચારસરણી તેમના પોતાના જીવનથી બિલકુલ અલગ છે? જર્મન અખબાર ડાય વેલ્ટ અનુસાર વીડલનું બાળપણ એવા વાતાવરણમાં વીત્યું, જ્યાં રાજકારણ વિશે ઘણી ચર્ચા થતી હતી.

### અમેરિકી થિંક ટેન્કના રિપોર્ટમાં દાવો, નવી મિસાઈલો સાથે સમુદ્રમાં બનાવી રહ્યું છે 'ન્યુક્લિયર કવચ'

# ભારત પાસે 190 પરમાણુ હથિયારો



(એજન્સી) નવી દિલ્હી | તા. 10

ભારત પાસે લગભગ 190 પરમાણુ હથિયારો છે. આમાંથી લગભગ 30 હથિયારો એવી નવી મિસાઈલો માટે છે, જેને બનાવવાનું હજુ ચાલી રહ્યું છે. અમેરિકાના ફેડરેશન ઓફ અમેરિકન સાયન્ટિસ્ટ્સ (FAS)ના રિપોર્ટમાં આ અનુમાન સામે આવ્યું છે. સંસ્થાએ આ આંકડો સાર્વજનિક સ્ત્રોતો, સરકારી માહિતી અને સેટેલાઈટ તસવીરોના વિશ્લેષણના આધારે તૈયાર કર્યો છે.

બુધવારે પ્રકાશિત થયેલા 'ઈન્ડિયાઝ ન્યુક્લિયર વેપન્સ-2026' હેડિંગવાળા એક લેખમાં, FAS ન્યુક્લિયર ઈન્ફોર્મેશન પ્રોજેક્ટના નિર્દેશક હેન્સ ક્રિસ્ટનસને જણાવ્યું હતું કે ભારત પાસે ઓપરેશન લોન્ચર્સ માટે 160થી વધુ હથિયારો છે. લેખમાં એ પણ કહેવામાં આવ્યું છે કે ભારતે હાલના વર્ષોમાં તેના પરમાણુ ભંડારનું આધુનિકીકરણ ચાલુ રાખ્યું છે.

140 થી 225 પરમાણુ હથિયારો માટે પૂરતું પ્લુટોનિયમ લેખમાં કહેવામાં આવ્યું છે કે, અમારો અંદાજ છે કે ભારતે 140 થી 225 પરમાણુ હથિયારો માટે પૂરતા પ્લુટોનિયમનું ઉત્પાદન કર્યું હશે. 190 હથિયારો સુધી એસેમ્બલ કર્યા હશે. નવા વિકસાવવામાં આવી રહેલા વેપન સિસ્ટમ્સ માટે દેશનો વોરહેડ ભંડાર સંભવતઃ વધુ વધશે.

લેખ અનુસાર, હાલના વર્ષોમાં ઘણી નવી વેપન સિસ્ટમ્સ તૈનાત કરવામાં આવી છે, જ્યારે હાલના ન્યુક્લિયર કેપેબલ એરક્રાફ્ટ, લેન્ડ બેઝ્ડ ડિલિવરી સિસ્ટમ અને સી બેઝ્ડ સિસ્ટમ્સને રિપ્લેસ કરવા માટે વધુ વોરહેડ્સ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જમીન સાથે સમુદ્રમાં પણ વધી રહી છે તાકાત

ભારતનું પરમાણુ કવચ હવે સમુદ્રમાં પણ મજબૂત થઈ રહ્યું છે. પરમાણુ સબમરીન INS અરિધમાન એપ્રિલ 2026માં નૌકાદળમાં સામેલ થઈ. FAS અનુસાર, તેમાં 8 મિસાઈલ ટ્યુબ છે, જ્યારે INS અરિહંત અને INS અરિઘાતમાં 4-4 ટ્યુબ છે. આવી જ એક વધુ સબમરીન 2027માં સામેલ થવાની યોજના જણાવવામાં આવી છે. આગળ S5 શ્રેણીની વધુ મોટી પરમાણુ સબમરીનની તૈયારી પણ ચાલી રહી છે.

2026ની શરૂઆત સુધીમાં, ઈન્ટરનેશનલ પેનલ ઓન ફિસાઈલ મટિરિયલ્સ (IPFM) એ અંદાજ લગાવ્યો હતો કે ભારતે લગભગ 730 કિલોગ્રામ, (વત્તા/ઓછા 170 કિલોગ્રામ) હથિયાર-ગ્રેડ પ્લુટોનિયમનું ઉત્પાદન કર્યું છે. લેખમાં જણાવાયું છે કે, પ્રતિ હથિયાર લગભગ ચાર કિલોગ્રામ પ્લુટોનિયમ માનીને, આ સૈદ્ધાંતિક રીતે 140 થી 225 પરમાણુ હથિયારો બનાવવા માટે પૂરતું છે.

રિપોર્ટ મુજબ, ભારતે 1998માં પોખરણ પરમાણુ પરીક્ષણો પછી 'પહેલા ઉપયોગ નહીં કરવા' (નો-ફર્સ્ટ-યુઝ)ની નીતિ અપનાવી હતી અને તેનું પાલન કરવાનું ચાલુ રાખ્યું છે. દુનિયાના 9 દેશો પાસે કુલ 12,187 પરમાણુ હથિયારો

ભારતે પહેલીવાર 12 પરમાણુ હથિયારો મોરચે તૈનાત કર્યા છે. દેશનો પરમાણુ હથિયારોનો ભંડાર પણ 180 થી વધીને 190 થઈ ગયો છે. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPRI) ના હાલના અહેવાલમાં આ જણાવવામાં આવ્યું છે.




## 'વિચારું છું કે કોકરોચ બની જાઉં' : બેંકોને 14,000 કરોડ પાછા આપ્યા, છતાં પણ ભાગેડુ કહે છે

(એજન્સી) લંડન | તા. 10

લંડનમાં રહેતા ઉદ્યોગપતિ વિજય માલ્યાએ બુધવારે મોડી રાત્રે ફરીથી ભારત સરકાર પર અન્યાયનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે બ્રિટનમાં ચાલી રહેલી કાનૂની પ્રક્રિયાને કારણે હું ભારત પાછો ફરી શકતો નથી. માલ્યાએ દાવો કર્યો કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ બોમ્બે હાઈકોર્ટમાં દાખલ કરેલા સોગંદનામામાં તેમની પાસેથી 14,000 કરોડ રૂપિયાથી વધુની વસૂલાતની વાત સ્વીકારી છે. આ રકમ તે બેંકોને આપવામાં આવી હતી, જેના પૈસા તેમના પર બાકી બોલતા હતા. માલ્યાએ બુધવારે મોડી રાત્રે પણ X પર ઘણી પોસ્ટ કરી. તેમાં તેમણે હાલના કોકરોચ જનતા પાર્ટી (CJP) ના પ્રદર્શનોનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તેમની સાથે હજુ પણ અન્યાય થઈ રહ્યો છે. વિજયે એક પોસ્ટમાં એમ પણ કહ્યું, 'મારી સાથે થઈ રહેલા અન્યાયને જોતા મને લાગે છે કે મારે કોકરોચ બની જવું જોઈએ. કદાચ કોકરોચ બનીને હું વધુ સારું જીવન જીવી શકું.' વિજય માલ્યા પર હવે બંધ થઈ ગયેલી કિંગફિશર એરલાઈન્સ માટે SBI સહિત અનેક બેંકો પાસેથી લીધેલા 9,000 કરોડના લોન ડિફોલ્ટનો આરોપ છે.

માલ્યાએ પોતાની સામે ચાલી રહેલા કેસોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'હું ફરીથી કહેવા માંગુ છું કે સૌથી ખતરનાક ગણાતી ગુનાહિત એજન્સી EDએ કોર્ટમાં દાખલ કરેલા સોગંદનામામાં પુષ્ટિ કરી છે કે તેણે 2021માં બેંકોને 14,000 કરોડ રૂપિયાથી વધુ આપ્યા હતા. જો તમે મારી વાત પર વિશ્વાસ ન કરતા હો તો તેને ભૂલી જાઓ. EDએ જે કહ્યું છે, તેના પર ધ્યાન આપો.'

માલ્યાએ મંગળવારની પોતાની પોસ્ટનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તેઓ ભાગેડુ નથી અને બ્રિટનની કાનૂની પ્રક્રિયાએ તેમને ભારત પાછા ફરતા રોકી રાખ્યા છે.

## અમેરિકામાં પણ રેવડી!:ટ્રમ્પે કહ્યું-જો મિડટર્મ ચૂંટણી જીતીશ તો દરેક મતદારને ₹5-5 લાખ આપીશ, ₹128 લાખ કરોડ ખર્ચ કરવા પડશે...

(એજન્સી) વોશિંગ્ટન | તા. 10

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે જો નવેમ્બરની મિડટર્મ ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટી પ્રતિનિધિ સભા અને સેનેટ બંનેમાં બહુમતી જાળવી રાખશે, તો દરેક (પુખ્ત વયના) અમેરિકનને 5000 ડોલર (લગભગ 4.76 લાખ રૂપિયા) આપવામાં આવશે. ડલાસમાં રિપબ્લિકન કન્વેન્શનમાં ટ્રમ્પે કહ્યું, "જો રિપબ્લિકન પ્રતિનિધિ સભા એટલે કે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ અને સેનેટ બંનેમાં જીતશે, તો તમને 5000 ડોલર મળશે." તેમણે તેને 'ટ્રમ્પ ડિવિડન્ડ' નામ આપ્યું અને કહ્યું કે આ અમેરિકાની "આર્થિક તાકાત અને સફળતા"ને કારણે આપવામાં આવશે.

ટ્રમ્પે કહ્યું કે ડિવિડન્ડની રકમ અમેરિકામાં જ ખર્ચ કરવી પડશે. જોકે, તેમણે એ જણાવ્યું ન હતું કે આ માટે પૈસા ક્યાંથી આવશે, ચુકવણીનો વ્યાપ શું હશે અને રકમ કઈ રીતે વહેંચવામાં આવશે. અમેરિકામાં લગભગ 26.98 કરોડ પુખ્ત વયના લોકો છે. જો દરેકને 5,000 ડોલર આપવામાં આવે તો કુલ ખર્ચ લગભગ 1.35 ટ્રિલિયન ડોલર એટલે કે 128.25 લાખ કરોડ રૂપિયા થશે. આ રકમ પાકિસ્તાનની સમગ્ર અર્થવ્યવસ્થા કરતાં લગભગ 3.3 ગણી વધારે છે. વિશ્વ બેંકના 2025ના આંકડા મુજબ પાકિસ્તાનની GDP લગભગ 407.3 અબજ ડોલર એટલે કે 38.69 લાખ કરોડ છે.

દરેક પુખ્ત અમેરિકનને 5,000 ડોલર આપવાની યોજના પર સરકારને 1 ટ્રિલિયન ડોલરથી વધુ ખર્ચ કરવો પડશે. તેને લાગુ કરવા માટે કોંગ્રેસની મંજૂરી જરૂરી રહેશે. આ પ્રસ્તાવ એવા સમયે આવ્યો છે, જ્યારે અમેરિકાની વાર્ષિક બજેટ ખાધ લગભગ 1.8 ટ્રિલિયન ડોલર છે. આટલી મોટી રકમ વહેંચવાથી સરકારી ખાધ અને મોંઘવારી અંગે ચિંતા વધી શકે છે.

અમેરિકાનું રાષ્ટ્રીય દેવું ગયા મહિને પહેલીવાર 40 ટ્રિલિયન ડોલરને પાર પહોંચી ગયું. ટ્રમ્પની જાહેરાતના લગભગ એક કલાક પછી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે કહ્યું કે ડિવિડન્ડનો લાભ ધનિક લોકોને નહીં મળે. વેન્સે સંકેત આપ્યો કે આ ચુકવણી માટે સરકારને મળતા ટેરિફ રેવન્યુનો ઉપયોગ કરી શકાય છે. જોકે, ટેરિફમાંથી મળતી રકમ 5,000 ડોલર પ્રતિ પુખ્ત વયના વ્યક્તિ દીઠ ચુકવણીના અંદાજિત ખર્ચ કરતાં ઘણી ઓછી છે. વ્હાઈટ હાઉસે યોજનાના ખર્ચ, પાત્રતા અને ચુકવણીની પ્રક્રિયા અંગે પૂછવામાં આવેલા પ્રશ્નોનો તાત્કાલિક જવાબ આપ્યો નથી.

ટ્રમ્પ પહેલા પણ સીધા ચુકવણીનો પ્રસ્તાવ મૂકી ચૂક્યા છે ટ્રમ્પ આ પહેલા પણ અમેરિકી નાગરિકોને સીધા પૈસા આપવાની વાત કરી ચૂક્યા છે. આ વર્ષની શરૂઆતમાં તેમણે 2,000 ડોલરના ડિવિડન્ડનો પ્રસ્તાવ મૂક્યો હતો. તે સમયે તેમણે કહ્યું હતું કે આ માટે કોંગ્રેસની મંજૂરી જરૂરી નહીં હોય.

ગયા વર્ષે ટ્રમ્પે અમેરિકી સૈનિકોને 1,776 ડોલર ચૂકવ્યા હતા, જેને તેમણે 'વોરિયર ડિવિડન્ડ' કહ્યું હતું. રિપબ્લિકન સેનેટર બર્ની મોરેનોએ ટ્રમ્પની જાહેરાત પછી કહ્યું કે તેઓ 3 નવેમ્બરની ચૂંટણીના તરત જ પછી 'ટ્રમ્પ ડિવિડન્ડ' લાગુ કરવા માટે બિલ તૈયાર કરશે.

### PM મોદી-જિનપિંગની દ્વિપક્ષીય બેઠક શક્ય; 2019માં ચીનનાં રાષ્ટ્રપતિ ભારત આવ્યા હતા

# ગલવાન હિંસા પછી BRICS સમિટમાં આવી શકે છે જિનપિંગ

(એજન્સી) નવી દિલ્હી | તા. 10

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ BRICS શિખર સંમેલનમાં ભાગ લેવા ભારત આવી શકે છે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય બેઠક થવાની સંભાવના છે.

જો આ બેઠક યોજાય છે, તો જૂન 2020માં થયેલી ગલવાન હિંસા પછી બંને નેતાઓની ભારતમાં આ પ્રથમ દ્વિપક્ષીય વાતચીત હશે. પૂર્વ લદ્દાખની ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણમાં 20 ભારતીય સૈનિકો શહીદ થયા હતા. ચીને બાદમાં તેના 4 સૈનિકોના મોતની વાત સ્વીકારી હતી. બંને દેશોએ હજુ સુધી બેઠકની સત્તાવાર પુષ્ટિ કરી નથી. જિનપિંગ છેલ્લીવાર 2019માં ભારત આવ્યા



હતા. ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલ 24 ઓગસ્ટે ચીન ગયા હતા. ત્યાં 25 ઓગસ્ટે તેમણે ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે સરહદી વિવાદ સહિત અનેક મુદ્દાઓ પર વાતચીત કરી હતી. સરહદી વિવાદ સહિત અનેક મુદ્દાઓ ભારતના એજન્ડામાં ભારત અને ચીન વચ્ચે માત્ર સીમા વિવાદ જ નહીં, પરંતુ વેપાર અને આર્થિક સંબંધો પણ વાતચીતનો એક ભાગ છે. ભારત ચીન સાથેની પોતાની મોટી વેપાર ખાધ ઘટાડવા માંગે છે. આ ઉપરાંત, રેર અર્થ મેગ્નેટ અને ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ જેવા જરૂરી સામાનના સપ્લાયને લઈને પણ ભારત પોતાની નિર્ભરતા ઓછી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

BRICS સમિટની અધ્યક્ષતા કરી રહ્યું છે ભારત આ વર્ષે BRICSની કમાન ભારત પાસે છે. BRICS દુનિયાની મોટી ઉભરતી અર્થવ્યવસ્થાઓનું સમૂહ છે. તેમાં ભારત, રશિયા, ચીન, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાની સાથે ઈજિપ્ત, ઈરાન, ઈથોપિયા, UAE અને ઈન્ડોનેશિયા પણ સામેલ છે.

ભારતની અધ્યક્ષતામાં આખા વર્ષ દરમિયાન અલગ-અલગ શહેરોમાં બેઠકો, મંત્રીસ્તરીય સંમેલનો અને અનેક સ્તરની ચર્ચાઓ થઈ રહી છે. ભારતનું ધ્યાન ગ્લોબલ સાઉથનો અવાજ મજબૂત કરવા, આર્થિક સહયોગ, ઊર્જા સુરક્ષા, ડિજિટલ ટેકનોલોજી, આતંકવાદનો સામનો કરવા અને સપ્લાય ચેઈન મજબૂત કરવા પર છે. એટલે કે BRICS ને માત્ર રાજકીય મંચ નહીં, પરંતુ વેપાર, રોકાણ અને વિકાસના મોટા મંચ તરીકે આગળ વધારવાનો પ્રયાસ છે.

## મસ્ક પર ડોક્યુમેન્ટરી, પૂર્વ પત્નીના આરોપ-મહિલાઓને બાળકો પેદા કરવાનું મશીન માને છે

(એજન્સી)ન્યૂયોર્ક | . 10

વેનિસ ફિલ્મ ફેસ્ટિવલમાં ઓસ્કર વિજેતા નિર્દેશક એલેક્સ ગિબ્નીની લગભગ ચાર કલાક લાંબી ડોક્યુમેન્ટરીએ ઈલોન મસ્કની કહાનીને અલગ દૃષ્ટિકોણથી રજૂ કરી છે. ફિલ્મમાં મસ્કની પૂર્વ પત્ની, પૂર્વ ગર્લફ્રેન્ડ અને જૂના સહયોગીઓએ તેમના વર્તન, વિચાર અને સત્તા પ્રત્યેના વલણને લઈને ઘણા દાવા કર્યા છે. ડોક્યુમેન્ટરીની કહાની1990ના દાયકાથી શરૂ થાય છે, જ્યારે મસ્ક મહત્વાકાંક્ષી ઉદ્યોગપતિ તરીકે આગળ વધી રહ્યા હતા. તે સમયે તેમના લક્ષ્યો આબોહવા સંકટ સામે લડવું અને અવકાશ યાત્રાને સસ્તી બનાવવી જેવા વિચારો સાથે જોડાયેલા હતા. જોકે, ગિબ્નીનો દાવો છે કે સમય જતાં મસ્કની મહત્વાકાંક્ષા એવી સ્થિતિમાં પહોંચી ગઈ, જ્યાં તેમણે પોતાના લક્ષ્યોને નૈતિકતા અને કાયદાથી ઉપર રાખવાનું શરૂ કરી દીધું. ફિલ્મમાં મંગળ પર કોલોની બનાવવા અને ઓટોનોમસ કાર જેવા મસ્કના વચનો પર પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. ગિબ્નીનો દાવો છે કે આ વચનો રોકાણકારોને આકર્ષવા અને મસ્કની છબી મજબૂત કરવાનું સાધન બની ગયા.

ગિબ્ની કહે છે, "લોકો માની લે છે કે અત્યંત ધનિક વ્યક્તિ માથા ફરેલો ન હોઈ શકે. પરંતુ સાચી ચિંતા ત્યારે થાય છે, જ્યારે કોઈ વ્યક્તિ અત્યંત ધનિક અને શક્તિશાળી હોવા ઉપરાંત અસામાન્ય વિચારસરણી પણ ધરાવતો હોય."

મસ્કના નજીકના ન્યુરોસાયન્ટિસ્ટ સેમ હેરિસ કહે છે, "જનતા દ્વારા ચૂંટાયા વગરના વ્યક્તિ પાસે આટલી શક્તિ હોવી ખતરનાક છે, કારણ કે તેની અસર રાજકારણ, અર્થતંત્ર અને વૈશ્વિક સમીકરણો પર પડે છે."

ડોક્યુમેન્ટરીમાં મસ્કની પ્રથમ પત્ની જસ્ટિન વિલ્સનનો દાવો છે કે મસ્ક મહિલાઓને બાળકો પેદા કરનાર મશીન તરીકે જુએ છે. તેમના મતે, મસ્ક માને છે.

# હિમાચલમાં બે ટનલ ખુલતાં લેહ-લદ્દાખનો પ્રવાસ બનશે વધુ સરળ

(એજન્સી) નવી દિલ્હી | તા.10

દિલ્હી એનસીઆર સહિત દેશભરમાંથી હિમાચલ પ્રદેશ અને લદ્દાખ ફરવા જતા લોકો માટે સારા સમાચાર છે. હિમાચલ પ્રદેશમાં બે મહત્વની ટનલ 11 સપ્ટેમ્બરથી સામાન્ય લોકો માટે ખોલવામાં આવી રહી છે. આ ટનલ નેશનલ હાઈવે-3 (NH-03)ના પંડોહ-ટકોલી સેક્શનમાં બનાવવામાં આવી છે. ટનલ શરૂ થયા બાદ મંડી અને કુલ્લુ સહિત લેહ-લદ્દાખ સુધીનો પ્રવાસ વધુ સરળ બનશે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આ અંગે જાહેરાત કરી છે.હાલ હિમાચલ પ્રદેશના મંડીથી કુલ્લુ પહોંચવામાં લગભગ બે કલાક લાગે છે. નવી ટનલ શરૂ થયા બાદ આ પ્રવાસનો સમય ઘટીને લગભગ એક કલાક થઈ જશે. તેનાથી મુસાફરોને ટ્રાફિક જામ, સાંકડા વળાંકો અને લેન્ડસ્લાઈડવાળા વિસ્તારોમાંથી પસાર થવામાં મોટી રાહત મળશે. નીતિન ગડકરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે NH-03ના પંડોહ-ટકોલી સેક્શનમાં કનેક્ટિવિટીમાં મોટો ફેરફાર થશે અને 11 સપ્ટેમ્બર 2026ના રોજ દેવોડ અને હનોગીની મોટી ટનલ ખોલવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળ બે ટનલ બનાવવામાં આવી છે. આ ટનલ શરૂ થયા બાદ અગાઉનો લગભગ 6 કિલોમીટર લાંબો વળાંકવાળો અને જોખમી પહાડી રસ્તો ઘટીને માત્ર 3.5 કિલોમીટર જેટલો થઈ જશે.1. દેવોડ ટનલ (T4-01): 2.8 કિલોમીટર લાંબી, 2. હનોગી ટનલ (T4-02): 650 મીટર લાંબી. જોગણી માતા મંદિર, દેવોડ અને હનોગી વિસ્તાર લાંબા સમયથી ટ્રાફિક જામ માટે જાણીતા છે. ખાસ કરીને ટુરિસ્ટ સિઝનમાં અહીં વાહનો એકથી બે કલાક સુધી અટવાઈ જતા હતા. નવી ટનલ શરૂ થયા બાદ આ વિસ્તારોમાં થતા ટ્રાફિક જામથી કાયમી રાહત મળવાની આશા છે. આ રસ્તો માત્ર હિમાચલના પર્યટન સ્થળો માટે જ મહત્વનો નથી, પરંતુ લેહ-લદ્દાખ જતા લોકો માટે પણ ખૂબ ઉપયોગી છે. ટનલ શરૂ થયા બાદ મનાલી જતા





# દાદાની જમીન પર પૌત્રનો અધિકાર હોય કે નહીં?, રાજસ્થાન હાઈકોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

**રાજસ્થાન હાઈકોર્ટે જમીન સંબંધિત મહત્ત્વપૂર્ણ નિર્ણયમાં જણાવ્યું કે, દાદાની વસિયત વિનાની મિલકત પુત્રને મળે તો તે તેની અંગત મિલકત ગણાશે. જેસલમેરના 75 વીઘા જમીનના કેસમાં, ખેતારામે પિતા ચુતરા રામ પાસેથી મળેલી જમીન વેચતા, તેમના પુત્ર દેવારામે વાંધો ઉઠાવ્યો હતો. કોર્ટે સ્પષ્ટ કર્યું કે, પૌત્ર દાદાની જમીન પર જન્મસિદ્ધ હક દર્શાવી શકશે નહીં, કારણ કે પિતાના જીવતેજીવ તે મિલકત વેચવા સામે વાંધો લઈ શકાય નહીં.**

(એજન્સી) રાજસ્થાન | તા.10

પિતાના જીવિત હોવા છતાં શું પૌત્ર દાદાની જમીન કે મિલકત પર પોતાનો હક દર્શાવી શકે? રાજસ્થાન હાઈકોર્ટે જમીન સંબંધિત એક અત્યંત મહત્ત્વપૂર્ણ કેસની સુનાવણી કરતી વખતે આ અંગે મોટો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે માત્ર દાદાની મિલકત હોવાના આધારે જ પૌત્ર તેના પર પોતાનો જન્મસિદ્ધ કે પેતૃક અધિકાર દર્શાવી શકતો નથી. જો દાદાનું અવસાન વસિયતનામું (વિલ) બનાવ્યા વિના થાય અને તેમની સંપત્તિ 'હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ, 1956'ની કલમ 8 હેઠળ પ્રથમ વર્ગના વારસદારોને મળે, તો પુત્રના હિસ્સામાં આવેલી જમીન તેની અંગત મિલકત ગણાશે. આવી સ્થિતિમાં પિતાના જીવતેજીવ પુત્ર કે પૌત્ર તે મિલકત વેચવા સામે કોઈ વાંધો ઉઠાવી શકે નહીં. આ કેસ રાજસ્થાનના જેસલમેર સ્થિત 75 વીઘા જમીન સાથે જોડાયેલો છે. રાજસ્થાન લેન્ડ રેવેન્યુ એક્ટ 1956 હેઠળ સરકાર દ્વારા આ જમીન ચુતરા રામ નામના વ્યક્તિને ફાળવવામાં આવી હતી. 24 એપ્રિલ 2004ના રોજ ચુતરા રામનું કોઈ પણ વસિયતનામું કર્યા વગર નિધન થયું હતું. તેમના અવસાન બાદ આ જમીન તેમના ત્રણ પુત્રો ખેતારામ, રામારામ અને લચ્છુરામ વચ્ચે સરખા ભાગે વહેંચાઈ ગઈ હતી. દાદાના અવસાનના આશરે 21 વર્ષ પછી, 17 એપ્રિલ 2025ના રોજ ખેતારામે પોતાના ભાઈઓ સાથે મળીને આ જમીન મધ્ય પ્રદેશના એક ખરીદદારને વેચી દીધી હતી. ખેતારામના પુત્ર દેવારામે આ વેચાણનો વિરોધ કર્યો હતો અને દાવો કર્યો હતો કે જમીનમાં તેનો પણ 1/9 મો ભાગ છે અને તેની મંજૂરી વિના જમીન વેચી શકાય નહીં. આ મામલો રાજસ્થાન હાઈકોર્ટ પહોંચ્યો હતો, પરંતુ 20 ઓગસ્ટ 2026ના રોજ હાઈકોર્ટે દેવારામની અપીલ ફગાવી દીધી હતી. હાઈકોર્ટ સમક્ષ મુખ્ય પ્રશ્ન એ હતો કે શું ચુતરા રામની આ જમીન તેમના પૌત્ર દેવારામ માટે પેતૃક સંપત્તિ ગણાય કે નહીં. કોર્ટે નોંધ્યું કે દેવારામ એ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો હતો કે આ જમીન હિન્દુ અવિભક્ત પરિવાર (HUF)ની મિલકત હતી અથવા ચુતરા રામે તેને HUFના કર્તા તરીકે રાખી હતી. માત્ર પરિવારમાં જમીન દાદા પાસેથી પિતા અને પછી પુત્ર પાસે આવવાથી તે આપોઆપ પેતૃક સંપત્તિ બની જતી નથી. જો કલમ 8 હેઠળ મિલકત પુત્રને મળે છે, તો તે તેને પોતાની વ્યક્તિગત ક્ષમતામાં પ્રાપ્ત થાય છે. તેથી પિતા ખેતારામના જીવતેજીવ દેવારામ તે હિસ્સા પર પોતાનો જન્મસિદ્ધ અધિકાર બતાવી શકે નહીં. સુનાવણી દરમિયાન દેવારામે એવી દલીલ પણ કરી હતી કે જ્યારે તેના દાદાનું અવસાન થયું ત્યારે તે સગીર હતો. જોકે, કોર્ટે આ દલીલ પણ ફગાવી દીધી હતી. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે વારસદારનું સગીર હોવું એ વારસાઈ હક ખૂલવાની કે મિલકત કાનૂની રીતે વારસદારોને ટ્રાન્સફર થવાની પ્રક્રિયાને બદલી શકતું નથી. રાજસ્થાન હાઈકોર્ટના આ કાનૂની નિર્ણય પરથી સ્પષ્ટ થાય છે કે દાદા પાસેથી પિતાને મળેલી દરેક મિલકત પૌત્ર માટે પેતૃક સંપત્તિ હોતી નથી. જો પિતાને આ સંપત્તિ કલમ 8 મુજબ મળી હોય અને તે HUF સાબિત ન થઈ હોય, તો પિતા તેના પૂર્ણ માલિક ગણાય છે. આ કિસ્સામાં કોર્ટે સુપ્રીમ કોર્ટના ઉત્તમ વિ. સૌભાગ સિંહ (2016)ના ચૂકાદાના સિદ્ધાંતોનો પણ સંદર્ભ આપ્યો હતો. વધુમાં, કૃષિ જમીનમાં ખાતેદારી અધિકાર માટે મહેસૂલી અદાલતની ભૂમિકા મહત્ત્વની હોય છે, જ્યારે દેવારામે અગાઉ મહેસૂલી કોર્ટમાંથી પોતાનો ખાતેદારી અધિકાર પણ જાહેર કરાવ્યો ન હોવાથી તેની સિવિલ અરજી કોર્ટમાં ટકી શકી નહોતી.






સિટી એક્સપ્રેસ
FRIDAY 11 SEPTEMBER-2026
AHMEDABAD

## બોડકદેવના વેપારી સાથે ઓનલાઈન ફ્રોડ

અમદાવાદ | થલતેજ ખાતે એક્સપોર્ટનો વ્યવસાય સંભાળતા 54 વર્ષીય વેપારી સાથે સાયબર ઠગાઈની એક ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. સોશિયલ મીડિયા પર દેખાતી લોભામણી જાહેરાતો કેવી રીતે જોખમી સાબિત થઈ શકે છે તેનું આ તાજું ઉદાહરણ છે. Youtube પર HSBC બેંકના ક્રેડિટ કાર્ડની એક આકર્ષક જાહેરાત જોઈને તેના પર ક્લિક કરવું વેપારીને ભારે પડી ગયું છે. સાયબર ઠગોએ બેંક અધિકારી તરીકેની ખોટી ઓળખ આપીને વોટ્સએપ વિડીયો કોલના માધ્યમથી ક્રેડિટ કાર્ડની ખાનગી માહિતી મેળવી લીધી અને ગણતરીના કલાકોમાં જ ખાતામાંથી 10,23,782 રૂપિયા સેરવી લીધા.

## MCA ભણેલા વેપારી પણ સાયબર ઠગની જાળમાં ફસાયા

અમદાવાદ | અમદાવાદના મણીનગર વિસ્તારમાં રહેતા એમસીએ થયેલા વેપારીને ગેસ બિલ બાકી હોવાના બહાને શિકાર બનાવી સાયબર ગઠિયાએ 1.30 લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. ભેજાબાજે અદાણી ગેસના નામે વોટ્સએપ મેસેજ કરી કનેક્શન કાપી નાખવાની ધમકી આપી ભોગ બનનારના ફોનમાં એપીકે (APK) ફાઈલ ઈન્સ્ટોલ કરાવીને બેન્ક ખાતામાંથી નાણાં સેરવી લીધા હતા. આ મામલે વેપારીએ મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. મેસેજમાં જણાવવામાં આવ્યું હતું કે તમારું અદાણી ગેસનું બિલ અપડેટ થયું નથી, જેથી રાત્રે 10 વાગ્યે કનેક્શન કાપી નાખવામાં આવશે.



